કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત




મૈત્રેય

(સાતમી સદીની કોરિયાની કાંસ્યપ્રતિમા)

પૂર્વ એશિયામાં કોરિયાનું ભૌગોલિક સ્થાન બહુ પ્રાચીન કાળથી અનેક દૃષ્ટિએ મહત્ત્વનું રહ્યું છે. સદીઓથી ચીન જાપાન જેવા દેશો એના પર પ્રભાવ પાડવા મથતા રહેલા એ સ્વાભાવિક છે. ઈ.સ. પૂર્વે પહેલી સદીમાં ચીનના હાનવંશી રાજાએ ઉત્તર કોરિયામાં પોતાનું લશ્કરી થાણું પણ સ્થાપેલું. ત્યાર બાદ ત્રણ કોરિયન રાજ્યોનું સમગ્ર કોરિયા પર વર્ચસ્વ રહ્યું અને સાતમી સદીમાં સિલ્લ (Silla) સામ્રાજ્ય રચાતાં આ ત્રણે રાજ્યો એમાં વિલીન થઈ ગયાં. આ નવા શાસનમાં કોરિયામાં બૌદ્ધધર્મપ્રભાવ વધતો જઈ ત્યાં અનેક સુંદર બૌદ્ધ મંદિરો અને મઠ રચાયાં. ચીનની અસર છતાં આગવાં એવાં સુંદર બૌદ્ધ શિલ્પોનું ત્યારે ત્યાં વિપુલ સર્જન થયું. એ સાતમી સદીની આ એક કલારત્ન સમી કાંસ્યપ્રતિમા છે.

વર્ષ ત્રેપનમું · અંક ત્રીજો
માર્ચ · ૧૯૭૬



વનમાં (ચિત્રકાર · બિહારીલાલ બારભૈયા) આભને ટેકો દેતાં હોય એવાં સીધાં ઊંચાં થડ અને એના પર હાથ આંબે
શાખાઓવાળાં સાલ વૃક્ષ જ્યાં હોય ત્યાં જૂથમાં જ જોવા મળે. (જુઓ આ અંકમાં અન્યત્ર એનો પરિચય.) અને
પણ આગવું. અહીં ચિત્રકારને પણ એ સ્પર્શી ગયું છે. એ વૃક્ષોની ગીચતા અને એની વચ્ચે દેખાતી થોડીઘણી ખુલ્લી
નાના ચિત્રપટમાં પણ અજબ ઊંડાણ દર્શાવ્યું છે. વળી, બહુ યોગ્ય સ્થાને મૂકેલી સ્ત્રીઓ ચિત્રમાં પ્રાણ પૂરે છે. ન
આરંભી એના લંબાવેલા હાથ પરથી આગળ બીજી સ્ત્રીના પગ પાસેથી તેના દેહ પર ઊંચે ચડાવીને એ સ્ત્રીના હાથમાં પક
થી ત્રીજી સ્ત્રીની સાથે ચિત્રકાર આપણી નજરને વૃક્ષોની વચ્ચે ઘુમાવીને ઊંડે સુધી દોરી જાય છે. ચિત્રપટમાં આલેખનથ
રાખેલો પ્રત્યેક ભાગ એકબીજાને પૂરક બની રહે છે. ચિત્રકારનું આ જ તો ખરું કલાકૌશલ છે.

કુમાર

માર્ચ ૧૯૭૬ • અંક ૬૨૭

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

દુર્લભ આહત સિક્કા

પ્રાચીન ભારતના આહત પ્રકારના સિક્કાઓ વિષે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ ('કુમાર'–ઑગસ્ટ–સપ્ટેમ્બર) કરેલા વિદ્વત્તાપૂર્ણ વિવરણના અનુસંધાનમાં આ સાથે હું આહત સિક્કાઓ પ્રસ્તુત કરું છું. આ ફોટોગ્રાફમાં દર્શાવેલા ત્રણે પ્રકારના સિક્કા ભિન્નભિન્ન દષ્ટિએ આગવી વિશેષતા ધરાવે છે. આ સિક્કાઓ સદંતર અલભ્ય તો નહિ, પણ દુર્લભ જરૂર છે.

(૧) પ્રસ્તુત ફોટોગ્રાફમાં દર્શાવેલો સિક્કો નં. ૧) ૮૨ ગ્રેઈન વજન ધરાવે છે. આહત સિક્કાઓનું વજનપ્રમાણ ૫૮·૫૬ ગ્રેઈન હોવાનું જનરલ કનિંગહામ જણાવે છે. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે અભ્યાસ કરેલા ૨૦૦૦ આહત સિક્કાઓમાંથી ફક્ત ૧૦ સિક્કા જ ૫૫·૬ ગ્રેઈનના અને માત્ર એક જ સિક્કો ૫૬·૫ ગ્રેઈન વજનના જણાયા હતા. આહત સિક્કાઓના વિશેષજ્ઞ ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્તાએ અમરાવતીમાંથી પ્રાપ્ત થએલા ૭૬૬૮ આહત સિક્કાઓ પર સંશોધન કરતાં જણાવ્યું છે કે માત્ર એક જ સિક્કો ૫૮·૭૫ ગ્રેઈન, બે સિક્કા ૫૭·૫૦ ગ્રેઈન, ૨૨ સિક્કા ૫૬ ગ્રેઈન, ૯૪ સિક્કા ૫૫ ગ્રેઈન અને બાકીના ૫૧ થી ૫૪ ગ્રેઈન વજન દર્શાવે છે. પ્રમાણિત વજન (૫૮·૫૬ ગ્રેઈન)-માંથી આ ઘટાડો સમય અને વપરાશને કારણે થયો છે તે દેખીતું છે.

(૨) સિક્કા નં. ૨) અને નં. ૩) સરેરાશ વજન ૫·૪ ગ્રેઈન ધરાવે છે. જો સમય અને વપરાશને કારણે થએલા ઘસારાને આપણે લક્ષમાં લઈએ તો ૫·૪ ગ્રેઈન વજનના નાના સિક્કા એ મોટા ૫૪ ગ્રેઈન વજનના સિક્કાનો દશાંશ થાય. મેં પ્રસ્તુત કરેલ નાના આહત સિક્કાનો ઉલ્લેખ ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્તા લિખિત 'Amaravati Hoard of Silver Punch-Marked Coins'માં નથી, તેમનું એ પુસ્તક તેમણે ૭૬૬૮ સિક્કાઓ પર કરેલા સંશોધનનો જ્ઞાનગ્રંથ છે. કુલ ૭૬૬૮ સિક્કાઓમાં સૌથી ઓછા વજનનો સિક્કો ૩૮·૭૮ ગ્રેઈનનો છે. પણ તેનું ઓછું વજન અત્યંત ઘસારાથી થએલા ક્ષયને કારણે છે. એમનો બીજો એક સિક્કો ૨૨·૫૩ ગ્રેઈનનો છે, તે તો મુખ્ય સિક્કાનો તૂટેલો ભાગ છે. એટલે એ જાણવું રસપ્રદ થશે કે મેં રજૂ કરેલો સિક્કો પૂર્ણ ચલણનો દશાંશ (1/10 small denomination) છે.



અગ્રેજ તજ્જ્ઞ જેઈમ્સ ઍલન તેમના પુસ્તક 'Coins of Ancient India Catalogue of Coins in British Museum'માં આહત સિક્કાનું આંશિક ચલણ રજૂ કરે છે તેમાં સૌથી નાનો સિક્કો ૧૨·૯ ગ્રેઈનનો છે. જોકે તે સિક્કો તો ભિન્ન પ્રકારનો છે, મેં પ્રસ્તુત કરેલા ૫·૪ ગ્રેઈનના સિક્કાના જ પ્રકારનો અધિકાંશ (bigger denomination) ૨૫·૬ ગ્રેઈન વજનનો શ્રી ઍલને રજૂ કર્યો છે, જે મુખ્ય ચલણનો લગભગ અધોશ થાય છે. અહીં પ્રસ્તુત સિક્કાનું ચિહ્ન સ્પષ્ટ નથી પણ ઍલન તેને 'Cat-like animal on a hill' તરીકે ઓળખાવે છે અને જણાવે છે કે ઉત્તર–પશ્ચિમ ભારત તેનું ઉદ્ભવસ્થાન છે. જનરલ કનિંગહામના અંગત સંગ્રહમાંનો આવો જ સિક્કો મથુરામાંથી પ્રાપ્ત થએલો હતો.

(૩) સિક્કો નં. ૪) ગ્લોબ્યુલ પ્રકારનો, ૭૯ ગ્રેઈન વજનનો છે. તેનો ઉલ્લેખ ડૉ. ગુપ્તાએ તેમના ઉપર્યુક્ત પુસ્તકમાં કર્યો છે. અર્થાત્ કે આ પ્રકારના આહત સિક્કા ચાંદીના પતરામાંથી નહિ પણ પીગાળેલી ચાંદીધાતુના મણકાઓ ટીપીને બનાવ્યા છે. ડૉ. ગુપ્તા લખે છે કે 'The thickness of the coins varies between 0·02 to 0·125 inches and is in relation with the size. The broad coins are thin and small coins are thick.' મેં પ્રસ્તુત કરેલો સિક્કો જેની જાડાઈ 0·9 ઇંચ છે તે હકીકતમાં મોટો અને જાડો છે (broad and thick), નહિ કે ડૉ. ગુપ્તાના મંતવ્ય પ્રમાણે નાનો ને જાડો (small & thick).

ઉપર દર્શાવેલ સિક્કાઓ તેમના પ્રકાર અને કક્ષા પ્રમાણે વજન, અંશ (denomination) અને જાડાઈની દષ્ટિએ વિશેષતા ધરાવે છે, તેથી તે તદ્દન અલભ્ય તો નહિ પણ દુર્લભ તો અવશ્ય છે એમ કહી શકાય.

(મુંબાઈ) —જગદીશ ગાંધી

સપ્તમીયુક્ત અષ્ટમી

ઑક્ટોબર '૭૫ના અંકમાં 'આપણા વ્રત-ઉત્સવો' એ વિભાગ તળે મહાષ્ટમીનો પરિચય લેખ ખૂબ ગમ્યો. પણ 'સાતમના વેધવાળી આઠમ તો હમેશાં ત્યાજ્ય જ ગણવી......' એવી શાસ્ત્રીય વાત છેડેલી જોઈને આ પત્ર લખવાનું મન થયું છે. નવરાત્રિની આઠમ સપ્તમીના વેધવાળી જ કરવી એવું વિધાન નીચેનાં અવતરણોમાં છે :

मद्रायां मद्रकाल्याश्च मध्ये स्यादर्चनक्रिया।
तस्माद्ध सप्तमीविद्धा कार्या दुर्गाष्टमीबुधैः॥

સપ્તમીના મધ્યમાં ભદ્રકાલીનું પૂજન કરવું. સુજ્ઞજનોએ સદા દુર્ગાષ્ટમી સપ્તમીવિદ્ધા કરવી.

(मोहचूलोत्तर)

अश्विनस्य सिताष्टम्यामर्धरात्रे तु पार्ऽर्ती।
मद्रकाली समुत्पन्ना पूर्वाषाढा समायुता॥

આસો સુદ આઠમની અર્ધરાત્રિએ પૂર્વાષાઢાના યોગમાં ભદ્રકાલી ઉત્પન્ન થયાં હતાં.

तत्राष्टम्यां मद्रकाली दक्षयज्ञविनाशिनी।
प्रादुर्भूता महाघोरा योगिनी कोटिमिः सह॥

દક્ષયજ્ઞનો વિનાશ કરનાર મહાઘોર ભદ્રકાલી કરોડો યોગિનીઓની સાથે અર્ધરાત્રિની વ્યાપ્તિવાળી અષ્ટમીમાં પ્રકટ થયાં હતાં.

(ब्रह्मपुराण)

महाष्टम्याश्विने मासि शुक्ला कल्याणकारिणी।
सप्तम्यापि युता कार्या मूलेन तु विशेषतः॥

આશ્વિન માસના શુક્લ પક્ષની કલ્યાણ કરનારી મહાષ્ટમી, ખાસ કરીને જો મૂલ નક્ષત્રથી યુક્ત હોય તો સપ્તમીના યોગવાળી જ કરવી.

(मदनरत्न)

यदाष्टमीं तु सम्प्राप्य ह्यस्तं याति दिवाकरः!
तत्र दुर्गोत्सवं कुर्यान्न कुर्यादपरेहनि॥

જે દિવસે સૂર્યાસ્ત સમયે આઠમ હોય તે દિવસે જ દુર્ગાપૂજાનો વિધિ કરવો. પણ પછીના દિવસે કરવો નહિ.

उत्तरास्तिथयो यत्र क्षयं यान्ति नराधिप।
पूर्वाष्टमी तदा कुर्यादन्यथा त्वशुमं मवेत्॥

હે રાજા, જ્યારે પાછલી તિથિ ક્ષય પામતી હોય ત્યારે આગળની તિથિવાળી (સાતમવાળી) અષ્ટમી લેવી, નહિતર અશુભ થાય.

(दुर्गोत्सव)

(વીરમગામ) —ચન્દ્રકાન્ત મોતીલાલ શુક્લ

પલનીમાં કાર્તિકેય

ઑક્ટોબર અંકમાં 'ગુજરાતમાં કલાનાં પગરણ' લેખમાં પૂ. શ્રી રવિભાઈ તેમના 'પલની' વિષેના ફકરામાં ટેકરી ઉપર ગોમટેશ્વરની મૂર્તિ હોવાનું લખે છે તે બરાબર નથી. બે વર્ષ પર હું પલની ગયો હતો. ત્યાં તો ઊંચા પહાડ ઉપર કાર્તિકેયનું મંદિર છે. કાર્તિકેયનાં મંદિરોમાં આ મુખ્ય છે. પગથિયાં ચડીને ઉપર જવાય છે. વિન્ચ (ઇલેક્ટ્રિક દોરડાંથી ખેંચાતી બે ડબ્બાની ટ્રેઈન) પણ જાય છે. ટેકરી ૪૫૦ ફીટ ઊંચી છે ને ઉપર ચડવાનાં પગથિયાંની સંખ્યા ૬૫૯ છે. ટોચ પરના મંદિરમાં કાર્તિકેયની સુંદર મૂર્તિ છે. કહેવાય છે કે તે નવ જુદાંજુદાં ખનિજોમાંથી બનાવેલી છે અને તેનું ચરણામૃત એક ઔષધિ ગણાય છે. તેનાથી અસાધ્ય રોગો સારા થયાનાં પ્રમાણ મળે છે. તમને સ્મરણ હોય તો તમને બતાવેલા મારા દક્ષિણ ભારતના સ્કેચોમાં મોરના એક સુંદર શિલ્પનો સ્કેચ હતો, તે પલનીનો વિખ્યાત મોર છે. મોર કાર્તિકેયનું વાહન છે. એટલે એ લેખમાં ગોમટેશ્વર પલનીમાં હોવાનો ઉલ્લેખ છે તે સરતચૂક લાગે છે.

(વારાણસી) —વાસુદેવ સ્માર્ત

[* આપની વાત સાચી છે. ગોમટેશ્વરની મૂર્તિ તો શ્રવણ બેળગોળાની ટેકરી ઉપર છે. લેખકનું ધ્યાન ખેંચતાં વૃદ્ધાવસ્થા ને બીમારી જનિત સ્મૃતિદોષને કારણે એ બે ટેકરીઓ પરની મૂર્તિ સંબંધે ગોટાળો થયાનું જણાવે છે.]

અંગ્રેજી સાહિત્યનું આચમન

'કુમાર'માં નિયમિત પ્રકટ થતી લેખમાળા 'અંગ્રેજી સાહિત્યનું આચમન'–ડૉ. મધુસૂદન પારેખની કલમનો હું ચાહક છું. ઘરમાં વસાવવા જેવી આ લેખમાળા બાબત પૂછવાનું કે આજ સુધી રજૂ થએલા ખંડ ૪ના અંકો મળી શકે ખરા? એ બધાં પ્રકરણો પુસ્તક આકારે પ્રકટ થયાં હોય તો હું ખરીદવા માગું છું. પ્રાપ્તિસ્થાન ને કિંમત જણાવવા વિનંતિ છે.

(મુલુંદ—મુંબાઇ) —રજની કોઠારી

[*આ લેખમાળા 'કુમાર'માં આવતી જાય છે તેની સાથોસાથ પુસ્તક રૂપે પણ છપાતી જાય છે અને હવે થોડા સમયમાં મિલ્ટન સુધીની હકીક્ત આવશે ત્યાં સુધીના એક ભાગ રૂપે કુમાર કાર્યાલય તરફથી બહાર પડશે.]

પ્રાચીન સિક્કા

કેટલાક માસથી 'કુમાર'માં પ્રાચીન સિક્કાઓ વિષે જે લેખમાળા આવે છે તે વાંચતાં આનંદ થાય છે. તે માટે ખરેખર આપને તથા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીને અભિનંદન આપું છું,

(વડોદરા) —ભાસ્કરરાય લા. માંકડ

થોડાં સૂચનો

વાચકો લખે છે: અંક ૬૨૩ પૃ. ૪૭૯ પર શ્રી પ્રાણજીવન ખત્રી (ફદેપુર)નાં બે સૂચનોને મારો પણ સાથ છે. 'પુરાતત્ત્વ' વિષેની ચર્ચા સંક્ષિપ્ત–નવનીત રૂપે આપો તો સારું.

બીજુ સૂચન: 'કુમાર'ના અંકો સંગ્રાહ્ય છે તેમાં તો બે મત છે જ નહિ. તદ્ઉપરાન્ત રેફરન્સ–એનસાઇક્લોપીડિયા–જેવું 'કુમાર', તેના કાગળો અવશ્ય સારા હોવા જોઈએ. તો જે તે સંગ્રહમાં વધુ સારી રીતે સચવાઈ શકે. કાગળની મોંઘવારી તેમજ તે મેળવવાની મુશ્કેલી, સરકારી નિયંત્રણો અને તેમાંની કારવાઈ વગેરે માથાદુઃખણું જરૂર ડશે. છતાં જો શ્રી પ્રાણજીવનભાઈએ લખ્યું તેમ ૧–૨ રૂ. વધારો લઈ 'કુમાર' સારા કાગળમાં છપાઈવાળું જોઈતું હોય તો મળે તેવી ગોઠવણ અવશ્ય આવકારપાત્ર છે. હું તો ૧–૨ રૂ. કરતાં ૨–૪ રૂ. વધુ માટે કહું, 'કુમાર'ને જે ભાઈઓ સંગ્રાહ્ય માને છે તે તો આ વધારો ખુશીથી આવકારશે. એમ માનું છું. આ કાર્યમાં રૂ. આ. પાઈની કોઈ કિંમત નથી. રૂ. બે-પાંચ તો જરૂર હળવા ગણાશે.

પ્રાચીન સિક્કા વિષે ગુજરાતીમાં આવું એક પણ વિશ્વસનીય, વિસ્તૃત અને તજ્જ્ઞને હસ્તે લખાયેલ લેખમાળા કે પુસ્તક નથી તો તે લેખમાળા શક્ય તેટલી પૂરી વિગતે લંબાણથી અને બૃહદ્ પુસ્તક રૂપે પ્રકાશિત થાય તો તે ઘણું ઉપયોગી કાર્ય થયું માનું છું.

(વડોદરા) —સુમનભાઈ ર. શેઠ

[* ગયે વર્ષે થએલા થોડા લવાજમ-વધારા પછીનો અમારો અનુભવ જુદો છે.]

સ્માર્તનાં રેખાંકનો

શ્રી વાસુદેવ સ્માર્તનાં જૈન રેખાંકનો (ઑ. '૭૫ પાનુ ૪૨૩) જો આબેહૂબ હોય તો પ્રથમ દૃષ્ટિએ નોંધનીય બાબત તરીકે ૧) તીર્થંકરનો ચહેરો દર્શાવવામાં આવ્યો નથી, અને ૨) અન્ય લોકોથી તીર્થંકરને જુદા પાડવા તેમના કર્ણ વિશિષ્ટ રીતે દર્શાવ્યા છે, તે ગણી શકાય.

ચિત્રોના (પાનું ૪૨૪) પ્રાણી જેવા પગ અસલ ગ્રીસના અર્ધમાનવ પ્રાણી સૅટીર (satyr) કે પાન (pan)ની યાદ કરાવે છે.

શ્રી સ્માર્ત જેવી કોઈ પણ અધિકૃત વ્યક્તિ આ કળાવારસાની યોગ્ય સફાઈ અને જાળવણીની બાબત દિલ્હીની પુરાતત્ત્વ કે બીજા કોઈ લાગતાવળગતા ખાતા સાથે ઉપાડે એ વિનંતી.

(મુંબાઇ) —જે. જી. ઝવેરી

કૉનન ડૉઈલની વાર્તાઓ

'કુમાર'માં કૉનન ડૉઈલની વાર્તાઓ 'કૉપર બીચિઝ' (પિંજરે પડ્યું પંખી) તથા 'સિલ્વર બ્લેઇઝ'ના અનુવાદ ફિક્કા અને ઘણા ટૂંકા છે. સિલ્વર બ્લેઈઝમાં ઘોડાના સફેદ વાળ છુપાવવાનું કારણ શું, આ બધું કોણે કર્યું? કોના થકી? ઈ. ૧૯૫૯ના ઑક્ટોબરથી આજ સુધીના અંકો મૂળ કિંમતે વેચવાના છે.

(પાછતર, તા. ભાણવાડ સૌરાષ્ટ્ર) —નર્મદ વૈદ્ય

[*આ રહસ્યકથાઓ મૂળ વાર્તાના રૂપમાં નહિ પણ તેના મુખ્ય મુખ્ય મુદ્દાઓ તારવીને કોયડાના રૂપમાં રજૂ કરેલી છે. સિલ્વર બ્લેઈઝ ઓળખાઈ ન જાય એ માટે એનાં સફેદ લાંછન છુપાવ્યાં છે. ઘોડો રેઈસમાં જીતે નહિ એ સારુ એના રખેવાળે જ દગો કરવો ધારેલો, પણ વાત ઊંધી વળી ગઈ, પોતે મરી ગયો, રેઢો ઘોડો સામો પક્ષ ઉઠાવી ગયો અને ઓળખાય નહિ તે માટે તેણે વાળ રંગી નાખ્યા.]

અનંતકાલીન કૅલેન્ડર

નવેમ્બર અંકમાં આપેલા અનંતકાલીન કૅલેન્ડરમાં ઉદાહરણમાં જણાવ્યા પ્રમાણે ઈ. ૧૯૪૭ની ૨૬મી જાન્યુઆરી શનિવારે નહિ પણ રવિવારે આવે છે. ઈ. ૧૯૪૭નું વર્ષ ૧૯મી સદીનું કે ૨૦મીનું?

(કાર્લી–મહેસાણા) —ચ. મા. પટેલ

[*આપનું કહેવું ખરું છે [illegible] છપાયો છે. રવિવાર જ જોઇએ. સદી અંગેનું લખાણ અસ્પષ્ટ છે. ૧૯થી આરંભાતાં વર્ષો ૨૦મી સદીનાં ને ૨૦થી આરંભાતાં ૨૧મી સદીનાં ગણાય. સદીઓના વિભાગથી સાલનું ખાનું નક્કી કરવા આપેલી સમજ ઘણાને અપૂરતી લાગી છે. અહીં ચાર ખાનામાં ૦ + ૪ × N એમ જે ચાર સંખ્યાઓ આપી છે તેમાં N બરાબર એવી સંખ્યા ધારવાની છે જેનો ચાર સાથેનો ગુણાકાર વત્તા ૦, ૧, ૨ કે ૩ મળીને જોઈતા વર્ષના પ્રથમ બે આંકડા મળી રહે. આ રીતે ૧૯૦૦થી માંડી ૧૯૯૯ સુધીનાં વર્ષો ૩ + ૪ × N વાળા ખાનામાંથી જ અને N = ૪ ધારીને મેળવી શકાશે.]

'યુદ્ધક્ષેત્ર'

૧૯૭૫ના વર્ષના છેલ્લા ચાર–પાંચ અંકોમાં 'કુમાર' શ્રી મધુસૂદન ઢાંકી અને શ્રી નરોત્તમ પલાણ માટે battleground બની ગયું હોય તેવું લાગે છે, પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા કે ચડિયાતું બતાવવા બીજાને ઉતારી ન પડાય. આશા રાખું, હવે પછીના અંકમાં 'કુમાર' તેમને માટે 'યુદ્ધક્ષેત્ર'નું કામ નહિ કરે.

(અમદાવાદ-૧૬) —(ડૉ.) કિરીટ આચાર્ય

[*અમુક દૃષ્ટિએ ઘણા વાચકોમાં એ ચર્ચાએ રસ પણ જગાડયો છે.]

આઝાદ હિંદ ફોજનો સહાયક પરિવાર

ઑગસ્ટ '૭૫ના અંકમાં 'ક્રાંતિકથામાં ગુજરાત'ના છેલ્લા હપ્તામાં આઝાદ હિંદ ફોજ સાથે જે ગુજરાતીઓ સંકળાએલા તેમાં આ ઉમેરણ રસપ્રદ થશે.

(અનુસંધાન પૃષ્ઠ ૯૯)

ઝૂલન-ખેલા/રાજેન્દ્ર શાહ

·ગાન·

વેલીએ મ્હોર્યું ફૂલ ગમે ને રમતાં ઝરણુપાણી;
જોજનગંધા ગમતી એવી તિમિરની રાતરાણી.

અહીં ત્યાં બધે ફરવું–
તો યે નિંદરને ઘેન લાગું,
સેજ પોઢેલી હોય ને
હું તો રેણુ રૂપાળી જાગું;
કેટલાં જુદાં કરણે ઝિલાય કેટલી અવર વાણી!
પ્હોર ઊગે ને આથમે
એની તરલ તલક-છાયા,
હજાર નયન, હજાર વાને
વિહરતી આ માયા;
ઝૂલન-ખેલા,–દૂર કરી ને લાવતી ઓરું આણી.

કફન કાળાં/કિસ્મત કુરેશી

·ગઝલ·

ભ્રમરના સંગના રંગે નથી થાતાં સુમન કાળાં,
ગિરિની શ્યામ છાયાથી કદી ના થાય વન કાળાં.

ગળ્યા જે અંધકારે, રંગ પાછા કાઢવા પડશે;
અમાસી રાતથી ના થઈ શકે નીલાં ગગન કાળાં.

ઘણીયે ચીજ આલમમાં નથી તજતી અસલિયતને,
વસીને કોલસા વચ્ચે નથી પડતાં રતન કાળાં.

નિહાળી હું શકું શું ઊજળાં મન ઓથમાં એની,
નથી ભરમાવી શકતાં મારી દષ્ટિને વદન કાળાં.

કહે છે કોણ કે કાળાશ પણ મોહક નથી હોતી?
રૂપાળા હર વદન પરનું છે આકર્ષણ નયન કાળાં.

રખે સાબિત કરે મરનારનાં એ કામ કાળાંને,
જગત એથી જ કોઈને નથી દેતું કફન કાળાં.

તિખારાને રૂપાળા રંગ સાથે શી અદાવત છે!
કે કિસ્મત, આગ ચાંપી એ કરી દે છે ચમન કાળાં.

શીખજે/કરસનદાસ લુહાર

·મુક્તક·

શૂન્યતામાં શ્વાસ ભરતાં શીખજે,
ખાલી સરવરમાં ય તરતાં શીખજે;
આંખમાં આંજી વસંતો સ્વપ્નની,
રણને લીલુંછમ્મ કરતાં શીખજે.

શુષ્ક/દિનેશ ઓઝા

·શિખરિણી·

'હવે તો હું થાકી.' વ્યથિત, પ્રકૃતિ એક દિવસ
રડી સ્રષ્ટા પાસે: 'બહુ થયું; હવે ના સહી શકું.
પીડા, ચિંતા મારાં ક્રમશઃ વધતાં આદિથી રહ્યાં;
શું સુધર્યો?!
............ચાલ્યો મનુજ ઊલટો કર્યાં બગડતો
સ્વયં; સંગે શોભા સકલ મુજની નષ્ટ કરતો:
બધે હો–હા! ગંદું; પ્રદૂષણ હવા–આબ મહીં; વા
અણુવિસ્ફોટે! હું વિરૂપ થઈ ગૈ......
વનો, વૃક્ષો, બાગો: મુજ હરિતતા ચૂંથઈ રહી.
અરે કેવા લોકો! જરીક નીરખે ભોંય જરી શી—
મકાનો ઠાંસી દે...'

પ્રકૃતિ જ્યાં પૂરું કરે,
હસી 'હા હા' સ્રષ્ટા, ગભીર જરી થૈ, મર્મ ઝરતા
સ્મિતે તેની પીઠે નિજ પનપતાહસ્તથી વદે:
'જરી શાંતિ, બેટી, હૃદય ધર તું. વાત ઠીક છે;
છતાં તારે તો આ સમજવું રહ્યું સત્ય ઠીકથી:
બધી સુશ્રી તારી નયન ભરીને કો નીરખત?
ભલે તારી શોભા, સકલ મૃદુતા રે' અનુપમ,
પ્રશંસા ને પ્રીતિ મનુજ ન હતે—કોણ વદતે?
અહોભાવે તુંને લખ-ચીતર–તે શાંતિ-પળમાં...?'
'કહ્યું સાચું...' અંતે પ્રકૃતિ વદી રે' સ્વસ્થ વચને.

કંપ્યા કરે

'દફન' વિસનગરી

·ગઝલ·

સ્મરણોની સાંકળો ખખડ્યા કરે,
ને પ્રસંગો ઊંઘથી ઝબક્યા કરે.

શૂન્યતાની ઠેસ વાગી ગઈ હશે,
એટલે તો ઉંબરો કણસ્યા કરે.

બારણાં તો હોઠનાં ભીડી દીધાં,
શબ્દ તો યે આંગણે તડપ્યા કરે.

વાદળીઓ વાંઝણી આવી હતી,
પ્યાસચાતક-આંખથી ટપક્યા કરે.

કાળ જેવું કૈંક સૂકી ડાળથી
ઊતરીને વાવમાં ધ્રૂસક્યા કરે.

ચૂડલાના રંગ ફિક્કાયા 'દફન'
જ્યોત રામણદીવડે કંપ્યા કરે.

ધરતીકંપ

ફાધર વાલેસ

'ધરતીકંપ માટે આભાર, પ્રભુ; ધરતીકંપ માટે આભાર!' એક આધુનિક વિચારક લખે છે. 'ધરતીકંપથી આંચકો લાગ્યો, પણ આંચકો લાગવાની જરૂર હતી, ધરતીકંપથી ઘણું પડયું, પણ ઘણું પડવાની જરૂર હતી. આખી દુનિયાને તેં હચમચાવી દીધી છે એમાં આખી દુનિયા ઉપર મોટામાં મોટો ઉપકાર કર્યો છે. ધરતીકંપ લાગ્યો એ આધુનિક યુગનું સદ્‌ભાગ્ય છે.'

ગામ જૂનું હતું. એમાં કેટલાંક જર્જરિત મકાનો હતાં, કેટલાંક નબળાં હતાં, કેટલાંક મજબૂત હતાં, કેટલાંક પડું પડું થઈ રહ્યાં હતાં. કેટલાંક મકાનો તો ખાલી કરવાં જોઈતાં હતાં, ને નહિ તો દુરસ્ત કરવાં જોઈતાં હતાં, પણ કામ ઠેલાતું અને વર્ષે વર્ષે રહેવા દેવાતું. એમાં ગામમાં પૂર આવ્યું અને એને હાથે મકાનોનો ન્યાય તોળાયો. મજબૂત મકાનો હતાં તે રહ્યાં, ને નબળાં હતાં તે પડયાં. પૂરનું દુઃખ હતું, પણ ગામમાં શુદ્ધિ થવી જોઈતી હતી એ પૂરથી થઈ.

વૃક્ષ જૂનું હતું. એના ઉપર ઋતુએ ઋતુએ અસંખ્ય પાંદડાં આવ્યાં હતાં. કેટલાંક લીલાં હતાં, કેટલાંક સૂકાં હતાં. પણ હજી બધાં સાથે હતાં, વૃક્ષની ડાળીએ ડાળીએ લટકતાં હતાં. એમાં વંટોળ આવ્યો, ઝંઝાવાત આવ્યો. પવને જોરથી સુસવાટા મારીને આખા વૃક્ષને હલાવી દીધું. ઘણાં પાંદડાં પડી ગયાં. બીજાં હાલ્યાં ખરાં, પણ મજબૂત હતાં એટલે ન પડયાં. કયાં જીવંત હતાં ને કયાં સુકાઈ ચૂકેલાં હતાં એ નક્કી થયું. ઝંઝાવાતનો ઉપકાર થયો.

દુનિયામાં સાફસૂફીની જરૂર હતી એટલે ધરતીકંપ આવ્યો. આપણને ખોટો સંતોષ હતો, ધર્મનું અભિમાન હતું. 'સારા' માણસોને લાગતું કે પોતે સારા હતા, અને એ 'ખરાબ' લોકોનો તિરસ્કાર કરતા. પણ હવે 'સારા' માણસો પણ જૂઠું બોલતા થયા, લાંચ આપતા થયા, નિંદા કરતા થયા, શોષણ કરતા થયા. પાંદડું સુકાઈ ગએલું હતું, હજી એ વૃક્ષની ડાળીએ લટકતું હતું, એટલે ખુદ પાંદડાને લાગતું હતું કે પોતે લીલું છે. પણ હવે પવન આવ્યો છે. પાંદડું ખરી પડયું છે. એને ખબર પડી છે કે પોતે સડેલું હતું, ધર્મવૃક્ષની શુદ્ધિ થઈ છે.

દુનિયાને આળસ હતી. આપણે ધર્મને સનાતન કહેતા અને સિદ્ધાંતોને શાશ્વત કહેતા ને નીતિને અક્ષર કહેતા. અને ધર્મ તો ખરેખરી સનાતન છે અને સિદ્ધાંત શાશ્વત છે ને નીતિ અક્ષર છે: પણ એનો ખોટો આશ્રય લઈને આપણે પણ અક્ષર અને આળસુ અને જડ બન્યા [illegible] ('કુમાર' અંક ૬૨૭)

હતા. પરંપરા અને પ્રણાલિકા અને રૂઢિ અને વારસો. પરંપરા સાચી છે, પણ પરંપરા જ છે; અને વારસો સાચો છે, પણ વારસો જ છે. એ વધારવાનો છે, સુધારવાનો છે, ઉજાળવાનો છે. ખાલી ભૂતકાળને આધારે ન જિવાય; નવું બાંધવું જોઈએ. ને નવું બાંધવા થોડું જૂનું તો પડવા દેવું જોઈએ. એ ધરતીકંપનો ઉપકાર છે.

મારામાં શું સારું ને શું ખોટું છે એ મને પોતાને ખબર નથી. બહારનું આચરણ તો ઠીક લાગે છે, પણ એમાં કેટલી અસલ સચ્ચાઈ છે અને કેટલો દેખાવ ને દબાણ ને ચીલો ને નકલ જ છે એ મને પોતાને ખબર નથી. બધા કરે એટલે હું કરું; સારા માણસોની સાથે રહીએ એટલે આપણે પણ સારા દેખાઈએ. મારી આસપાસ બધા લોકો નીતિનિયમો પાળે એટલે હું પણ પાળું. પણ એ હું ખરેખર મારા મનના નિર્ણયથી અને મારા દિલની પસંદગીથી કરું છું. કે ખાલી દેખાદેખીથી અને લોકલાજથી કરું છું એ ખબર પડતી નથી. વાતાવરણ છે, પ્રવાહ છે, ઘરેડ છે. સારું જીવન ચાલે છે. પણ એ અંતરના બળથી ચાલે છે કે બહારના ટેકાથી ચાલે છે એ માલૂમ પડતું નથી.

એ અજ્ઞાનમાં એમ તો સગવડ છે. પરીક્ષા નથી એટલે પાઠ ન આવડે તો ય એની ખબર ન પડે. આબરૂ સચવાય, સંતોષ રહે. પણ ખોટો સંતોષ છે, જૂઠી આબરૂ છે. મારા દિલમાં ઊંડે ઊંડે ભાન છે કે મને પાઠ ખરેખર આવડતો નથી, મારું જીવન લાગે છે. એટલું શુદ્ધ નથી, મારું વર્તન દેખાય છે એટલું પવિત્ર નથી. પોતાને ખબર નથી કે મારામાં કેટલું સારું-નરસું છે. પણ હવે જાણવું છે. હિંમત કરીને પરીક્ષા આપવી છે. ધરતીકંપને આવવા દો. એને મારું જીવન હચમચાવવા દો. થોડું પડશે— કદાચ ઘણું પડશે. પણ જે રહેશે તે સાચું હશે. મને પોતાને ખબર પડશે. મારા લાભમાં છે.

મારી ખામીઓની મને ખબર પડે એનો એક લાભ છે: હું નમ્ર બનું. અને બીજો લાભ લાભ છે: હું એ સુધારવા જાગ્રત થાઉં. ધરતીકંપથી આંચકો લાગે એની કળ છે; પણ આંચકાથી જાગી જવાય એ ઉપકાર છે. ઇતિહાસમાં એ વાતની સાક્ષી છે કે જે કાળમાં મહાન કસોટી હોય એમાં મહાન વિભૂતિઓ પણ પાકે. કસોટીના કાળ એ સંતોના કાળ હોય છે. સામાન્ય કાળ એ સામાન્ય માણસોના કાળ હોય છે. હવે કસોટી આવી તે આપણને મહાન થવાની તક આપવા માટે આવી.

જે પરીક્ષામાં બધા પાસ થાય એમાં પાસ થવામાં કોઈ માલ નથી. જે જમાનામાં બધા સારા હોય એમાં સારા હોવામાં કોઈ પરાક્રમ નથી. બધા સાચું બોલે એમની સાથે હું પણ સાચું બોલું એથી માન ખાટવા જેવું મેં કંઈ કર્યું નથી. બધા કરે એટલે હું કરું, બધાની રીત છે એટલે મારી પણ બની જાય, બધાનો ટેકો છે એટલે સહેલાઈથી ઊભા રહેવાય. બધા સાચું બોલે એટલે આપોઆપ હું પણ સાચું બોલતો થાઉં. પણ બધા જૂઠું બોલે એમાં હું સાચું બોલું, કદાચ હમેશાં પણ નહિ પરંતુ કોઈ કોઈ વાર તો અગવડ વેઠીને પણ અને નુકસાન વહોરીને સાચું બોલું તે ખરો પ્રામાણિક કહેવાય. અઘરો જમાનો છે. અઘરી પરીક્ષા છે. પણ સાચો વિદ્યાર્થી અઘરી પરીક્ષા પસંદ કરે છે. એની કિંમત છે અને એનું માન છે.

એક જાણીતા નેતા માટે એના અનુયાયીઓ કહેતા કે સામાન્ય પ્રશ્નો એને ફાવતા નહોતા; પણ કોઈ અઘરો પ્રશ્ન, ભારે કસોટી, ખરી કટોકટી આવે ત્યારે એ ખીલી ઊઠતા, મંડી પડતા, મેદાને ચડતા અને સફળતા લાવીને જ જંપતા. માણસની કસોટી થાય ત્યારે જ એનું પૂરું મૂલ્ય દેખાય. નાના પ્રસંગમાં નાનો માણસ ફાવે; મોટા પ્રસંગમાં મોટો માણસ શોભે. અથવા તો ખરું કહીએ તો પ્રસંગના પડકારથી સામાન્ય આદમી પણ અસામાન્ય બની જાય.

અને ધરતીકંપનો પ્રસંગ એવો છે. આપણે હાલ્યા, પડયા, અકળાયા, મૂંઝાયા. પણ આખા જન્મારાની આળસ નીકળી ગઈ. યુગોનો મેલ ધોવાઈ ગયો. આત્મખોજ કરવાની હતી તે કુદરતે કરાવી, પ્રાયશ્ચિત્ત કરવાનું હતું તે આપોઆપ થયું. અપ્રિય હતું પણ ઉપકારક હતું. ત્યારે હતું પણ કલ્યાણકારક હતું. તેથી ધરતીકંપ માટે આભાર માનીએ છીએ. પૂર માટે આભાર માનીએ છીએ. ઝંઝાવાત માટે આભાર માનીએ છીએ. એ પ્રલયના પૂરમાં સ્નાન કરીને નવો જન્મ પામી શકીશું. □

ભારતની રાજકીય કાયાપલટનો માણેકથંભ રોપનાર

'સરેન્ડર નૉટ'

સુરેન્દ્રનાથ બૅનરજી

લેખક
ધીરુભાઇ
પરીખ

વિદ્યાર્થીઓમાં સ્વદેશાભિમાન પ્રકટાવનાર પ્રાધ્યાપક, પોતાની તેજીલી તીખી વાણી અને લેખિની વડે પ્રજાને જાગ્રત કરનાર વ્યાખ્યાતા ને પત્રકાર, 'ઇન્ડિયન એસોસીએશન' સ્થાપી ભારતની રાજકીય કાયાપલટનો પાયો નાખનાર અગ્રણી નેતા, ને બંગભંગની સામે 'બૉયકૉટ'ની સફળ ઝૂંબેશ ચલાવનાર 'બંગકેસરી'



'પણ એમાં થઈ શું ગયું?' ઉશ્કેરાએલા કિશોર પુત્રને પિતાએ ઠંડો પાડવા પ્રયાસ કર્યો. પણ વ્યર્થ. એ કિશોરનો ક્રોધ વધારે ભભૂક્યો: 'ના, ના; પણ એ માસ્તર મને "ભામટો" કહે જ શા માટે? મારે ત્યાં ભણવા જવું જ નથી.'

'હું એમને કહીશ. હવે જો બીજી વાર કહે તો પછી જોઈશું.' પિતાએ પુત્રનો ક્રોધ ઠંડો પાડવા પ્રયાસ કર્યો. પણ પુત્રે તો પોતાના અફર નિરધારને વધુ વળ ચડાવ્યો: 'ના, મારે ફરી વાર "ભામટો" થવું હોય તો ત્યાં જાઉં ને! તમે મને બીજી નિશાળે મોકલો તો જ હા. આ નિશાળે તો હું નહિ જ જાઉં.'

થયું! કિશોર-વટનો વિજય થયો. પિતૃ-સમજાવટનો પરાજય થયો. એ કિશોર તે બંગકેસરી સુરેન્દ્રનાથ બૅનરજી. નાનપણમાં જ આવી ગજબ હિમ્મત અને અજબ સ્વમાનવૃત્તિ પ્રકટાવનાર આ કિશોરે મોટપણમાં તત્કાલીન ભારતની રાજકીય કાયાપલટનો પાયો નાખ્યો હતો.

ઈ. ૧૮૪૮ની ૧૦મી નવેમ્બરે, બંગાળના કુલીન બ્રાહ્મણ ને કુશળ દાક્તર દુર્ગાચરણ બૅનરજીને ત્યાં એણે જન્મ ધારણ કર્યો ત્યારે ભારતમાં વ્યાપાર કરવા આવેલી ઈસ્ટ ઇન્ડિયા કંપની રાજ્યાધિકારી બની સ્થિર સત્તા જમાવી રહી હતી. અંગ્રેજી આચાર-વિચાર અને કેળવણી-કારોબારની એ કાળે બોલબાલા હતી. પરદેશીઓની એ શિક્ષણપ્રથાએ ગુલામીની વ્યથા પ્રત્યે સ્વદેશીઓમાં સભાનતા આણવા માંડી હતી. એ પરિસ્થિતિનો લાભ વિદ્યાર્થી સુરેન્દ્રનાથને પણ મળ્યો.

અંગ્રેજ વિદ્યાર્થીઓ માટેની ડવટન કૉલેજ નામક વિદ્યાસંસ્થામાં હવે એ પોતાનો ઉચ્ચ અભ્યાસ કરવા પ્રવેશે છે. એ સમયે કૉલેજના વાર્ષિક સમારંભોમાં પ્રત્યેક વર્ષે આ હિંદી વિદ્યાર્થી એક પછી એક ઈનામો જીતી જાય છે. એની બુદ્ધિપ્રતિભાથી સૌ દંગ થઈ જાય છે. વીસ વર્ષની ઉંમરે અંગ્રેજી સાહિત્યનો વિષય લઈ કલકત્તા યુનિવર્સિટીમાંથી ૧૮૬૮માં એ સ્નાતક બને છે અને ભાવિ કારકિર્દી ઘડવા એ જ વર્ષની ત્રીજી માર્ચે રોમેશચંદ્ર દત્ત અને બિહારીલાલ ગુપ્ત સાથે આઈ. સી. એસ.નો અભ્યાસ કરવા ઈંગ્લૅંડ ભણી સફર આદરે છે. સુરેન્દ્રનાથની જીવન-કારકિર્દીને આ દિશામાં મોડ આપનાર હતા ડવટન કૉલેજના એ વખતના અંગ્રેજ આચાર્ય મિસ્ટર સાઈમ. યુવાન સુરેન્દ્રનાથની કુશાગ્ર બુદ્ધિપ્રતિભા ને ચપળ પ્રકૃતિપ્રભા જોઈ શિષ્યવત્સલ શ્રીમાન સાઈમ દુર્ગાચરણ દાક્તરને મળ્યા અને પુત્રને 'ઇન્ડિયન સિવિલ સર્વિસ' (આઈ. સી. એસ.)ની પરીક્ષા માટે ઇંગ્લૅંડ મોકલવા સમજાવ્યા. પુત્રની ઉજ્જ્વલ કારકિર્દી માટે મહત્વાકાંક્ષી પિતાએ સાઈમસાહેબની સલાહનો સ્વીકાર કર્યો અને પુત્રના જીવનવિકાસમાં પ્રોત્સાહનદીપ ધર્યો.

પુત્ર તો પહોંચ્યો ઇંગ્લૅંડ. ત્યાં બંગાળી પ્રમાદનો ત્યાગ કરી એમણે પરિશ્રમનો રાગ છેડયો. કૃતનિશ્ચયી યુવાન રાતદિવસ એક કરવા લાગ્યો. ત્યાંના સ્ફૂર્તિમય વાતાવરણમાં એ બમણા ખંતથી અભ્યાસમાં જોડાઈ ગયો. લીધેલું કાર્ય અધૂરું મૂકે તો એ સુરેન્દ્રનાથ શાના? હિંદી યુવાનને માટે એ કાળે વસમી એવી આ સ્પર્ધાત્મક કસોટીમાંથી સુરેન્દ્રનાથ ૧૮૬૯માં પાર તો ઊતર્યા, પણ હિંદીઓ માટેના પૂર્વગ્રહ અને ઈર્ષ્યાથી પીડાતી ગોરી પ્રજાએ એમની ઉંમરનો બાધ કાઢયો. સુરેન્દ્રનાથે પરદેશમાં પણ હિમ્મતપૂર્વક કાયદાનો આશ્રય લીધો અને એમાં સફળ થયા. એમનો આ અભ્યાસ ચાલુ રહ્યો. અંતે ઈ. ૧૮૭૧માં એઓ આખરી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. નૂતન શિક્ષણથી સજ્જ મને ને સ્વાતંત્ર્ય તથા સ્વમાનની લાગણીથી સ્પંદમાન હૃદય સાથે એઓ ભારત પાછા ફર્યા. સરકારે એમને આસામ પ્રદેશમાં સિલહટ ખાતે આસિસ્ટન્ટ મૅજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કર્યા. ત્યારે કમભાગ્યે પિતા દુર્ગાચરણ પુત્રનું આ સુભાગ્ય જોવા હયાત ન હતા. એઓ ભારત પાછા ફર્યા તે પૂર્વે થોડાં જ સપ્તાહ ઉપર એમનો સ્વર્ગવાસ થયો હતો.

સુરેન્દ્રનાથે નવું 'સરકારી' જીવન શરૂ કર્યું. પણ હિંદીઓ માટે હલકો અભિપ્રાય ધરાવતી અંગ્રેજ પ્રજા એક હિંદીની આ પ્રગતિ કેમ સાંખી શકે? કહે છે કે આવી ઈર્ષ્યા ને કિન્નાખોરીથી પ્રેરાઇને એ વખતના જિલ્લા મૅજિસ્ટ્રેટ મિસ્ટર સધરલૅંડે સુરેન્દ્રનાથની ક્ષતિઓ શોધવા મહા પુરુષાર્થ આદર્યો. દરેક રીતે ચતુર સુરેન્દ્રનાથ એક વાર મામૂલી દોષમાં ઝડપાઈ ગયા. સધરલૅંડ આ દિવસની જ રાહ જોઈ રહ્યા હતા. એણે તરત અંગ્રેજ સરકાર સમક્ષ સુરેન્દ્રનાથ વિરુદ્ધ ફરિયાદ કરી. સરકાર પણ આ દિવસ માટે જ ટાંપીને બેઠી હતી. સુરેન્દ્રનાથના મામૂલી દોષને મોટો ગણી તપાસપંચ બેસાડયું. સુરેન્દ્રનાથે ઘણું કહ્યું કે એ તપાસપંચની કાર્યવાહી ખુલ્લે બારણે ચાલવી જોઇએ, પણ જેના પેટમાં પાપ

હોય તે માને ? તપાસ બંધબારણે જ ચાલી અને સુરેન્દ્રનાથને અપરાધી જાહેર કરી માસિક રૂપિયા પચાસનું નિવૃત્તિવેતન આપવાનું ઠરાવી એમના હોદ્દા પરથી બરતરફ થયા. સુરેન્દ્રનાથ સમસમી રહ્યા.

પરંતુ એમ મન મારીને બેસી રહેવાનું એમના સ્વભાવમાં હતું જ નહિ. સુરેન્દ્રનાથે પોતાની વિરુદ્ધ અપાએલા એ ફેંસલા સામે પડકાર ફેંકવા ઈંગ્લૅન્ડની વાટ પકડી. પોતાને થએલા એ અન્યાયને મિટાવવા એમણે પરદેશમાં અને પરપ્રજા વચ્ચે એકલે હાથે હામ તો ભીડી, પણ એ કામ પાર પડ્યું નહિ. જીવનકારકિર્દીના ઊગતા છોડ પર જ આમ કુઠારાઘાત થાય એ કોઇને પણ નાહિમ્મત ને નિરાશ કરવા માટે પૂરતું છે. આમ છતાં ય સુરેન્દ્રનાથે ન તો હિંમ્મત ગુમાવી કે ન તો આશા.

આવી પડેલી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી હવે જીવનને નવો ઘાટ આપવાનો એમણે મનસૂબો કર્યો. અને સુરેન્દ્રનાથનો મનસૂબો એટલે મક્કમ નિર્ધાર. એ સંકલ્પ પ્રમાણે એમણે બૅરિસ્ટર બનવાનો પ્રયત્ન આદર્યો. પણ નસીબ બે ડગલાં આગળ જ હતું! જે સરકારી અમલદાર બરતરફ થયા હોય તેને બૅરિસ્ટર બનવાનો અધિકાર મળતો નથી એવો ગોરાઓનો કાળો કાનૂન સુરેન્દ્રનાથના મનસુબાની ક્રૂર મજાક ઉડાવતો એમના માર્ગમાં સામે આવીને હસી રહ્યો! હવે? બૅરિસ્ટરીનું બારણું સદાને માટે બંધ! પણ જેનામાં અભંગ આશા છે, કડક કૃતનિશ્ચયીપણું છે અને પરમ પુરુષાર્થ છે તે કપરી પરિસ્થિતિમાંથી પણ માર્ગ કાઢ્યા વગર રહી શકતો નથી. મિત્રોએ તો તેમને ઑસ્ટ્રેલિયા જઈ નસીબ અજમાવવાની સલાહ આપી. પરંતુ સુરેન્દ્રનાથનું અન્યાયથી અવરુધ્ધ મન નવી દિશા શોધવા લાગ્યું. જે અન્યાયનો ભોગ પોતાને બનવું પડ્યું તે અને તેવા બીજા અન્યાયોનો ભોગ પોતાના જેવા અન્ય હિંદી યુવાનોને ન બનવું પડે તે માટે એમણે સ્વદેશ પાછા ફરી પ્રવૃત્ત થવાનો અને એ માર્ગે ગમે તેવી ને ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ અણનમ રહેવાનો નિર્ધાર કર્યો. એમણે મનમાં ગાંઠ વાળી કે જે અંગ્રેજ સરકારે એમને અન્યાય કર્યો છે તેની જ ધારાસભામાં પોતે બેસવું!

દરમિયાનમાં એમણે સૌપ્રથમ તો પ્રખર સમાજસુધારક ને શિક્ષણશાસ્ત્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની ‘મેટ્રોપૉલિટન ઇન્સ્ટિટ્યૂટ’ (હાલની વિદ્યાસાગર કૉલેજ)માં માસિક રૂપિયા બસોના વેતનની અધ્યાપકની નોકરી સ્વીકારી. ત્યાર બાદ અન્ય બે શિક્ષણસંસ્થામાં પણ એમણે અનુભવ મેળવ્યો. આખરે જ્યારે શિક્ષણવિષયક પોતાના સિદ્ધાન્તો પરિપક્વ થએલા લાગ્યા ત્યારે એમણે કલકત્તાના બાઉબજારમાં આવેલી એક નાની શાળાનું સમગ્ર તંત્ર ઈ. ૧૮૮૨માં પોતાને હસ્તક લઈ લીધું, એમની શિક્ષણપદ્ધતિ એવી આકર્ષક અને પ્રભાવક હતી કે વિદ્યાર્થીઓનાં વૃંદ એમના શિક્ષણનો લાભ લેવા એકત્ર થવા લાગ્યાં. પરિણામ એ આવ્યું કે એ નાનકડી શાળા વિકસીને ‘રિપન કૉલેજ’નું વટવૃક્ષ બની રહી. એમની વાક્છટા, એમની અધ્યાપનનિષ્ઠા અને એમના જ્ઞાનરાશિથી અંજાએલો વિદ્યાર્થીવર્ગ સુરેન્દ્રનાથ પાછળ ઘેલો બન્યો. માંડ સો વિદ્યાર્થીથી શરૂ થએલી એ કૉલેજ પંદરસોની સંખ્યા સુધી પહોંચી. એ વખતે કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી અત્યારની જેમ સરકારી આર્થિક સહાય મળતી હતી તેને સ્વાતંત્ર્યપ્રેમી સુરેન્દ્રનાથે ઠુકરાવી ને પોતાની રીતે જ તે મહાશાળાનું સફળ સંચાલન કર્યું. વર્ષો સુધી ‘રિપન કૉલેજ’ ચલાવ્યા પછી જ્યારે એમણે તે પ્રજાને સોંપી ત્યારે તેમાં સમૃદ્ધ પુસ્તકાલય, સુસજ્જ પ્રયોગશાળા અને સગવડભર્યું ફર્નિચર તો હતાં જ, પણ તે ઉપરાંત રૂપિયા ૨૫,૦૦૦ જેવી માતબર રોકડ રકમનો પણ તેમાં સમાવેશ થતો હતો!

ત્રીસ વર્ષ સુધીનું ‘રિપન કૉલેજ’ (હાલની સુરેન્દ્રનાથ કૉલેજ)નું સંચાલન એમની વહીવટી દક્ષતા ને અધ્યાપકીય સજ્જતાનું સૂચક છે. એમણે પોતાને ત્યાં વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયા જ્ઞાને જ નહોતું જ” (‘કુમાર’ અંક ૬૨૭)

આપ્યું,’ પરન્તુ રાજકીય ચર્ચાવિચારણાને પણ મુક્ત સ્થાન આપ્યું હતું. એ વખતની ઊગતી પેઢી સમક્ષ પોતાની ઓજસ્વી વાણીમાં રાજકીય વિચારો ચર્ચી એમણે સ્વદેશાભિમાનની ભાવનાને જાગ્રત કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. એક ગુલામ પ્રજાને કેવા શિક્ષણની જરૂર હોય તેનો એમણે પોતાની આ કૉલેજ દ્વારા અનુકરણીય નમૂનો પૂરો પાડ્યો છે.

ભારતની સ્વતંત્રતાના રાજકીય તખ્તા પર સુરેન્દ્રનાથનું કામ આરંભનું પણ અજોડ છે, પાયાનું પણ પ્રબળ છે. લગભગ સાડત્રીસ વર્ષો સુધી સંતત શિક્ષણકાર્ય કરતાં કરતાં એમણે સક્રિયરીતે રાજકારણમાં પણ ઝંપલાવ્યું હતું. ઇન્ડિયન નૅશનલ કાૅંગ્રેસ-હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના (ઈ. ૧૮૮૫) થયા પછી સ્વતંત્રતાની લડતે સાચું ગજું કાઢ્યું હતું. પરન્તુ એ પહેલાં ૯ વર્ષે એટલે કે ઈ. ૧૮૭૬ના જુલાઈની ૨૫મીએ સુરેન્દ્રનાથ બૅનરજીએ પોતાના સાથી આનંદમોહન બોઝની સહાયથી સૌપ્રથમ ભારતના સ્વાતંત્ર્ય માટે રાજકીય સંસ્થા ‘ઇન્ડિયન એસોસીએશન’ની સ્થાપના કરી હતી. સંસ્થાની નેમ એ હતી કે ભારતનો રાજવહીવટ ‘માત્ર પરદેશીઓને હાથે નહિ પરન્તુ ‘માત્ર દેશીઓને’ હાથે જ ચાલવો જોઈએ. આ એસોસીએશનના નેજા નીચે એમણે ભારતયાત્રા કરી અને પ્રજામાં રાજકીય જાગ્રતિ આણીને સ્વાતંત્ર્યની માંગના એક સૂત્રે એને બાંધી. યુનાઇટેડ પ્રૉવિન્સિઝ-યૂ. પી. (આજના ઉત્તર પ્રદેશ), મુંબાઈ ને મદ્રાસ ઈલાકાઓમાં એમણે ઠેરઠેર જોરદાર ભાષણો આપ્યાં ને સમસ્ત પ્રજામાં મુક્તિની ભાવનાનો જુવાળ જગાડ[illegible]ી છટાએ લોકસમુદાય ઊમટી પડતો. સામાજિક અને ધાર્મિક સુધારણા ક્ષેત્રે બ્રાહ્મોસમાજે-ખાસ કરીને કેશવચંદ્ર સેને કરેલી મહત્ત્વની કામગીરી પછી સુરેન્દ્રનાથે એ જાગ્રત જનસમાજને રાજકીય ક્રાંતિની નવી દિશામાં વાળ્યો. એમના આ કાર્યની પ્રબળ અસરને બિપિનચંદ્ર પાલ જેવા બ્રાહ્મોસમાજીએ બિરદાવતાં કહ્યું છે: ‘Surendranath's political propaganda gathered a much larger following than that of the social and religious revolt.’ (સુરેન્દ્રનાથના રાજકીય પ્રચારે સામાજિક અને ધાર્મિક પ્રચારે એકઠા કરેલા અનુયાયીઓ કરતાં અનેકગણા વધુ અનુયાયી એકઠા કર્યા હતા.)

એમના પ્રવાસ અને પ્રચારે આણેલી રાજકીય જાગ્રતિને પરિણામે ‘ઇન્ડિયન એસોસીએશન’નું પ્રથમ અધિવેશન ૧૮૮૩ના ડિસેમ્બરની ૨૮, ૨૯ અને ૩૦મી તારીખોએ કલકત્તા ખાતે મળ્યું અને ભારતની રાજકીય કાયાપલટનો માણેકથંભ રોપાયો. આ અધિવેશનમાં ભારતભરમાંથી લગભગ ૧૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પછી બે વર્ષ બાદ ૧૮૮૫ની ૨૫, ૨૬ ને ૨૭મી ડિસેમ્બરે આ ‘એસોસીએશન’નું બીજું અધિવેશન ભરાયું ત્યારે એ પ્રથમ અધિવેશન કરતાં વધુ ઓજસ્વી અને અસરકારક નીવડ્યું, ને હવેથી પ્રત્યેક વર્ષે ભારતના વિવિધ ભાગોમાં આવું અધિવેશન ભરવાનો નિરધાર થયો. આ અધિવેશને લોકનજરમાં સાબિત કરી આપ્યું કે ભારત હવે રાજકીય હેતુ માટે એક થઈ શક્યું છે. પાછળથી વિકસેલી હિંદી રાષ્ટ્રીય કાૅંગ્રેસની કામગીરીની સરળતા અને સફળતા માટે સુરેન્દ્રનાથે સ્થાપેલા એ ‘ઇન્ડિયન એસોસીએશન’નું કામ ન વિસરાય તેવું છે. આથી જ એ અર્થમાં એમને ‘રાષ્ટ્રપિતા’ તરીકે ઓળખાવવામાં આવેલા તે સાર્થ છે.

સુરેન્દ્રનાથનાં પ્રાણવાન પ્રવચનો ને પત્રકારત્વે ભારતની આઝાદીની લડતમાં મૂલ્યવાન ભાગ ભજવ્યો છે તેનો કોઈ ઇન્કાર કરી શકે તેમ નથી. એમની વાક્છટાને લઈને એઓ ભારતના ‘ડિમૉસ્થિનિસ’ તરીકે ઓળખાયા છે. એમનાં પ્રવચનોની લોકપ્રિયતા પાછળ વિલિયમ પિટનો ગભીરઘેરો નાદ, ફૉક્સનું વાણીચાતુર્ય, બર્કની ઓજસપૂર્ણ બાની તથા શેરિડનના મર્મવેધી કટાક્ષોએ સબળ ભાગ ભજવ્યો છે એમ કહી શકાય. કહે છે કે એઓ પ્રવચન કરતા ત્યારે અવિરત વાણીપ્રવાહે

વહેતો. ઈ. ૧૮૯૫માં પૂના ખાતે 'હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખસ્થાનેથી એમણે સતત ચાર કલાકનું, અને ઈ. ૧૯૦૨માં અમદાવાદ કૉંગ્રેસના પ્રમુખસ્થાનેથી બે કલાકનું ભાષણ આપેલું અને હજારો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલા. ઊંચાં કલ્પનો કથનોથી ખચિત, ભવ્ય ભાવનાવાદથી રસિત એમનાં ભાષણોની તેજસ્વી અને વેગીલી શૈલીએ એ વખતે અનેક યુવાન હૈયામાં સ્વદેશભક્તિની ભરતી ઉછાળી હતી. તેનો એકરાર કરતાં સ્વયં અચ્છા વકતા શ્રી બિપિનચંદ્ર પાલ નોંધે છે : 'It made a very powerful appeal to our infant patriotism and lent new strength and even bitterness to the anti-British feeling.' (આપણી કૂમળી દેશદાઝ પર એણે ભારે પ્રભાવ પાડેલો તથા અંગ્રેજ-વિરોધી લાગણીને નવી તાકાત અને કટુતા પણ આપેલી.) સારા વકતા માટે આવશ્યક એવી અજબ સ્મરણશક્તિની પણ એમને બક્ષિસ મળેલી હતી. આગળ જેનો ઉલ્લેખ થઈ ગયો તે પૂનાની મહાસભાના પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ લખ્યા પછી એમણે અલ્લાહાબાદમાં પોતાના જમાઈ પાસે એ આખું યે મોઢે બોલી સંભળાવેલું!

એક પત્રકાર તરીકે પણ નીડરતા અને ન્યાયીપણાના ગુણોને એમણે વ્યવહારમાં મૂકયા હતા. રાજકારણના ક્ષેત્રમાં ઝંપલાવ્યાના એ આરંભના દિવસો હતા ત્યારે ઈ. ૧૮૭૯માં એમણે 'બંગાળી' નામનું અઠવાડિક સોળ સો રૂપિયામાં ખરીદી લીધું, અને પોતાના શ્રમ અને ખંત તથા આવડત અને બુદ્ધિબળથી તેને વિકસાવીને એટલું લોકપ્રિય બનાવ્યું કે વીસેક વર્ષમાં તો—ઈ. ૧૯૦૦માં—એ દૈનિક બન્યું અને એની અસ્કયામત રૂપિયા એક લાખની થઇ ગઈ!

આ પત્ર દ્વારા એમણે પોતાના રાજકીય વિચારો અને આચારો વહેતા મૂકયા હતા. લૉર્ડ લિટનના વહીવટ સામે એમણે 'બંગાળી'ના તંત્રીસ્થાનેથી જોરદાર રાજકીય ઝુંબેશ ઉઠાવેલી. એમના એ પત્રમાં અંગ્રેજ સરકારની રાજનીતિ તથા રાજ્યતંત્ર વિષેની કેટલી યે વાતો એવી પ્રકટ થતી કે જે સરકારને રાતીપીળી કરી નાખે. એક વાર એવું બન્યું કે કલકત્તાની વડી અદાલતના વર્તાવ વિષે 'બંગાળી' પત્રમાં કેટલીક ટીકા આવી. એમાં એક સત્યથી વેગળી હકીકત લખાઈ ગઈ, કે અંગ્રેજ ન્યાયમૂર્તિએ એક હિંદુ પાસે પોતાના કુટુંબની દેવમૂર્તિ શાલિગ્રામને અદાલતમાં મંગાવી અનેક હિંદુઓને દુભવ્યા હતા. જોકે આ ઘટના બની હતી ખરી, પરન્તુ તે મૂર્તિ લાવનાર હિંદુ અને ન્યાયાધીશ, બન્નેની સમજૂતીથી એમ બનવા પામ્યું હતું તે વાત 'બંગાળી'ની ટીકામાં આવતી નહોતી. પરિણામે વડી અદાલતનો તિરસ્કાર કરવા બદલ સુરેન્દ્રનાથ પર મુકદ્દમો ચાલ્યો અને સુરેન્દ્રનાથે માફી માગી છતાંય તે ન અપાઈ. એક બંગાળી ન્યાયાધીશે તો સુરેન્દ્રનાથનો દંડ કરવાની દરખાસ્ત મૂકી તે પણ ના સ્વીકારાઈ, અને એમને બે માસની સજા ફટકારવામાં આવી। જોકે આ કિસ્સાની ટીકા એમણે જાતે લખી નહોતી, છતાં પોતે ખુશીથી જેલને વધાવી લીધી. સુરેન્દ્રનાથની આ જેલયાત્રાથી એમની લોકપ્રિયતામાં અજબની બાઢ આવી. બંગાળમાં લોકોનો પુણ્યપ્રકોપ ઊછળી ઊઠયો અને હડતાલો પડી. આગ્રા, અમૃતસર, લાહોર, પૂના વગેરે સ્થળોએ જાહેર સભાઓ ભરાઈ. અંગ્રેજીથી અજ્ઞાત એવા એક કાશ્મીરી પંડિતે તો આંસુભરી આંખે પોતાનું દુઃખ ઠાલવ્યું: 'આપણા સુરેન્દ્રનાથ જેલમાં છે.' આમ, સુરેન્દ્રનાથ 'આપણા'—લોકોના—બની ગયા! આ અગાઉ જનસાધારણની આટલી રાજકીય જાગ્રતિ કે એકતા કદી જોવા મળ્યાં નહોતાં.

વળી, એમણે હિંદીઓ માટે સરકારી સનદી નોકરીમાં દાખલ થવાની વયમર્યાદા ૨૧ વર્ષની હતી તે ઘટાડીને લૉર્ડ સૅાલ્સબરીએ ૧૯ વર્ષની કરી તેની સામે પણ વિરોધનો વંટોળ જગાવ્યો, કારણ કે આ ૧૯ વર્ષની વયે હિંદી યુવાનને માટે આઈ. સી. એસ.માં બેસવું અશકયવત્ હતું. સુરેન્દ્રનાથે ગામેગામ અને પ્રાંતેપ્રાંત ફરી લોકમત જાગ્રત કર્યો. ૧૯ વર્ષની વયમર્યાદા સામે વિરોધનો પ્રચંડ સૂર ઊઠયો, પણ સરકારની આંખ ન ખૂલી ત્યારે સુરેન્દ્રનાથે 'ઈન્ડિયન એસોસીએશન' દ્વારા એક પ્રતિનિધિમંડળ મોકલ્યું. આ પ્રતિનિધિમંડળના એક સભ્ય લાલમોહન ઘોષના અસરકારક ભાષણથી ચોવીસ કલાકમાં જ ઇંગ્લૅંડની સરકારને, હિંદી યુવાનોને રાજ્યતંત્રની ઊંચી પદવીઓ મળી શકે તેવી જોગવાઈ કરી આપતી યોજના પાર્લામેન્ટમાં મૂકવી પડી.

પણ એમની રાજકીય કારકિર્દીનો મધ્યાહ્ન તો હવે આવે છે. જે સુરેન્દ્રનાથે ઈ. ૧૮૯૮માં મદ્રાસ કૉંગ્રેસની બેઠકમાં લૉર્ડ કર્ઝનને 'સમ્રાટના

લઘુકથા

અપશુકન

અરવિંદ ગજ્જર

બહેનના આવવાનો વાયદો ત્રણ અઠવાડિયાંથી જતો હતો. ચિનુભાઈની ચિંતા વધતી હતી.

'એમ કરોને; તમે એમે ય જવાના તો છો ને અમદાવાદ? તો વળતાં ઊતરી પડજો ઉર્વશીબેનને ઘેર...' ચંદ્રકાંતાએ કૅલૅન્ડરનું પાનું ફાડીનાખ્યું.

'પણ આજે હજુ નવમી થઈ, અને મારે ઈન્ટરવ્યૂ તો સોળમીએ છે. ત્યાં સુધી રાહ જોવાય?' ચિનુભાઈએ કહ્યું. 'હશે ત્યારે, આપણે કેટલી લ્હાય કરીએ? હવે એમને તો આખો જન્મારો રંડાપો...'

ચિનુભાઈની નજર ફાટીને પડેલા પાના સાથે ચોંટી ગઈ હતી. વિધવા બહેન અને એનાં બે ભુલકાં સામે એમને જ જોવાનું હતું ને। ચંદ્રકાંતા ગમે તેમ તો ય 'પારકી જણી' હતી—બાપુજી કે'તા એમ. એમની નજર એવી પડી કે ચંદ્રકાંતાને બોલવું પડયું: 'અને મારી કયાં ના છે? એક ભાણાને આપણે રાખીશું, બસ?'

'બધું તો ઠીક, પણ ગામના મોઢે ગળણું બંધાય છે? કે'શે, એકનો એક ભાઈ...' ચિનુભાઈ છત સામે જોઈને બોલતા હતા.

'લોકો તો કોનું સારું બોલે છે, કે'શો?' 'કેમ?'

'કેમ શું? બનેવીને ઑપરેશન કરાવવા નીકળ્યા ને પેલી કાશી સામી મળી'તી, સાંભરે છે?'

'હા, હા; તે?' ચિનુભાઈ અધીરા બન્યા. 'એ ગામના લોકો કે'છે, રાંડ બૂચીના શકને જ મૂઓ બીચારો—વિધવા ખરી ને?!'

'અર...ર્! એમાં બીચારી એનો શો વાંક? લોકો ય સાલા ખરા છે। હું એવાં શુકન-અપશુકનમાં માનતો નથી.' ઘડીભર સાચું લાગવા છતાં ચિનુભાઈએ ચીડ કરી. 'આપણે બીજી વાતે ચડી ગયાં...' ચંદ્રકાંતા બોલી: '...તમે ઈન્ટરવ્યૂ આપવા જાઓ ત્યારે જતા આવજો ને.'

'હા ચોક્કસ. ઈન્ટરવ્યૂ આપતો આવીશ ને ઉર્વશીને લેતો ય આવીશ.'

છઠ્ઠા દિવસે સવારે નવ વાગ્યે, ચિનુભાઈ સીડી ઊતરતા હતા. ચંદ્રકાંતા પાછળ હતી. દંપતીના મનમાં એક જ પ્રાર્થના હતી: 'ભગવાન આટલા ઈન્ટરવ્યૂમાં પાસ કરજે...' ત્યાં ઓટલો ઊતરતાં જ, સામેથી બે ભુલકાંને આંગળીએ વળગાડીને આવતી ઉર્વશી નજરે પડી!

ચિનુભાઈના પગ રોકાઈ ગયા. ચંદ્રકાંતા જાણે ચમકી ગઈ. બંનેની નજરો અથડાઈ પડી ત્યારે 'મામા મામા' કરતો ભાણો દોડીને ચિનુભાઈને વળગી પડયો હતો.

'કેમ બેન, આટલા બધા દા'ડા?' ઉર્વશીનું કોરું ધાકડ કપાળ દેખી એ અંદરથી ધ્રૂજી ગયા! શંકાકુશંકાનો દરિયો ઘૂઘવ્યો. અને ઉર્વશી કશું બોલે એ પહેલાં 'ચાલ ત્યારે, હું અગિયારની બસમાં જઈશ; શી ઉતાવળ છે?' કહેતાંકને થેલી ચંદ્રકાંતાને આપી દીધી.

એમની નજર પારખી ગએલી ચંદ્રકાંતાએ પોપચાં ઢાળી દીધાં। □

પ્રતિનિધિ' તરીકે સત્કાર્યા અને બીજી લાહોરની કૉંગ્રેસમાં કર્ઝનને તેમના અમુક સુધારા માટે અભિનંદ્યા તે જ સુરેન્દ્રનાથે ઈ. ૧૯૦૨માં અમદાવાદ ખાતેની કૉંગ્રેસની બેઠકના પ્રમુખસ્થાનેથી લૉર્ડ કર્ઝનની બદલાએલી રાજનીતિ સામે કાનૂની ચળવળનો પડો વગાડયો. એમણે કહ્યું : 'જ્યારે સરકાર દેશી માલને કાયદાનું રક્ષણ આપતી નથી ત્યારે આપણે જ આપણા માલનું રક્ષણ કરવું રહ્યું. દેશહિતને માટે જે ભોગ આપ્યા હોય છે તેનો બદલો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે મળી રહે છે.' સત્તાપ્રમત્ત લૉર્ડ કર્ઝને પ્રજામતની અવગણના કરીને જ્યારે ઈ. ૧૯૦૫માં બંગાળના ભાગલા પાડયા ત્યારે સુરેન્દ્રનાથે એનો એવો તો સજ્જડ વિરોધ કર્યો કે તે બંગાળના અને સમસ્ત ભારતના એકમેવ લોકનેતા બની ગયા. ઠેરઠેર એમણે ભાષણો આપીને લોકમત જાગ્રત કરી જબ્બર ઉદ્રેક ભભૂકાવ્યો. પણ સરકારે મચક ન આપી તે ન જ આપી. આખરે એમણે ઇતિહાસપ્રસિદ્ધ 'બૉયકૉટ'નો કાર્યક્રમ આપ્યો અને આખુંય બંગાળ પ્રવૃત્તિથી ધમધમી ઊઠયું. વિદેશી માલના વિરોધનું એ મોજું પછી તો સમસ્ત ભારતમાં વ્યાપી વળ્યું. બદલામાં સરકારે રાતી આંખ કરી. દમનનો દોર શરૂ થયો. પણ એથી કંઈ હિંદીઓનો વિરોધવંટોળ શમ્યો નહિ. બારીસાલના જુવાનોએ તો સુરેન્દ્રનાથની આગેવાની નીચે 'વંદેમાતરમ્'ની ઘોષણા ગજવતું સરઘસ કાઢયું. પોલીસે વિરોધ ડામવા લાઠીમાર કર્યો. આગેવાન એવા સુરેન્દ્રનાથે આ અમાનુષી અત્યાચારથી છંછેડાઈ જઇ આગળ આવી પોલીસ અમલદારને સંભળાવી દીધું : 'આવો પકડો.' એમણે મૅજિસ્ટ્રેટે કરેલા પોતાના અપમાનનો પણ આકરો રદિયો આપ્યો. સરકાર છંછેડાઈ. સુરેન્દ્રનાથને માફી માગવાનું કહેવામાં આવ્યું. પણ માફી તે એ માગે ? ! સુરેન્દ્રનાથની લોકપ્રિયતા ઓર વધી. સહુએ એમના નામોચ્ચારને સહેજ બદલીને એમને સાભિપ્રાયરીતે 'સરેન્ડર નૉટ'(નમતું નહિ આપનાર) કહ્યા ...અને, અંતે નમતું તો આપવું પડયું સરકારને, બંગાળના ભાગલાનો હુકમ પાછો ખેંચીને ! હવે તો સુરેન્દ્રનાથને લોકોએ 'બંગકેસરી' અને 'બંગાળના બિતાજ બાદશાહ' કહીને નવાજ્યા.

એમણે સક્રિય રીતે હોદ્દા પર રહીને પણ રાજકારણમાં ઇતિહાસ સર્જ્યો હતો. ઇ. ૧૮૯૩થી સતત આઠ વર્ષ સુધી એઓ બંગાળની પ્રાંતીય ધારાસભાના અને ૧૯૧૩ થી ૧૯૨૦ સુધી ભારતીય ધારાસભાના સભ્ય રહ્યા હતા. વળી, ૧૯૨૧ સુધી બંગાળના સ્થાનિક સ્વરાજ્ય અને આરોગ્ય વિભાગના મંત્રી પણ નેતા. પણ ઈ. સ. ૧૯૨૩માં એમને બંગાળની ધારાસભાની ચૂંટણીમાં હાર મળી ત્યારથી એમની રાજકીય કારકિર્દીનો અંત આવ્યો. જોકે ત્યાર પછી થોડા જ સમયે, એટલે કે ઈ. ૧૯૨૫ના ઑગસ્ટની ૬ઠ્ઠી તારીખે ઇન્ફ્લ્યુએન્ઝાના હુમલાથી બરાકપોરમાં એમનું અવસાન થયું.

એક રીતે જોતાં ઇ. ૧૯૦૬ પછી એમની લોકપ્રિયતામાં ઓટ આવી રહી હતી. આનાં મુખ્ય કારણોમાં જહાલ વિચારોના એ કાળે ભારતમાં ચડતી આવતી વધુ જલદ અને ઉગ્ર આક્રોશની ભરતી હતી; ઈ. ૧૯૦૬ પછી અંગ્રેજ સરકારને યેનકેન પ્રકારે હટાવવા માટે ભારતીય યુવાનો હિંસક ને ગેરકાનૂની રીતરસમો અપનાવવા લાગ્યા હતા. સુરેન્દ્રનાથ જેવા સમ્યક્ ને કાનૂની રાહે લડત લડવા માગનાર નેતાને આ પસંદ ના પડે તે સ્વાભાવિક હતું. માટે સ્તો ઈ. ૧૯૦૭માં સુરત ખાતે મળેલી કૉંગ્રેસની બેઠકમાં જહાલપક્ષીઓએ ધાંધલધમાલથી કામ લીધું ત્યારે સુરેન્દ્રનાથે મવાળપક્ષીઓને સહકાર આપ્યો, અને પછીથી છેક ૧૯૧૫ સુધી મવાળ પક્ષના અધિવેશનમાં જ ભાગ લેતા રહ્યા. દરમિયાનમાં જહાલ પક્ષનું જોર જામતું હતું, બીજી તરફથી ભારતના રાજકીય તખતા પર મહાત્મા ગાંધીના પ્રવેશે નવી દિશા ઉઘાડી હતી, તેમજ ૧૯૧૯માં મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડના સુધારા બહાર પડયા તેનાથી કૉંગ્રેસની માગણીઓનો ઘણોખરો સ્વીકાર થતો હતો તેમ સુરેન્દ્રનાથને લાગેલું. એ બધાં કારણોને લઈ એઓ પોતાના જીવનના આખરના દિવસોમાં રાજકારણ અને લોકચાહનામાંથી ફેંકાઈ ગયા. ઈ. ૧૯૨૧માં અંગ્રેજ સરકારે એમને 'સર'નો ઈલકાબ આપ્યો ને એમણે તે ભોળાભાવે સ્વીકાર્યો એણે પણ એમની લોકચાહનાની ભરતીને ઓસરવામાં ફાળો આપ્યો હશે.

આમ, આગળ વધતી અસહકારની ચળવળ સાથે, પોતાના અમુક મક્કમ સિદ્ધાંતોને લીધે, કદમ ન મિલાવી શકનાર સુરેન્દ્રનાથ પાછળ પડી ગયા એથી એમની દેશદાઝનો આંક જરા પણ ઓછો આંકવા જેવો નથી. એમની અપૂર્વ દેશભાવના અને સમ્યક્ સક્રિયતાનો પુરાવો એમણે સ્થાપેલી 'ઇન્ડિયન એસોસીએશન' જેવી સંસ્થા આપી રહે છે. અરે, એ સંસ્થાની સ્થાપનાના દિવસે જ એમના વહાલસોયા પુત્રનું અવસાન થયું હતું છતાંય તે સાંજે સભાસ્થાપનામાં એઓ હાજર રહ્યા હતા ! એમની કર્તવ્યનિષ્ઠાનું અને દેશભક્તિનું બીજું ઉદાહરણ શોધવાની જરૂર ખરી ?

સિત્તોતેર વર્ષના પોતાના આયુકાળમાંથી લગભગ બે તૃતીયાંશ વર્ષો એમણે સક્રિય દેશસેવામાં ગાળ્યાં હતાં તે તેમની ભવ્ય સ્વદેશભાવના અને અવિરત કાર્યશીલતાની ઝાંખી કરાવી રહે છે. કામ એ જ એમને મન આરામ હતો. અંતિમ દિવસોમાં લખેલી પોતાની જીવનકથા 'ઘડાતું રાષ્ટ્ર'માં એઓ જણાવે છે : 'મારા જીવનમાં આજ સુધી જોમ અને ઉલ્લાસ રહ્યાં છે, આવડી વયે પણ એક જુવાન જેટલો વેગ ટકયો છે, તેનું કારણ એ છે કે મેં ખૂબ નિયમિત જીવન ગાળ્યું છે. વખતસર કસરતને હું કદી ચૂકયો નથી...માતૃસેવા અર્થે જિંદગી સમર્પી દેવા ઇચ્છનાર દરેક માણસે યુવાની ટકાવી રાખવા હમેશાં કસરત કરવી જોઈએ.' આઝાદી મળ્યા પછી એશઆરામમાં ગળાડૂબ આજની યુવાનપેઢીએ જુવાન જેફ સુરેન્દ્રનાથનો આ સંદેશ સદૈવ હૃદયમાં કોતરી રાખવા જેવો છે.

આવા અવ્વલ રાષ્ટ્રભક્ત, સદાય સક્રિય દેશસેવક, પ્રબુદ્ધ પ્રાધ્યાપક, અથાક પરિશ્રમી પુરુષ, નીડર અને નિષ્ઠાવાન દેશનેતા તથા વિસ્મયકારક વક્તા સુરેન્દ્રનાથ બૅનરજીના અવસાનને આજે અર્ધી સદી થઈ ગઈ છે અને ભારતની પ્રજાને રાજકીય જાગ્રતિ પ્રતિ સૌપ્રથમ વાળનાર એમની સંસ્થા 'ઇન્ડિયન એસોસીએશન'ને પૂરી એક સદી થઈ છે ત્યારે એ અભિનંદનીય અને અભિવંદનીય રાષ્ટ્રપુરુષનું સાચા દિલથી સ્મરણાંજન અને પૂર્ણ સમજથી પુનર્મૂલ્યાંકન થવું ઘટે છે એમ કોઈ પણ ઇતિહાસજ્ઞને લાગ્યા વગર રહેશે નહિ. □

અનુસંધાન] **પૃથ્વી** [પૃષ્ઠ ૭૯થી

અને આજે દુનિયાના સૌથી ઊંચા પર્વતોની હારમાળા રૂપે બેવડ વળી ઊંચું આવ્યું છે. આવા જળ-સ્થળના ફેરફારો અનેક જગ્યાએ હજી ચાલુ છે. હિમાલય પણ હજી દર સૈકામાં ૬ ફૂટ (બેએક મીટર) ઊંચો થાય છે. અમેરિકાના પૂર્વ કિનારાની ભૂમિ છેલ્લાં વીસ વર્ષમાં ૪ ઇંચ (દસેક સેન્ટીમીટર) ઘટી છે. કાળના પ્રવાહમાં ન્યૂ યૉર્ક શહેર અને તેની ગગનચુંબી ઈમારતો સમુદ્રના તળમાં ડૂબી જશે તેવું વૈજ્ઞાનિકો માને છે. આલાસ્કામાં સમુદ્રતળ નીચે બેસી રહ્યું છે. નેપલ્સની બાજુમાં બેઈ નામનો ટાપુ તેની ઉપરના મહેલો અને મકાનો સાથે એક વાર સમુદ્રમાં ડૂબી ગયો હતો. ઈ. ૧૯૪૧માં તે સમુદ્રની ઉપર આવેલો અને ૮૦ વર્ષ બાદ ફરીથી ડૂબી ગયો. સમુદ્રનાં તળો પણ ઉચાંનીચાં થયા કરે છે અને ક્વચિત્ તેમાંથી નાનામોટા બેટો પણ આમ ઊપસી આવે છે. ધરતીકંપ અને જ્વાળામુખી પણ ધરતીની ઊથલપાથલમાં મોટો ભાગ ભજવે છે. એક વખતે દક્ષિણ ભારત, ઑસ્ટ્રેલિયા અને આફ્રિકાના ખંડો જોડાએલા હશે એવી માન્યતા ભૂસ્તરશાસ્ત્રીઓ ધરાવે છે. (ચાલુ)

મધુરેન સમાપયેત

મનોજ બસુ

અનુવાદ : સુકન્યા ઝવેરી

ઈલેક્શન પૂરું થયું. છાપામાં હવે મજા નહોતી. ભોંય પર એક બાજુ પડયું રહે. સુરથે અલસપણે ઉપાડી લીધું. એક જાહેરખબર પર નજર પડી. વાંચી અને કાપી લીધી. માધવે એ જોયું. એ પણ સાડા ચાર વર્ષથી નોકરીની શોધ કરતો રહ્યો છે. એણે પૂછયું: 'શું નોકરી ખાલી છે?'

'ના.' કહીને સુરથ હસ્યો. એટલે બીજા ચાર-પાંચ જણ એ ટચૂકડી જાહેરખબર જોવા વળ્યા. લખ્યું હતું: 'વધુ-વિક્રય.— ખૂબ સરસ. જરૂર પસંદ પડશે. પધારી ખાતરી કરો.'

કામાખ્યા ભટ્ટાચાર્ય સુરથનાં ચશ્માં પહેરી બે વાર વાંચી બોલ્યો: 'જોડણીની ભૂલ છે.' 'વધુ'માં હ્રસ્વ નહિ, દીર્ઘ જોઇએ. એટલે હસો છો? એમાં હસવાનું શું? ભૂલ થાય.' ત્યાં હરવિલાસ વકીલ બોલ્યો: 'કેવળ જોડણીની ભૂલ નહિ, કાયદાની દષ્ટિએ પણ માણસ વેચાય ખરું?'

'પન્નાલાલ શતરંજમાંથી મોં ઊંચું કરી બોલ્યો: 'નાનપણમાં ઇતિહાસ ભણ્યો હશે. જૂનાપુરાણા સ્વપ્ન જેમ આછી યાદ આવી. કાયદાની નજરે 'ગુલામ' ન વેચાય. અમેરિકામાં એવું બન્યું હતું. પણ માણસ વેચવો ગેરકાયદેસર એવું કોણે કહ્યું?' સામે ભટ્ટાચાર્ય બોલ્યો: 'દાસ ને દાસી. પત્ની એટલે ગુલામડી (દાસી) જ ને!'

હરવિલાસ બોલ્યો: 'એ જમાના ગયા. હવે નહિ. જોજે આવું ક્યાં ય રખે બોલતો.' સુરથ ઊઠીને ઊભો થયો: 'હું પોતે જ જાઉં છું ત્યાં જોવા. ઠેકાણું યે લખ્યું છે: ૮૭ સી. શ્યામલાલ લેન.'

ખૂબ રખડીને શોધી કાઢી સુરથે સાંકળ ખખડાવી. એક વૃદ્ધ સજ્જન બારણું ખોલી જિજ્ઞાસુ આંખોએ જોઈ રહ્યા. સુરથ બોલ્યો: 'આપે જ "વંદેમાતરમ"માં જાહેરખબર આપી હતી?'

'હા, હા; મારું જ નામ હરિહર રાય.' બુઢ્ઢાએ વધુ બોલવાની તક ન દેતાં ઘાંટા પાડવા શરૂ કર્યા. 'અમલા... ઓ અમલા!'

સોળ-સત્તર વર્ષની એક તન્વી તરુણી ચંચલ પગલે દોડી આવી. અપરિચિત યુવકને જોઈ ખમચાઈ. હરિહર બોલવા માંડયા: 'અમલા, જો; આ આવ્યા છે. તું કહેતી હતી ને કે જાહેરખબરથી કંઈ ન વળે! તેથી તારાથી છાનીમાની દીધી હતી. જો, હજુ છપાઈ નથી ત્યાં તો ગ્રાહક તૈયાર! આવવા ય માંડયા.' સાવ જ સરળ, ભોળા માણસ. સફેદ દાઢી ને મૂછ. સૌમ્ય મુખ જોઇને જ લાગે કે આ માણસને પારકું-પોતાનું કંઈ જ નથી. અમલા શરમાઈ ગઈ ને અંદર ચાલી ગઈ.

હરિહરે તો બોલવાનું ચાલુ જ રાખ્યું: 'નોકરી કરતો હતો એવામાં ભેજું ખરાબ થઈ ગયું. હવે જોકે સારું છે. પણ નોકરી હવે ક્યાંથી મળે? ખરાબ દિવસો જાય છે. તેથી જ જાહેરખબર દીધી'તી.'

સુરથને કહેવાનું મન થયું: ના રે હજુ કંઈ સારું નથી થયું. પણ કહેવાય છે થોડું? વૃદ્ધને જોઈ એને દુઃખ પણ થયું. સમજાયું, ગરબડ જોડણીની નહોતી, કાયદાની યે નહોતી; આ બુઢ્ઢાના ભેજાની જ હતી. હરિહર કહેતા હતા: 'તે માલ એકદમ સારો જ છે. જે જોશે એને પસંદ પડશે. તમને બતાવું છું...' કહીને ફરી બૂમાબૂમ: 'અમલા! અમલા!'

અંદરથી મધુર અવાજ આવ્યો: 'હું કામમાં છું, વારેવારે નથી આવતી બહાર.' 'તે બીચારા આ આટલે દૂર સુધી આવ્યા છે ને.'

'એમને અંદર મોકલી દો.'

સુરથ તો ગભરાઈ ગયો! માર્યા ઠાર! છોકરીનું ય ભેજું ગેપ છે કે શું? જાણ નહિ, પહેચાન નહિ ને અંદર મોકલી દો!

હરિહરે કહ્યું: 'જાઓ ભાઈ, બતાવી દેશે, બધું.'

અંદર જઈ જોયું. અમલા કંઈ જ કરતી નહોતી. બધું જ જુદું. ખાટલા પર પહોળી થઈ આરામથી બેઠી હતી. સુરથને જોઈ જલદીથી ઊઠી ને વાંકી વળી પગે લાગી.

સર્વનાશ! નક્કી આ યે પાગલ જ છે! પછી લાગ્યું કે પોતે એને ઓળખે છે; અરે! આ તો કીકી! કેવડી મોટી થઈ ગઈ! 'અમલા' બની છે. ઓળખવી યે મુશ્કેલ! સુરથ બોલ્યો: 'વિનય આજકાલ—?'

તરુણીનું હાસ્ય વિલાઈ ગયું. મોં પર અંધકાર છવાઈ ગયો. ઉપર હાથ કરી બોલી: 'સ્વર્ગમાં...' થોડી નીરવતા. ફરી અમલા જ બોલી: 'આ પાંચ વર્ષ તો જાણે પાંચ યુગ. મા મરી ગઈ. દાદા પણ. બાપુજી ગાંડા થઈ ગયા. નોકરી ગઈ. એ પછી અમે પુરી ગયાં હતાં.'

સુરથને શરમ આવી. વિનય એનો મિત્ર, સહપાઠી. એની જોડે બે-ચાર વાર એને ઘેર પણ ગયો હતો. ત્યારે તેઓ મીરજાપુર સ્ટ્રીટમાં રહેતાં. બીચારો પોતાની કેફિયત દેતાં બોલ્યો: 'હું પણ નોકરી માટે લખનૌ હતો.' અમલા બોલી: 'અમે મહિનો'ક થયા જ આવ્યાં છીએ. હું તો તમને જોઇને જ ઓળખી ગઈ હતી. તે તમે 'મીમાંસા' છોડી 'મધુ'નો ધંધો ક્યારથી કરવા માંડયો?'

સુરથને શરમ આવી. આવી રીતે જાહેરખબર વાંચી દોડયા આવવું સારું થોડુ કહેવાય? ને એ ય પાછું વિનયના ઘેર! કીકી મોટી થઈ. મશ્કરી કરી રહી હતી. સુરથ સંસ્કૃતમાં એમ.એ. કરી 'મીમાંસા' પર થીસિસ લખતો હતો એ એને ખબર હતી. પણ મશ્કરીનો જવાબ ન દે તો સુરથ શાનો? બોલ્યો: 'શાસ્ત્રમાં લખ્યું છે 'મધુરેન સમાપયેત.' મધુરસથી જ સકળ મીમાંસા થવી ઉચિત. અચ્છા, તો હું જાઉં છું, કામ હજુ ઘણું બાકી છે.' અમલા બોલી: 'તમારે કોઠારમાં આવવું પડશે. અહીં સુધી તો હું નહિ લાવી શકું.' કેમ? શું—?'

સુરથ ભાગવાની પેરવીમાં હતો. અમલાએ કહેવાનું ચાલુ જ રાખ્યું: 'વાહરે! એવડુ મોટું પીપ! હું ઊંચકી શકું?'

'પીપ?' અમલા બોલી: 'હા મધુ (મધ)નાં મોટાં મોટાં પીપ. સુંદરવનના મધપૂડામાંથી મધ આવે છે. દસેક મણ વેચાય તો સારું.'

સુરથે જાહેરખબરની કાપલી બહાર કાઢી. અમલાએ હાથમાં લઈ વાંચી- ખિલખિલાટ હસી પડી: 'સર્વનાશ! "મધુ"ને બદલે "વધુ"! તો શું તમે 'વધૂ' માટે આવ્યા છો?'

સુરથ હસી ન શક્યો. બોલ્યો: 'હા.'

અમલા પણ ચૂપ થઈ ગઈ: 'તો તો હેરાનગતિ થઈ ફોકટની!' સુરથ કહે: 'ના રે, તું હા પાડે તો શાની હેરાનગતિ? જોઇએ, શું થાય છે.'

એવામાં હરિહર અંદર આવ્યા: 'કેમ, પસંદ પડયું? નહિ તો કહેજો કે બુઢ્ઢાએ ફસાવ્યો.' સુરથ બોલ્યો: 'જી, આપની જાહેરખબરમાં ભૂલ છે!' કહીને જાહેરખબર બતાવી. બુઢ્ઢો બીચારો નિરાશ થઈ ગયો. આંખમાં આંસુ આવી ગયાં. થોડી વાર કંઈ બોલ્યો નહિ. પછી: 'તમે મારા દીકરા જેવા જ છો. તમારે ખાવા માટે લઈ જાઓ. પૈસા નહિ લઉં.'

સુરથ એમની ચરણરજ લઈ બોલ્યો: 'હું તમારો દીકરો જ બનવા માગું છું. મારે યે બાપ નથી. અમલા મને ઓળખે છે. હું વિનયનો દોસ્ત છું.'

દોઢ મહિના પછી ફરી સુરથ અડ્ડા પર આવ્યો. બધા એને વીંટળાઈ વળ્યા. કોઇએ પૂછયું: 'વ્યાકરણની ભૂલ હતી કે કાયદાની?'

સુરથ બોલ્યો: "વધૂ-વિક્રય" ને બદલે "કન્યા-લગ્ન" જોઈએ.'

ભટ્ટાચાર્ય બોલ્યા: 'સાચી વાત. લગ્ન પહેલાં "વધૂ" થાય જ શી રીતે? અને પૈસા તો આપે કન્યા પક્ષ. વિક્રય શાનો? પણ પછી શું થયું? મુદ્દાની વાત કરો, સુરથભાઈ?'

સુરથે તરત જ ખીસામાંથી કંકોત્રી કાઢી બધાને એકએક આપી દીધી.

જૂનાગઢ મ્યૂઝિયમ

લેખક · પુષ્પકાન્ત વિ. ધોળકિયા

સંગ્રહસ્થાન અને પુસ્તકાલય એ કોઈ પણ સુસંસ્કૃત શહેરની નિશાની છે. સૌરાષ્ટ્રમાં ભૂતપૂર્વ જૂનાગઢ રાજ્યના નવાબ રસૂલખાને પોતાના પાટનગરને આધુનિકતાનો ઓપ આપવા જે યોજના કરેલી એના એક અંગ રૂપે ઈ. ૧૮૯૭ના ડિસેમ્બરની ૨૭ તારીખે મુંબઈ પ્રાંતના ગવર્નરના હસ્તે જૂનાગઢના મ્યૂઝિયમનો શિલાન્યાસ થયો. ચાર વર્ષ પછી ઈ. ૧૯૦૧ની ૫મી ડિસેમ્બરે 'રસૂલખાનજી મ્યૂઝિયમ' નામે લૉર્ડ નૉર્થકૉર્ટે એનું ઉદ્‌ઘાટન કરેલું. પણ પછી એકઠો થતો જતો સંગ્રહ વધી પડતાં એનું મકાન નાનું પડવા લાગ્યું, આથી ઈ. ૧૯૩૨માં વજીર બહાઉદ્દીનના ગ્રીષ્મભવનનાં એને ફેરવવામાં આવ્યું. (અસલ મકાનમાં આજે ખાદીભંડાર ચાલે છે.) શહેરની ધમાલથી દૂર શાંત સુંદર 'સકરબાગ'માં આ સંગ્રહસ્થાન છે. બાગમાં પ્રાણીસંગ્રહ-ઝૂ પણ હોઈ લોકો માટે આ સ્થળ બેવડું આકર્ષણ બની રહ્યું છે.

સ્વાતંત્ર્ય બાદ મધ્યસ્થ સરકારના પુરાતત્ત્વખાતાના નિમંત્રણમાં રહ્યા પછી, ગુજરાત રાજ્યની રચના બાદ ઈ. ૧૯૬૪માં સંગ્રહાલઓ માટે અલગ ખાતું રચાતાં હાલ આ મ્યૂઝિયમ એના નિયંત્રણમાં છે.

પુરાતત્ત્વીય, અવશેષો અભિલેખો, શિલ્પ, કલાકૌશલ, લોકકળા, વિવિધ વસ્ત્ર ઇત્યાદિ ઉપરાંત અનામત સંગ્રહ તથા એક નાના સંદર્ભ-ગ્રંથ-સંગ્રહ સહિત આ સંગ્રહાલય બાર વિભાગોમાં વહેંચાએલું છે.

ઈ. ૧૯૪૯માં જૂનાગઢથી આઠ કિ. મી. દૂર ગિરનારની તળેટીમાં ઇણ્ટંવા નામક એક પ્રાચીન સ્થાન પર બે બૌદ્ધ વિહારના અવશેષો મળેલા. તેમાંથી મળેલી લાંબી પાતળી ઈંટો અને અન્ય અવશેષો સાથે અહીં સંઘરાએલા ત્યાંના નમૂનાઓમાં એક અઢી સેન્ટીમીટર જેટલું નાનકડું પાકી માટીનું સીલ નોંધનીય છે. એના પર બ્રાહ્મી લિપિમાં 'મહારાજા રુદ્રસેન વિહારે ભિક્ષુ સંઘસ્ય' એટલે કે 'મહારાજા રુદ્રસેનના વિહારના (રહેવાસી) ભિક્ષુ સંઘની' (મુદ્રા) એવું લખાણ છે. પુરાતત્ત્વ અને ઇતિહાસની દૃષ્ટિએ ઈ. ૧૯૯-૨૨૨ દરમિયાનનું આ સીલ ચષ્ટન વંશના ક્ષત્રપ રાજા રુદ્રસેન પહેલાએ સૌરાષ્ટ્રમાં (જૂનાગઢમાં) વિહાર બંધાવ્યા હોવાનો આ એકમાત્ર પુરાવો છે. તથા બોરિયા સ્તૂપમાંથી મળેલો સોના-રૂપાની ડબ્બીઓ સાથેનો મોતી અને પારાયુક્ત માટીનો દાબડો વગેરે અનેક પ્રાચીન નમૂનાઓ પરથી આ તરફના ભૂતકાલીન બૌદ્ધ પ્રભાવ અંગે ઘણી માહિતી મળે છે. ઉપરાંત અહીં સંઘરાએલા બ્રાહ્મી, આદિ સંસ્કૃત, જૂની ગુજરાતી, ફારસી વગેરે ભાષાના લેખો વગેરે પરથી પણ આ પ્રદેશના ઇતિહાસ પણ ઘણો પ્રકાશ પડે છે.

અહીંના શિલ્પસંગ્રહમાં પણ કેટલાક નમૂના છે, જેમાં ક્ષત્રપકાલીન વ્યાલ, ઊભેલા અને શેષનાગ પર સૂતેલા વિષ્ણુની પ્રતિમાઓ ને વિધવિધ સૂર્યમૂર્તિઓ તથા કેટલીક જૈન પ્રતિમાઓ નોંધનીય છે.

અહીંનો ઘણો સંગ્રહ તો રાજવીઓ પાસેથી મળેલો હોઈ એમાં રોજિંદા વપરાશની સોનાચાંદીની અને અનેકવિધ કારીગરીવાળી કિંમતી કાચની સંખ્યાબંધ ચીજો તત્કાલીન સમયની સમૃદ્ધિ તથા ત્યારના કલાકૌશલનો ખયાલ આપે છે. યશબ (જેઈડ) પથ્થરની એક ચિત્રાંકિત પેટી, મુસ્લિમ સૂત્રોના કલામય લાક્ષણિક લખાવટવાળી લગભગ પારદર્શક એવી પથ્થરની તકતી, કાચનાં કલામય ઝુમ્મરો અને રંગબેરંગી હાંડીઓ, સુંદર ચિત્રાંકનોવાળી ચીની સુરાહીઓ, કાષ્ઠકોતરના તદ્દન નાનાથી માંડી શોભન ખચિત ગાડા સુધીના વિવિધ નમૂનાઓ, ચાકળા, ટોડલિયા, પછીતપાટી, ચોપાટ, બળદની (અને કૂતરાની પણ) ઝૂલ વગેરે શણગાર સહિત સૌરાષ્ટ્રના લાક્ષણિક ભરત અને મોતીકામના સુંદર નમૂના પણ અહીં સંઘરેલા છે. આ ઉપરાંત અલંકારો, શોભનમંડિત તલ્વા, પટોળાં, બાંધણી બાટ વગેરે જેવાં વસ્ત્રો, ચિત્રો, હસ્તલિખિત ગ્રંથો પણ અહીં છે. ધરસેન, શીલાદિત્ય, બલવર્મન ને અવનિવર્મન વગેરે રાજાનાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં તામ્રપત્રો અને છેક ટંક-આહતથી માંડી છેલ્લા જૂનાગઢ રાજ્યના સિક્કા સુધીના હજારો સિક્કાનો અહીંનો સંગ્રહ પણ નોંધનીય છે. સ્થળસંકોચને કારણે કેટલોક સંગ્રહ હાલ અનામત રાખી મુકાયો છે.


જૂનાગઢ સંગ્રહાલયની સાથે સંદર્ભગ્રંથોનો એક નાનો સંગ્રહ છે જેમાં કેટલાંક વિરલ ગ્રંથો પણ છે. ઇચ્છુકો એનો પણ લાભ લઈ શકે છે.

આમ, કદમાં નાનું પણ નાનામોટા હજારો નમૂનાઓ ધરાવતું તથા સૌરાષ્ટ્રના ઇતિહાસની કેટલીક કડી સાંકળી આપતા મૂલ્યવાન સંગ્રહવાળું જૂનાગઢ મ્યૂઝિયમ સૌરાષ્ટ્રનાં સંગ્રહાલયોમાં કેટલીક દૃષ્ટિએ આગવું અને એ રીતે પ્રેક્ષણીય છે. □





(ફોટો : ગુજરાત રાજ્યના સંગ્રહાલય ખાતાના સૌજન્યથી)





△ઈહાવામાંથી મળેલી પાકી માટીની મુદ્રા. ક્ષત્રપ રાજા રુદ્રસેને જૂનાગઢ (સૌરાષ્ટ્ર)માં બંધાવેલા વિહારનો એકમાત્ર પુરાવો. વચ્ચે ઉપર બોરિયા સ્તૂપમાંથી મળેલા દાબડા. વચ્ચે નીચે : સૌરાષ્ટ્રના લાક્ષણિક મોતીભરતની પછિતપાટી અને જમણી બાજુ છેડે ચીની વાઝ.

પૃથ્વી

બ્રહ્માંડમાં જેની કંઈ જ વિસાત નથી છતાં સૂર્યપરિવારમાં વિશિષ્ટ સ્થાન ધરાવનાર સુપરિચિત છતાં હજી અનેક રીતે રહસ્યમય આપણું ઘર

લેખક · ડૉ. યશવન્ત ગુ. નાયક


સૂર્યના પરિવારમાં પૃથ્વી એક વિશિષ્ટ ગ્રહ છે. સૂર્યથી એ એટલો માપસર દૂર છે કે એના ઉપર અતિશય ગરમી કે અતિશય ઠંડી પેદા થતી નથી. વળી, એને આવરી રહેલું વાતાવરણ અને એના પરના પાણીના સમુદ્રો એની વિશિષ્ટતાઓ છે; કારણ કે એ બન્ને કારણે પૃથ્વી ઉપર વનસ્પતિ અને જીવસૃષ્ટિનો ઉદ્‌ભવ થયો છે. વળી, એ જીવ-સૃષ્ટિની ઉત્ક્રાંતિમાં કાળક્રમે પૃથ્વી ઉપર માનવી અસ્તિત્વમાં આવ્યો છે, જે આજે અસીમ વિશ્વથી માંડી સૂક્ષ્મ પરમાણુઓનાં રહસ્યો ઉકેલી આ બ્રહ્માંડનાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન વિષે જ્ઞાન સંપાદન કરવા લાગ્યો છે. છેલ્લાં અવકાશી સંશોધનોને પરિણામે લગભગ એ સાબિત થયું છે કે સૂર્યના બીજા ગ્રહોમાં જીવનની શકયતા નહિવત્ છે. આ કારણે પૃથ્વી અને તેના પર રહેતો મનુષ્ય વિશિષ્ટ સ્થાન ભોગવે છે તેમાં શંકા નથી. વિશ્વની અને કુદરતની અનેક સમસ્યાઓનો મનુષ્ય તેની જ્ઞાનેન્દ્રિયો દ્વારા અનુભવ કરી ઉકેલ લાવી શકે છે. મનુષ્ય જેવી બુદ્ધિમત્તા અને જ્ઞાનેન્દ્રિયો ધરાવનાર બીજું પ્રાણી અફાટ વિશ્વના ઊંડાણમાં કોઈક બીજા સૂર્ય (તારા)ની ફરતે ભ્રમણ કરતા પૃથ્વી જેવા ગ્રહની ઉપર ઉત્ક્રાંત થએલું હશે કે કેમ તે હજી ચોકસાઈથી કહી શકાતું નથી, તેમજ નકારી શકાતું પણ નથી. આપણને ને સમગ્ર ચેતન સૃષ્ટિને ધારણ કરતી પૃથ્વી ખરેખર અદ્‌ભુત રચનાની છે અને તેનાં અનેક રહસ્યો હજી ઉકેલવાનાં બાકી છે. આમ છતાં એને વિષે આજે આપણે ઘણું જાણતા થયા છીએ.

ઈ. સ. પૂર્વે ૨૫૦ વર્ષ પહેલાં ઍલેક્ઝાન્ડ્રિયામાં રહેતા ગ્રીક તત્ત્વજ્ઞાની એરેટોસ્થેનિસે સૌપ્રથમ પૃથ્વી ગોળ છે એવું સ્થાપિત કરીને તેનો પરિઘ આશરે ૨૫૦૦૦ માઈલનો હોવો જોઇએ તેવું માપ કાઢયું હતું. આજે આપણે જાણીએ છીએ કે પૃથ્વીનો વિષુવવૃત્ત ઉપરનો પરિઘ ૨૪-૯૦૨ માઈલનો છે. પાઈથાગોરાસે પણ ૨૫૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ગોળ છે એવું પ્રતિપાદન કર્યું હતું. ત્યાર પછી ટૉલેમી નામના ગ્રીક તત્ત્વજ્ઞાનીએ પૃથ્વી અને ગ્રહો સૂર્યની ફરતે વર્તુલાકાર માર્ગે ફરે છે એમ જણાવ્યું, અને ઈ. સ. ૧૫૪૬માં કૉપરનિકસે સૈદ્ધાંતિક રીતે એ સાબિત કર્યું. ભારતના આર્યભટ વગેરે અનેક ખગોળશાસ્ત્રીઓને પણ આ સિદ્ધાંતની ખબર હતી અને તેને આધારે ગ્રહોની ગતિ ચોકસાઈથી નોંધી હતી. પૃથ્વીની કક્ષા વર્તુલાકાર નથી પરંતુ થોડી દીર્ઘ વર્તુલાકાર છે એમ કેપ્લરે ઈ. સ. ૧૬૦૯માં સાબિત કર્યું.


આમ, પૃથ્વી સૂર્યમંડળનો ત્રીજી કક્ષામાં ફરતો ગ્રહ છે. એનું સૂર્યથી સરેરાશ અંતર ૯,૩૦,૦૦,૦૦૦ માઈલ (૧૪,૮૮,૦૦,૦૦૦ કિ.મીટર) છે. દીર્ઘ વર્તુલમાં ફરતી હોવાથી એના સૂર્યથી સૌથી નજીક અને સૌથી દૂરના અંતરમાં આશરે ૩૧ લાખ માઈલ (૪૯-૯૧ કિ. મી.)નો ફેર પડે છે. આ કક્ષામાં સૂર્યની ફરતે એક ભ્રમણ કરવામાં એને ૩૬૫¼ દિવસ લાગે છે. પૃથ્વીનો આ કક્ષામાં ફરવાનો વેગ દર સેકન્ડે ૧૮-૫ માઈલ છે, એટલે પૃથ્વી જેવડો વિશાળકાય ગોળો કલાકના ૬૬,૬૦૦ માઈલ (૧૦૬,૫૬૦ કિ. મી.)ના પ્રચંડ વેગથી અવકાશમાં મુસાફરી કરે છે. વળી, એ એની અક્ષ ઉપર ૨૪ કલાકમાં એક ચક્ર ફરી રહે છે અને તેથી તેની સપાટી ઉપર રહેલી પ્રત્યેક વ્યક્તિ કલાકના આશરે ૧૦૦૦ માઈલ (૧૬૧૦ કિ. મી.)ની ઝડપે વર્તુલાકારે ફરે છે. આમ જોતાં આપણે એક એવા વાહન ઉપર મુસાફરી કરીએ છીએ કે જેની ઝડપ જેટ વિમાન તથા અવકાશમાં મુસાફરી કરતાં રૉકેટો અને અવકાશયાનની ઝડપ કરતાં પણ વધુ છે.

પૃથ્વીનો આકાર સંપૂર્ણ ગોળાકાર નથી પરંતુ વિષુવવૃત્ત ઉપર તે સહેજ ઊપસેલી છે અને ધ્રુવપ્રદેશોમાં થોડી ચપટી થએલી છે. વિષુવ-વૃત્તનો વ્યાસ ૭,૯૨૬ માઈલ (૧૨,૬૮૧ કિ. મી.) છે જ્યારે બે ધ્રુવો વચ્ચેનો વ્યાસ ૭,૯૦૦ મા. (૧૨,૬૦૦ કિ. મી.) છે.

પૃથ્વીની ચક્રગતિની અક્ષ એની ભૌમિતિક અક્ષથી સહેજ જુદી દિશામાં છે, અને વળી, જેમ એક ભમરડો સપાટ ભૂમિ ઉપર ત્રાંસો ફરે છે તેમ પૃથ્વી પણ તેની ભ્રમણકક્ષાના તલ પર સહેજ ઢળતી રહે છે અને તેનો ખૂણો લગભગ ૨૩° જેટલો છે. આ પણ એક કુદરતે સુખદ યોજના કરેલી છે; કારણકે આને કારણે ૭ માસ સૂર્ય વિષવવૃત્તથી ઉત્તરના પ્રદેશોમાં માથે આવે છે અને બીજા ૭ માસ દક્ષિણના પ્રદેશોમાં માથે



ભૂતકાળમાં પૃથ્વી વિષે કંઈક અવનવા ખયાલો પ્રવર્તતા હતા. પણ એ બધામાં મુખ્યત્વે સૌ પોતાને વિશ્વના કેન્દ્રસ્થાને હોવાનું સમજતા. બૅબિલોનમાં મનાતું કે પૃથ્વી એ ચોપાસ દરિયાથી ઘેરાએલા અને નીચેથી ખુલ્લા એવા એક વિશાળ પર્વત જેવી છે. આ પર્વતની અંદર એક અંધારિયા પોલાણમાં મૃતાત્માઓનો વાસ છે. પર્વતની ઉપર આકાશનું વિશાળ આવરણ છે અને એમાં સૂર્યચન્દ્ર ને તારાઓ હરેફરે છે. મીસરમાં મનાતું કે પૃથ્વી એ વનસ્પતિરૂપ વસ્ત્ર પહેરીને બેઠેલો 'કેબ' નામનો દેવ છે ને એ પર નદી જેવી સ્વર્ગની સુંદર દેવી ઝળૂંબી રહી છે. આ સ્વર્ગ-સરિતામાં રોજ સવારે સૂર્યદેવ વિહાર કરવા પ્રવેશે છે અને સાંજે મૃતાત્માઓની અંધારી રાતમાં ચાલ્યા જાય છે. ભારતમાં પણ આ રીતે અનેકાનેક ખયાલો પ્રચલિત હતા, જેમાંના એક ખયાલમાં એમ મનાતું કે પૃથ્વીને પોતાની પીઠ ઉપર ધારણ કરીને કાચબાની પીઠ ઉપર હાથીઓ ઊભા છે. તેઓ જ્યારે સળવળે છે ત્યારે ધરતી કંપી ઊઠે છે. આ કૂર્મ—કાચબો ભગવાન વિષ્ણુનો અવતાર છે અને એ શેષનાગ પર સ્થિત છે. ઉપર આ ખયાલોને ચિત્રિત કરી દર્શાવ્યા છે.




△ પૃથ્વીનું અંતરાળ ખરેખર કેવું છે એ તો હજી યે કોઈ જાણતું નથી, પણ એ વિષે જે કેટલીક કલ્પનાઓ છે તેમાં મુખ્યત્વે એમ મનાય છે કે સાગરતળ સાથેનો સૌથી ઉપરનો ભૂ-સ્તર ચારથી માંડી ત્રીસેક માઈલ જેટલો જાડો છે. પૃથ્વીના કદના પ્રમાણમાં તો આ ઈંડાની કાચલી જેટલો ગણાય. એની નીચે લગભગ ૧૮૦૦ માઈલ સુધી વિવિધ ખડકો વગેરે જેવા પદાર્થોનો સ્તર છે જેને 'મેન્ટલ' કહે છે. આ સ્તરમાં જેમ જેમ ઊંડે જઈએ તેમ તેમ એની ઘનતા વધતી જાય છે, કારણ ઉપરના વધતા જતા આવરણના ભારથી એ વધુ ને વધુ દબાતો જાય છે. આની નીચે પૃથ્વીનો ગર્ભભાગ આથી યે વધુ ઘટ્ટ છે, પણ એ ઉપરાંત એનો ઉપરનો ભાગ કદાચ પ્રવાહી લોહનો છે; અને એથી યે અંદરનો ગર્ભ ઘન લોહ અને નિકલ ધાતુ જેવો છે. પણ આની કોઈ પ્રત્યક્ષ સાબિતી નથી. પૃથ્વીની અંદરના આ મુખ્ય ભાગો બાજુમાં દર્શાવ્યા છે. પણ આ સ્તરોમાં ખાસ કરીને સૌથી ઉપરના ભૂપૃષ્ઠ અને મેન્ટલમાં પણ ઓછીવધતી ઊંડાઈએ અનેક ફેરફારો હોવાની કલ્પના છે.

આવે છે. આ કારણથી પૃથ્વીના ઉપર ઉનાળા અને શિયાળાની ઋતુઓના ફેરફાર થાય છે અને તેને કારણે પવનના પ્રવાહો તથા વરસાદ પેદા થાય છે. પૃથ્વીની અક્ષ અવકાશમાં અત્યારે ધ્રુવના તારાની દિશામાં છે, પરંતુ તેની દિશા પણ બદલાયા કરે છે અને આશરે ૨૬,૦૦૦ વર્ષમાં તે શંકુ આકારે એક ભ્રમણ પૂરું કરે છે.

પૃથ્વીની સપાટી પર ત્રણ આવરણો છે: ભૂ-આવરણ, જલ-આવરણ અને વાતાવરણ. આવરણો પદાર્થની ત્રણ મુખ્ય સ્થિતિ—જડ, પ્રવાહી અને વાયુ એ ત્રણેનો જાણે અહીં યોગ્ય સમન્વય થયો છે. બીજા ગ્રહો ઉપર વાતાવરણ નહિવત્ છે અને પાણી પણ નથી.

પૃથ્વીનાં આ ત્રણ આવરણોની ઘનતા ગ્રામ દર ઘન સેન્ટિમીટર અનુક્રમે ૫.૫, ૧, અને ૦.૦૦૧૨૯૩ જેટલી છે. સમગ્ર પૃથ્વીનું વજન ૬×૧૦^{૨૧} ટન (૬ પછી એકવીસ મીંડાંવાળી સંખ્યા) જેટલું છે. આટલા પ્રચંડ વજનને કારણે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ-બળ બુધના ગ્રહ કરતાં ૨૫ ગણું છે. પૃથ્વી ઉપરથી કોઈ પણ પદાર્થને આ ગુરુત્વબળમાંથી મુક્ત કરવો હોય તો તેનો વેગ સેકન્ડના ૭ મા. (૧૧.૨૭ કિ. મી.)થી થોડો વધુ હોવો જરૂરી છે. આ ગુરુત્વબળને કારણે પૃથ્વીના વાતાવરણના વાયુઓના પરમાણુ પણ તેમની મોટી ગતિ હોવા છતાં પૃથ્વીની બહાર ફેંકાઈ જઈ શકતા નથી. બુધ અને ચંદ્રની સપાટી ઉપર પુરાતન કાળમાં વાયુ હશે તો પણ તેના પરમાણુની ગતિ ને કારણે ગુરુત્વબળમાંથી મુક્ત થઈ અવકાશમાં ફેંકાઈ ગયા હશે. પદાર્થને છૂટવાના આવા વેગને વિમોચન-વેગ કહે છે.



પૃથ્વીની ધરી અવકાશમાં એક જ દિશામાં રહેતી નથી, પરંતુ એની કક્ષા સપાટી તરફ ઢળતી રહે છે. આને કારણે ઋતુઓ થાય છે. આમ, ભમરડા પેઠે નમતી ભમતી પૃથ્વીની ધરી ૨૬૦૦૦ વર્ષે એક ચક્ર પૂરું કરે છે. આ ગતિને 'વિષુવાયન' કહે છે. અત્યારે આકાશમાં ધ્રુવ તારા તરફ તકાએલી આ ધરી ઈ. ૧૪૦૦૦ આસપાસના સમયમાં અભિજિત તારા તરફ મંડાએલી હશે ને ત્યારે એ આપણો ધ્રુવતારો હશે. પછી બીજાં ૧૨૦૦૦ વર્ષે ફરી આજનો ધ્રુવ ધ્રુવતારો બનશે.


પૃથ્વીનું ભૂ-આવરણ

પૃથ્વીના ગોળા ઉપરની ઘન સપાટી આશરે ૩૦થી ૪૦ મા. (૪૮.૩૦થી ૬૪.૪૦ કિ. મી.) જાડાઈની હશે તેમ જણાય છે. ઉપલી સપાટીનો $\frac{૨}{૩}$ ભાગ સમુદ્રથી ઘેરાએલો છે, જ્યારે $\frac{૧}{૩}$ ભાગ જમીનનો છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવપ્રદેશોમાં હમેશાં બરફ જામેલો રહે [illegible]માં જમીનના કેટલાક ખંડોનો સમાવેશ થાય છે, પરંતુ દક્ષિણ ધ્રુવપ્રદેશ તો માત્ર બરફના પહાડોનો જ બનેલો છે. આ ધ્રુવપ્રદેશોનો વિસ્તાર ૨૩½ અક્ષાંસ જેટલો ગણાય છે. જો આ બધો જ બરફ પીગળીને સમુદ્રમાં ભળે તો મોટા ભાગની જમીન પાણીમાં ૧૦૦ ફૂટ ઊંડે ડૂબી જાય. દક્ષિણ ધ્રુવના બરફનો પ્રદેશ આશરે ૧૮૦૦ ફૂટ (૬૦૦ મીટરથી વધુ) જેટલી સરેરાશ જાડાઈનો હશે. કેટલેક ઠેકાણે બરફના પહાડો ૧૩૦૦૦ ફૂટ (૪૩૩૩ મીટરથી વધુ) ઊંચા છે. અહીં ઉષ્ણતામાન ૧૦૦° ફેરનહાઈટથી પણ નીચે જાય છે.

દરિયાના તળનો ભૂમિનો પ્રદેશ પણ સપાટ નથી. તેમાં પણ અનેક ઊંચા પર્વતોની હારમાળા તેમજ ઊંડી ખીણોવાળો પ્રદેશ છે. પ્રચાંત સમુદ્રના ટાંગા બેટોની નજીક આવી ખીણો અને પર્વતોની હારમાળા છે. કેટલેક ઠેકાણે ને હજારો કિલોમીટર લાંબી ને લગભગ બારથી તેર હજાર મીટરથી યે ઊંડી છે, જ્યારે કેટલેક ઠેકાણે તળમાંથી ઊંચા આવેલા પહાડોની ઊંચાઈ નવેક હજાર મીટર જેટલી હોય છે. સમુદ્રના આ તળમાં જ્વાળામુખીઓ પણ છે અને ઘણે ઠેકાણે ધરતીની ઊથલપાથલ કરતા ધરતીકંપો ત્યાં પણ નોંધાય છે.

પૃથ્વીના પેટાળનું દ્રવ્ય ગરમ છે. જ્વાળામુખીઓમાંથી નીકળતો લાવા રસ તેનું પ્રમાણ છે. પૃથ્વીના પડમાં જેમ ઊંડે જઈએ તેમ દર સોએક મીટરે ૧° ફેરનહાઈટ જેટલું ઉષ્ણતામાન વધે છે. જો કે પૃથ્વીના ભીતરમાં ઊંડે જતાં આ દર જળવાઈ રહેતો નથી, અને એવું અનુમાન છે કે મધ્યના નાભિમાં ૪૦૦૦ થી ૮૦૦૦° ફે. જેટલું ઉષ્ણતામાન હશે.

પૃથ્વીની અંદરના દ્રવ્યની સ્થિતિ પ્રવાહી રૂપ છે કે ઘન રૂપ છે તે પણ ચોકસાઈથી કહેવું મુશ્કેલ છે. છતાં ધરતીકંપનાં મોજાંની ગતિ ઉપરથી આડકતરી રીતે અનુમાન થાય છે કે અત્યંત ભારે દબાણને કારણે બધું જ દ્રવ્ય અત્યંત ઉષ્ણ હોવા છતાં લગભગ ઘન સ્થિતિમાં પરંતુ મૃદુ દ્રવ્ય તરીકે હશે. પૃથ્વીની ચિરફાડ થઈ શકે તો તેની ભીતરની રચનામાં મુખ્ય ત્રણ વિભાગ જોઈ શકાય. નાભિના પ્રદેશનો ૮૦૦ મા. (૧૨૮૮ કિ. મી.)-ની ત્રિજ્યાનો ગોળો ઘણુંખરું લોહતત્ત્વનો અને લગભગ પ્રવાહી સ્વરૂપનો હશે તેમ માનવામાં આવે છે. તેનાથી બહારના ૧૪૦૦ મા.



પૃથ્વીના ઉપરના પડમાં કાણાં પાડી અંદરના દ્રવ્યની ચકાસણી માટે 'પ્રોજેક્ટ મોહોલ' નામે એક વિરાટ યોજના વિચારાઈ છે. લગભગ દસેક માઈલ ઊંડે સુધી, એટલે કે મેન્ટલની સપાટી સુધી ભૂપૃષ્ઠમાં એક સીધું ઊંડું શારકામ કરવા ધી અમેરિકન મિસેલેનિયસ સોસાએટી અને અન્ય અનેક વૈજ્ઞાનિક સંસ્થાઓ તથા પેટ્રોલિયમ કંપનીઓ ને સરકારના સંયુક્ત પ્રયત્ને ચાલતી આ યોજના ઈ. ૧૯૬૧માં શરૂ થઈ. કૅલિફોર્નિયા ને મેક્સિકો નજીક દરિયામાં ૩૧૪૦ ફૂટ ઊંડેથી આ શારકામનો આરંભ થયો. અહીં પાણીની સપાટી નીચે આટલે ઊંડેનો ભૂસ્તર અન્યત્ર કરતાં પાતળો મનાયો છે તથા અહીં બીજા ભાગ કરતાં આ કામને માટે દરિયો ઓછો ઊંડો છે. ઉપરના સ્તરમાં છેક નીચેનો અને મેન્ટલની પાસેનો સ્તર 'મોહો' નામે ઓળખાય છે એ પરથી આ યોજનાને 'મોહોલ' નામ અપાયું છે. ડાબી બાજુની આકૃતિમાં એ શારકામ અને ભૂસ્તરનો ખયાલ અને જમણી બાજુ આ કામ કઈ રીતે થાય છે તેનો ખયાલ આપતું ચિત્ર છે. આજે તેલ માટે દરિયામાં થતા શારકામ જેવું જ આ કાર્ય છે પણ આમાં અતિ ઊંડે સુધી કાણું પાડવાનું છે.



(૨૨૫૪ કિ. મી.)નો જાડો વિસ્તાર એ બીજો મહત્ત્વનો ગર્ભભાગ ગણાય છે. આમાંથી ધરતીકંપનાં મોજાં પસાર થાય છે. જ્યારે નાભિના દ્રવ્યમાંથી પસાર થતાં નથી. આથી એમ માનવામાં આવે છે કે નાભિ પ્રવાહી રૂપ છે પરંતુ આ ઉપલો ભાગ ઘન સ્વરૂપનો હશે. મધ્યના આ બે મુખ્ય વિસ્તારોની બહાર આશરે ૧૭૦૦ થી ૧૮૦૦ મા. (૨૫૩૭ થી ૨૮૯૮ કિ. મી.) જાડાઈનો વિશાળ સ્તર પૃથ્વીના દ્રવ્યના મોટા ભાગનો સમાવેશ કરે છે. આ ત્રીજા પડમાંથી પણ ધરતીકંપનાં મોજાં પસાર થાય છે અને તેથી એ દ્રવ્ય પણ ઘન સ્વરૂપને મળતું ઉષ્ણ પદાર્થોનું બનેલું છે. આ બન્ને પડોમાં પણ મુખ્યત્વે લોખંડ, નિકલ અને કોબાલ્ટ જેવી ધાતુઓનું મિશ્રણ હશે એમ મનાય છે. પૃથ્વીનો છેક ઉપલો ધરતીનો પોપડો ભાગ્યે જ ૨૦૦ થી ૨૫૦ મા. (૩૨૨–૪૦૨·૫ કિ. મી.) જાડાઈનો હશે.

પૃથ્વીના પડમાં કાણાં પાડી અંદરના દ્રવ્યની ચકાસણી કરવામાં મોહોલ યોજના (Project Mohole) જાણવા લાયક છે. સમુદ્રના તળમાં ઉપરના પોપડાની જાડાઈ ઓછી હશે એમ ધારીને ઈ. ૧૯૬૧ થી કૅલિફોર્નિયાની દક્ષિણે આવેલા સમુદ્રમાં શારડીથી અતિ ઊંડું ખોદવાનો એક કાર્યક્રમ હાથ ધરાયો છે. એમાં અત્યારે ખોદવાનું કામ ચાલુ છે. કરોડો રૂપિયાના ખર્ચે ચાલતા આ શારકામમાં હજી સુધીમાં છ–સાત કિ. મી. ઊંડે સુધીના ભૂમિતળને ભેદી શકાયું છે આમાંથી અનેક ભૌતિક અને ભૂસ્તરીય માહિતી મળશે.

પૃથ્વીનો ઘન પોપડો મુખ્યત્વે ગ્રેનાઈટ નામના આદિખડકોનો બનેલો છે અને તે મોટે ભાગે ભૂમિતળના પેટાળમાં રહેલો છે. એની ઉપર જ્વાળામુખીના લાવારસમાંથી પેદા થએલા બેસાલ્ટ નામના ખડકો આવેલા છે ને તેના ઉપર જલકાર ખડકો છે. આ ભૂકવચનાં સ્તરો પણ અવારનવાર ઊંચાનીચા થતા આવ્યા છે. કેટલાક પ્રદેશોમાં સામસામા દબાણને કારણે જમીનના સ્તરો ઊંચા થઈ તેમાંથી પર્વતો રચાયા છે. આમ, નિશ્ચલ દેખાતા ભૂકવચમાં પણ ઊથલપાથલ થયા કરે છે. આને કારણે ધરતીકંપો થાય છે અને જ્વાળામુખીઓ નવા ખડકોને જમીન ઉપર લાવે છે.

ભૂમિતલમાં ફેરફાર

કાળાનુક્રમે પૃથ્વીના પોપડામાં અનેક પ્રકારના ફેરફારો થયા કરે છે. પૃથ્વીનો ઘન સ્વરૂપનો પોપડો ભીતરના ઉષ્ણ લાવા જેવા રસની ઉપર તરતો હોવાથી અંદરના ફેરફારને કારણે એમાં પણ ફેરફારો થયા કરે છે. ઘણા લાંબા કાળ ઉપર હિમાલયના પહાડોનો વિસ્તાર તેમજ ઉત્તર ભારતનો વિશાળ ખંડ સમુદ્રને તળિયે ડૂબેલો હતો. ઉત્તર અને દક્ષિણ દિશાનાં ભૂમીપડોના દબાણથી આ સમુદ્રનું તલ ઊંચું આવવા લાગ્યું

(અનુસંધાન પૃષ્ઠ ૭૪)

એક કાળે દક્ષિણભારત અને આફ્રિકાખંડ એકબીજાથી જોડાએલા જ હતા. ઑસ્ટ્રેલિયા, પોલીનેશિયા અને દક્ષિણ ધ્રુવખંડનો પણ એ વિરાટ ભૂખંડમાં સમાવેશ હતો. તે 'ગોન્ડવાના' નામે ઓળખાય છે. કાળાંતરે એ એકબીજાથી અલગ પડતા ગયા. આજે પણ આ પ્રક્રિયા ચાલુ જ છે. આ આકૃતિમાં (૧) ૧૦૦૦૦૦૦૦૦ વર્ષ પહેલાંનું (૨) ૧૦૦૦૦૦૦૦૭ વર્ષ પહેલાનું અને (૩) આજનું ભારતનું ભૌગોલિક સ્થાન દર્શાવ્યું છે. આ રીતે ભારતના ખસવાથી એશિયાખંડની ભૂમિ પર દબાણ વધતું જઈ હિમાલય પર્વતો, તિબેટ અને અફઘાનિસ્તાન ઊંચકાઈ રહ્યા છે. ઝાંઝિબાર ને માલાગાસી ટાપુ પણ આ જ રીતે આફ્રિકાથી અલગ પડેલા છે.



અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૮મું

ટૉમસ ડેકર

ગદ્યલેખકોમાં ટૉમસ ડેકર (Thomas Dekker ૧૫૭૦?-૧૬૪૧) ગ્રીન અને નૅશનો અનુગામી છે. તેનાં ગદ્ય લખાણો સામાજિક લેખો રૂપે પ્રગટ થયાં છે, અને લંડનનાં આસ્વાદ્ય ચિત્રોને કારણે એ લખાણો મહત્ત્વનાં બન્યાં છે. ડેકરે 'વન્ડરફુલ ઈયર' (Wonderful year) જેવા નિબંધથી ગદ્ય ખેડવાનો આરંભ કર્યો. એમાં તેણે ૧૬૦૩નું વર્ષ પોતાના નિબંધ વિષય માટે પસંદ કર્યું. એ વર્ષમાં ઇલિઝાબેથનું મૃત્યુ થયું, જેમ્સ પહેલાનું રાજ્યારોહણ થયું અને લંડનમાં મોટા પાયા પર પ્લેગ ફાટી નીકળ્યો. પ્લેગનાં રૂપક ચિત્રો તેણે લગભગ ભવ્યતાની કક્ષાએ પહોંચી જતી શૈલીમાં આલેખ્યાં છે. મૃત્યુનો દેવ તેની સાથે રોગની સેના લઇને લંડન શહેર ફરતી છાવણી નાખીને પડયો છે. તેના સૈનિકો શહેર પર છાપો મારે છે, શહેરને તાબે કરીને સ્ત્રી-પુરુષ-બાળકો, યુવાન-વૃદ્ધ સૌને વીણીવીણીને મારી નાખે છે. ડેકર આ બધાં ચિત્રો દ્વારા એક પ્રબળ છાપ વાચકના ચિત્તમાં આંકવા માગે છે; પણ એ વાગ્મિતા (rhetoric)માં એવો ફસાય છે કે તેનાં વર્ણનોમાં વાગાડંબર ભાસે છે; અને લેખકનાં ગાંભીર્ય ને નિષ્ઠા વિષે વાચકના ચિત્તમાં વહેમ જાગે છે. અલબત્ત પ્લેગનાં દૃશ્યોની ઘેરી કરુણતા ઓછી કરવા તે જે મનોરંજક પ્રસંગ-ટુચકા યોજે છે તે વાચકને સહેજે રુચે તેવા છે; પણ તેથી તો એના ગાંભીર્ય વિષે વધુ શંકા જાય છે. એની શૈલી એ 'પૅરડી' રચવા માગતો હોય તેવો આભાસ ઉત્પન્ન કરે છે. દાખલા તરીકે પ્લેગના ગંભીર વર્ણનની વચમાં એક મોચીની પત્નીની વાત એણે મૂકી છે; એ પોતાનો મૃત્યુસમય નજીક છે એમ જાણીને પોતાના પતિ અને પડોશીઓ આગળ પોતે અન્ય સ્ત્રીઓના પતિ સાથે કેવો અનૈતિક વહેવાર કર્યો હતો તેનો એકરાર કરે છે. એનો પતિ 'બધા બદમાશ પાપીલોક છે' એમ ધ્રુસકિયાં કરતો તેને માફી આપે છે. પણ નસીબજોગે તે સ્ત્રી જીવી જાય છે અને પછી તો બેવફા નીવડેલા પતિની પત્નીઓ એના પર તૂટી પડવા આતુર બને છે. પણ સદ્‌ભાગ્યે દારૂના પીઠામાં મદ્યની મહેફિલમાં આ બધાં વેરઝેર ભુલાઈ જાય છે.

બીજો એક પ્રસંગ તેણે વાસણને રેણ કરનારા ફેરિયાનો નોંધ્યો છે. પ્લેગના કારણે આખું શહેર ભયત્રસ્ત છે. અને ગામના એક શ્રીમંતનું કોઇ વીશીમાં મૃત્યુ થયું છે. એના શબને દફનાવવા લઇ જવાની પણ કોઈ હામ ભીડતું નથી. એક કાઉનના સિક્કાના બદલામાં તે ફેરિયો લાશને દફનાવવા લઈ જાય છે. એના સદ્‌ભાગ્યે તે શ્રીમંતના ખિસ્સામાંથી તેને સાત પૌંડ મળી આવે છે. હરખઘેલો થઈ ને એ બૂમો પાડતો ગામમાં પાછો આવે છે કે 'હવે બીજી કોઈ લાશ દફનાવવી છે? હોય તો લાવો.' ગામલોકો આ પોકારથી ગભરા થઇને નાસભાગ કરવા માંડે છે.

ડેકરને કરુણ કરતાં હાસ્યકટાક્ષનું આલેખન વિશેષ અનુકૂળ આવે છે. એના 'ધ બૅચલર્સ બૅન્ક્વેટ' (The Batchelar's Banquet)-માં સંસારમાં પતિને પત્ની તરફથી વેઠવી પડતી પીડાનાં કટાક્ષમય વર્ણનો—પ્રસંગોની હારમાળા છે. પણ ડેકરની સાચી શક્તિ તો એની ઈ. ૧૬૦૯માં રચાએલી 'ગલ્સ હૉર્ન-બુક' (Gul's Horn-Booke)-માં પ્રકટ થાય છે. ગલ એક જૂના જમાનાનો ફૅશનેબલ થવા નીકળેલો જુવાન આ કૃતિનો વિષય છે. ડેકરની વ્યાજસ્તુતિ (irony)ની કલા અહીં સુપેરે ખીલી ઊઠી છે. નાના ગામમાંથી અબુધ તરીકે નીકળેલા એ ગલને ભદ્ર સમાજની ફૅશનનો ચસકો લાગવાથી તે શહેરમાં આવે છે અને લેખક પોતે તેનો માર્ગદર્શક (?) બને છે. લંડન શહેરમાં એની ચર્યા દરમ્યાન એ નગરની મોજનાં અતિ રસિક ચિત્રો ડેકરે આલેખ્યાં છે. ગલને એ બધે સ્થળે ફેરવે છે. એને થીએટરમાં નાટક જોવા મોકલે છે. સાથે ચાલુ નાટકે મોટેથી 'કૉમેન્ટ' કરવાની, પ્રેક્ષકો ચિડાય તો તેમની સાથે ઝગડી પડવાની, કરુણ દૃશ્ય બરાબર જામ્યું હોય ત્યારે મોટેથી બગાસું ખાઈને પોતાનો અભિપ્રાય પ્રકટ કરવાની વગેરે સલાહોથી 'માતબર' બનેલો ગલ નાટકની અધવચમાં જ ધાંટાધાંટ કરતો થીએટરની બહાર નીકળી જાય, રાત્રે ઘેર પાછા ફરતી વખતે લોકોને પોતાના ભપકાથી આંજી દેવા હાથમાં દીવો લઈને ચાલતા નોકરને સાથે રાખે, આ બધી લીલા અત્યંત ખુશનુમા અને વિનોદથી સભર છે. એના કટાક્ષ કટુ નથી, હળવા અને નિર્દંશ છે. ડેકરે આલેખેલાં સમાજજીવનનાં ચિત્રો વિગતસભર અને જીવંત છે. અહીં એના ગદ્યમાં ખોટો આડંબર નથી; ચિત્તને તાજગી આપે તેવી ગદ્યશૈલી છે. એનાં આવાં વિનોદપૂર્ણ લખાણો દ્વારા એ જાણે કે સ્વિફ્ટ અને ખાસ તો સ્ટીલ અને ઍડિસનના આગમનની આગાહી કરતો દેખાય છે. વાસ્તવ અને વિનોદના સુભગ સમન્વય એ સૈકામાં ડેકરમાં મળે છે તેવો બીજા કોઈમાં મળતો નથી.

ઓવરબરી, સ્ટીફન, અર્લ

ડેકર કોઈ નવલકથા લેખક નહોતો. તેનું કાર્ય સંગ્રાહક કે સંપાદકનું ગણાય. તેમ છતાં તેણે આલેખેલાં વ્યક્તિ અને સમાજનાં ચિત્રો ચિરસ્મરણીય છે. આ વિષયમાં તેની હરોળમાં આવે તેવા લેખકોમાં સર ટૉમસ ઓવરબરીનું નામ નોંધપાત્ર છે. તેણે ગદ્યમાં એકવીસ વ્યક્તિ-ચિત્રો આલેખ્યાં અને પોતાની કાવ્યકૃતિ 'ધ વાઈફ'માં તે સમાવી લીધાં. એમાં સાહિત્યનો સ્પર્શ છે. તેનાં ચિત્રો વ્યક્તિનાં નહિ બલકે વર્ગ-પ્રતિનિધિ (types)નાં છે, અને એ ચિત્રો દ્વારા તેણે સમાજની રીતરસમની ઊડતી સમીક્ષા પ્રકટ કરી છે.

ઈ. ૧૬૧૫માં એક જુવાન વકીલ સ્ટીફને 'સેટાયરિકલ એસેઈઝ, કૅરૅક્ટર્સ ઍન્ડ અધર્સ (Satyrical Essays, Characters and Others) દ્વારા અને જ્હૉન અર્લે 'માઈક્રોકૉસ્મૉગ્રાફી' (Microcosmographie) રચીને તત્કાલીન સમાજની આલોચના પ્રકટ કરી છે. એ યુગના અનેક લેખકોએ આ પ્રકારની સમાજચિકિત્સા કરવામાં અને એમ કરતાં માર્મિક શબ્દપ્રયોગો યોજીને, ગદ્યની વિશિષ્ટ લઢણો રચીને ગદ્યના વિકાસમાં ફાળો આપ્યો છે.

નાટકોનું ગદ્ય

ગ્રીન, નૅશ, ડેકર નાટ્યલેખકો હતા ને એમનાં નાટકોનું ગદ્ય સહેજે વિવિધ સ્તરના લોકોને તત્કાળ સ્પર્શી જાય એ પ્રકારનું છે. બીજા કેટલાક નાટ્યકારોએ પણ ગદ્યમાં રચનાઓ કરી છે. જૉન્સન કૃત 'ડિસ્કવરીઝ' (Discoveries) અને ટૉમસ હેવૂડ કૃત 'એપૉલૉજી ફૉર ઍક્ટર્સ' (Apology for Actors) ગદ્યમાં રચાયાં છે; મિડલટને 'ફાધર હબર્ડ્ઝ' ટેઈલ્સ (Father Hubbadr's Tales) પણ ગદ્યમાં રચેલી છે. નાટ્યલેખકોએ પોતાનાં નાટકોમાં વારંવાર ગદ્ય સહેતુક પ્રયોજ્યું છે.

નાટકમાં પદ્યનું વાહન છોડીને ગદ્યમાં લખવાનો આરંભ કરનાર પહેલો નાટ્યકાર ગૅસ્કૉઈન (Gascoine) છે. જ્હૉન લીલીએ પણ તેના એકાદ નાટક સિવાયનાં બીજાં બધાં ગદ્યમાં રચ્યાં છે. નવજાગૃતિકાળના નાટ્યલેખકોએ મોટે ભાગે પાત્રોના મૂડ અને પરિસ્થિતિને અનુરૂપ થવા

માટે ગદ્ય અને પદ્યના વાહનની અદલબદલ કરી છે. પછી તો કરુણ પરિસ્થિતિમાં કે ભવ્ય ઉદ્‌ગારોમાં પદ્ય, અને સામાન્ય ગૃહજીવનનાં કે એવાં અન્ય દશ્યોમાં કે કૉમિકનાં દશ્યોમાં ગદ્ય પ્રયોજવાનો એક સર્વસ્વીકૃત નિયમ થઈ ગયો જણાય છે.

શેક્સપીઅરનાં નાટકોમાં તો ગદ્ય અને પદ્ય બંને વાહનોનો ઔચિત્યપૂર્ણ ઉપયોગ થયો છે. તેણે સંપૂર્ણપણે પદ્યમાં રચેલાં ભાગ્યે જ— 'રિચર્ડ બીજો' અને 'કિંગ જ્હૉન' જેવાં—નાટકો હશે. એની રસમ ગદ્ય અને પદ્યને મિશ્રરૂપે પ્રયોજવાની હતી. તે ગદ્યનો પણ કલાત્મક ઉપયોગ કરી શક્યો તેનું કારણ ગદ્યમાં અંતર્ગત રહેલાં તત્ત્વોથી તે સુપરિચિત હતો. તેણે ગદ્યનો ઠીક પ્રમાણમાં ઉપયોગ કર્યો, પણ તેની પ્રતિભા તો કવિની જ હતી.

પણ ગદ્યને સાચું મહત્ત્વ આપનાર નાટ્યકાર તો બેન જૉન્સન. રંગભૂમિ પર તેણે ગદ્યને પ્રસ્થાપિત અને પ્રતિષ્ઠિત કર્યું. એના કઠોર વાસ્તવલક્ષી સ્વભાવને ગદ્યનું વાહન જ વિશેષ અનુકૂળ આવે તેમ હતું. ભાષાને નિયમોમાં બાંધવાનો પુરુષાર્થ પણ તેણે કર્યો; પહેલું અંગ્રેજી વ્યાકરણ પણ તેણે લખ્યું; ને જો કે તેની લાયબ્રેરીમાં આગ લાગવાથી તેનું ઘણુંખરું લખાણ તેમાં નાશ પામ્યું, તેમ છતાં તેની કેટલીક નોંધો સચવાઈ રહી છે તે પરથી ગદ્ય ખેડવાના તેના પુરુષાર્થનો પરિચય મળી રહે છે.

સાહિત્યવિવેચનનું ગદ્ય

નવજાગ્રતિ કાળના અંગ્રેજી સાહિત્યમાં વિવેચનનું ગદ્યમાં ખેડાણ ઠીકઠીક થયું હોવા છતાં તેમાંનું મોટા ભાગનું વાચ્ય ને મધ્યમ કક્ષાનું છે: પ્રાચીન ગ્રંથોના સિદ્ધાંતોની પ્રેરણા ને સામગ્રી વિવેચન ગ્રંથોમાં દેખાય છે. નવજાગૃતિના યુગમાં અંગ્રેજી સાહિત્યનાં વિપુલ પુસ્તકો પ્રગટ થયાં હોવા છતાં વિવેચકોએ તેમને લક્ષ કરીને કોઈ ખાસ વિવેચન કે સિદ્ધાંતચર્ચા કરી નથી.

તેમ છતાં ઇંગ્લૅન્ડમાં સોળમા સૈકાના અંતભાગમાં 'સાહિત્યમાં—કવિતામાં—નૈતિકતા'ના મુદ્દા પર ઉગ્ર ચર્ચા થએલી જોવા મળે છે. સ્ટીફન ગૉસને (Stephen Gosson) એના 'સ્કૂલ ઑવ ઍબ્યૂઝ' (School of Abuse-૧૫૭૯) પુસ્તકમાં બધા જ પ્રકારના ધર્મેતર સાહિત્ય પર ઉગ્ર પ્રહાર કર્યા છે. થીએટરોની તો આ પ્યુરીટન લેખકે સખત ઝાટકણી કાઢી છે. કવિઓને 'જૂઠાણાના જનક' તરીકે ઓળખાવ્યા છે, કવિતાને તત્ત્વમાં અભદ્ર (bad in essence) તરીકે ગણાવી છે. કવિતા તેને શક્તિનો વ્યય કરનારી અને દેશને હાનિકર્તા લાગી છે. આ આક્ષેપોના પ્રત્યુત્તરમાં જ સાહિત્ય વિવેચનોમાં 'ડિફેન્સ ઑવ પોએટ્રી' (ટૉમસ લૉજ) અને 'ડિફેન્સ ઑવ પોએઝી' (સિડની) જેવાં પુસ્તકો રચાયાં. સિડની એકંદરે ગૉસનના અભિપ્રાય સાથે, અંગ્રેજી સાહિત્યને—ખાસ કરીને નાટકોને-ગૌરવહીન ગણવામાં સંમત થાય છે; પણ તેનો વાંધો નીતિમત્તાનો નથી. તેને નાટ્યસાહિત્ય કલાદષ્ટિએ નિકૃષ્ટ લાગે છે. કવિ માટે તો તેનો અભિપ્રાય ઉત્તમોત્તમ છે. બેન જૉન્સને હૉરેસ અને બીજા પ્રાચીન કાવ્યાચાર્યોને અનુસરીને સાહિત્યનું—નાટ્યનું વિવેચન કર્યું છે, અને કલાના નિયમો તારવ્યા છે; તેમ છતાં પોતાનાં નાટકોમાં તે પોતે જ એ નિયમોનું પાલન કરી શક્યો નથી. પ્રાચીન વિવેચકોએ પ્રબોધેલી એકતા (unities)નો તેણે વારંવાર ભંગ કર્યો છે.

એ યુગના સાહિત્યવિવેચનમાં બીજી મહત્ત્વની ચર્ચા કાવ્યના છંદ અને પ્રાસને લગતી છે. એ વિખવાદનો આરંભ ઈટાલી અને ફ્રાંસમાં થયો ભલે, પણ ઈંગ્લૅન્ડમાં તો એ ચર્ચા ઉગ્ર સ્વરૂપે ચાલી. કેટલાક વિવેચકોએ પ્રાચીનતાના સંપ્રદાયમાં તણાઈને 'બ્લૅંક વર્સ'ને સાવ 'સંકર' (bastard) લેખ્યો અને પ્રાસને નિરુપયોગી ગણાવ્યા. સર જ્હૉન ચીક (John Cheke) અને ઍસ્કમ (Ascham) જેવા વિવેચકોએ આઈઍમ્બિક (Iambic) પંક્તિનો મહિમા કર્યો અને ગૅબ્રિયલ હાર્વે (Gabriel Harvey)એ હેક્ઝામીટર (Hexameter) પ્રયોજવા પર ભાર મૂક્યો. કવિ ટૉમસ કૅમ્પીઅન (Thomas Campion)એ પ્રાસને કાવ્યમાં અયોગ્ય ગણાવ્યા. એના આ મંતવ્યની સામે સૅમ્યુઅલ ડૅનિયલ ((Samuel Damiel)એ 'ડિફેન્સ ઑવ રૃહાઈમ' (Defence of Rhyme)નું પુસ્તક પ્રકટ કર્યું. એ પુસ્તક ત્રીસ કરતાં પણ વધુ વર્ષથી ચાલ્યા આવતા આ વિષેના વિખવાદનો અંત આણવામાં નિમિત્ત બન્યું, વળી અંગ્રેજી સાહિત્યવિવેચનમાં ખાસ મુદ્દાને અનુલક્ષીને ચર્ચા પ્રગટ કરતું પણ એ પહેલું પુસ્તક છે. ડૅનિયલ પ્રાસરચનાને ચર્ચાનો વિષય માનતો નથી. તે પ્રાચીન આચાર્યોના નિયમો આગળ નમી પડતો નથી. પ્રાસને કારણે તો કાવ્યમાં લય આવે છે. તેના મતે પ્રાસની અવજ્ઞા કરનારને 'Echo of delightful report'-નો ખ્યાલ જ નથી. કવિને મન પ્રાસ એ બંધન નથી, એના ઉડ્ડયન માટેની પાંખો છે: 'Rhyme is no impediment to his conciet, but rather gives him wings to mount, and carries him not out of his course but as it were beyond his power to a far happier flight.' ડૅનિયલનું ઉપર્યુક્ત પુસ્તક એ એના યુગના સાહિત્યવિવેચનમાં એક પ્રદાન બની રહે છે. (ચાલુ)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૨

વધરાવળ

વધરાવળ એ પુરુષોનો રોગ છે. સંસ્કૃતમાં તેને 'અંડવૃદ્ધિ' અથવા 'અંડશોથ' કહે છે. તેમાં એક કે બંને વૃષણ ઉપર સોજો આવે છે, તેથી તે મોટું અને જાડું બની ગએલું લાગે છે. બહુ સાઈકલ ચલાવવાથી, વૃષણને કંઈક વાગવાથી કે એ દબાણમાં આવવાથી, કે અતિ મૈથુનથી આ રોગ થાય છે. એમાં સોજા સાથે એમાં દુખાવો અને બળતરા પણ રહે છે. આ ઉપરાંત, આંતરડું નીચે ઊતરવાથી અથવા અંડમાં વાયુ, જળ કે પૂય ભરાવાથી પણ અંડવૃદ્ધિ સંભવે છે. આ ચારે પ્રકારની અંડવૃદ્ધિ સ્થિર નથી હોતી. રોગી સૂઈ જાય અને હળવે હળવે વૃષણને દબાવે તો અંડવૃદ્ધિ ઘટી જાય છે. આ અંડવૃદ્ધિ ઔષધસાધ્ય નથી, તેથી શસ્ત્રકાર્ય માટે નિષ્ણાત ચિકિત્સકની સલાહ લેવી.

પણ આરંભમાં બતાવેલી શોથજન્ય (સોજાવાળી)અંડવૃદ્ધિના ઉપચાર આપણે વિચારીએ.

૧) લંગોટ પહેરવાની ટેવ પાડવી. ૨) વૃષણ ઉપર ગરમ એરંડ તેલનું માલિશ કરી તેના ઉપર એરંડપત્ર મૂકી લંગોટ પહેરવી. ૩) ધન્તુરાના રસમાં દશાંગલેપને મેળવીને અંડ ઉપર ચોપડવો. ૪) વજ અને હળદરને પાણીમાં પીસીને તેનો લેપ કરવો. ૫) ગૂગળ, ફટકડી, એળિયો અને લોધ્રના ચૂર્ણને પાણીમાં ઘૂંટીને લેપ કરવો. ૬) આંબો, જાંબુ, લીમડો અને કોઠીનાં પાનને વાટી લેપ કરવો. ૭) પેટ સાફ લાવવા તથા વાતાનુલોમન માટે કાયમ દીવેલમાં શેકેલી હરડેનું ચૂર્ણ રાત્રે સૂતી વખતે લેવું. ૮) ત્રિફલા ગૂગળ, કાંચનાર ગૂગળ, કૈશોર ગૂગળ, રસ્નાદિ ગૂગળ વગેરેનું સેવન કરવું. ૯) રાતરાણીનાં મરી જેવાં કાળાં બીજને ઘસીને રોજ ત્રણ વાર પાવાં. ૧૦) અંડવૃદ્ધિના વિપરીત હાથે અંગૂઠાની વાતવહ નાડી ઉપર શલાકાથી દાહકર્મ કરવું એ રીતે વિપરીત પગના અંગૂઠે ચપોચપ વીંટી પહેરવી. ૧૧) ગરમગરમ હલકો ખોરાક ખાવો, સંયમ પાળવો ને સાઈકલ જેવા વાહનનો ત્યાગ કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કલાવાર્તા

નીસા સજ્જાદ બંદૂકવાળા



'જે સમાજમાં પોતે પાંગરે છે એ સમાજનું કંઈક આગવી રીતે હિત સાધવું એ પણ કળાનો એક ધર્મ છે. જેમ સાહિત્ય તેમ કળા—અહીં ચિત્રકળા—કંઈ બોધ આપતી નથી, પણ તાટસ્થ્યથી જીવનનું રહસ્ય ઉકેલવા મથે છે. ચિત્રકાર તરીકે જ નહિ, એક વ્યક્તિ તરીકે પણ મારાં ચિત્રો જીવનને સમજવાની તટસ્થતાભરી ખોજ પર આધારિત છે. સમાજ પાસેથી હું જે કંઈ પામું છું તેનું ઋણ ફેડવાની એક તક મને મારા ચિત્રસર્જનમાં પણ દેખાય છે...'

આ વિચારો છે મુંબાઈનાં એક ચિત્રલેખા નીસા બંદૂકવાળાના. ચિત્રકાર હોવા ઉપરાંત તેઓ પોતાના એક એન્જિનીઅરિંગ વર્કશૉપનું સંચાલન પણ સંભાળે છે. અને એ જવાબદારી પણ તેઓ સફળતાપૂર્વક નિભાવી જાણે છે.

મુંબાઈના એક વહોરા કુટુંબમાં એમનો જન્મ. (પિતાનો વ્યવસાય હતો બંદૂકનો, એટલે બંદૂકવાળા તરીકે તે ઓળખાતા.) નાનપણથી જ ચિત્રકળાનો શૉખ. હસ્તકૌશલના બીજા પણ અવનવા નમૂના બનાવે. એમના જ એક કુટુંબી ચિત્રકાર તૈયબ મહેતાની સલાહથી એમણે મુંબાઈની સર. જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ્સમાં ચારેક વર્ષ કલાનો અભ્યાસ કર્યો અને ઈ. ૧૯૬૩માં યુરોપ, ઇજિપ્ત, ઈરાન, ઈરાક, બગદાદ, ને સાઉદી અરેબિયાની સફર કરી તે તે સ્થળોની કલાપ્રવૃત્તિ નિહાળી અને 'સ્ટેઇન્ડ ગ્લાસ'નાં ચિત્રોનું કૌશલ પણ શીખ્યાં. અવારનવાર એમણે પોતાનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજી સારી નામના મેળવી છે. એમની અનેક કૃતિઓ ખાનગી ચિત્રસંગ્રહોમાં સંઘરાઈ છે.

—જયંત સિદ્ધપુરા



△ 'સીડી' : સમયની કેટલી યે થપાટો ખાઈ ચૂકેલી રીઢી ભીંત જેવો ચિત્રનો અગ્ર ભાગ ને એની તુલનામાં મુલાયમ લયવળાંકો, સીડી અને એના પર ચડી રહેલા માનવીના પગ એ આ ચિત્રનાં મુખ્ય અંગ. અરસપરસ વિરોધાભાસ અને એની વચ્ચે યે થઈ રહેલી ઊર્ધ્વ ગતિનો નિર્દેશ; ગમે ન ગમે એવી નરી વાસ્તવિકતાની વચ્ચે ઉન્મુખતાનું સૂચન કંઈક આવો અર્થ આ ચિત્રમાં વ્યક્ત થતો લાગે છે.

જમણી બાજુ : 'શ્વેત અંધાર' જેમ નામમાં એમ ચિત્રમાં એક અનોખો વિરોધાભાસ છે. સામાન્યતઃ બાહ્યાવરણ સ્પષ્ટ, ખુલ્લું કે ઊજળું ને ઊંડાણ કે આંતરિક ભાગ ઘેરો અંધારમય જોવાને આપણે ટેવાએલા છીએ, અહીં દીપડાનો વાન કાળો કરી એને પડછે એની ઊંડી મોંફાડ અને તગતગતી આંખો આથળ તરી આવે છે. સ્વાભાવિક કરતાં આ જુદું દર્શન ખરું, પણ આ યે એક હકીકત છે. ધારીએ એથી તદ્દન ભિન્ન છતાં સાચું રૂપ છે, જીવનની યે ઘણી બાબતમાં આવું હોય જ છે ને? ચિત્રના માધ્યમ દ્વારા સમજાવેલા આ સત્યને જોરદાર રંગલસરકાથી વધુ ચોટ આપી છે.




△ શ્વેત અંધકાર


કૅલિ-શૉપ

'કૅલિ ડોમ' અને એના ફેશન શો, તથા દેશના ગ્રામપ્રદેશ સુધી પોતાના કાપડની જાહેરાત પહોંચાડવા માટે ખાસ બનાવેલી 'કૅલિ-બસ' વગેરે જેવા, પોતાના માલના પ્રચાર અને પ્રયોગો દ્વારા અમદાવાદની કૅલિકો મિલ્સ વ્યાપારી ચાતુરી અને કલાયુક્ત આગવી પ્રતિભા દાખવતી રહી છે.

તાજેતરમાં અમદાવાદમાં એની જે નવી દુકાન 'કૅલિ-શૉપ' ખુલ્લી મુકાઇ એમાં પણ એની એ કલાદૃષ્ટિનું સુંદર દર્શન જોવા મળે છે. પોતાના જ કલાકાર પાસે ને પોતાને ત્યાંની જ સજાવટ-સામગ્રી સાથે કરકસર ને બુદ્ધિયુક્ત કલાચાતુર્યથી એમાં પણ કેલિકોએ પ્રભાવક અને સફળ રજૂઆત કરી છે. આ નવી 'કૅલિ-શૉપ' માટે સંજોગવશાત્ બહુ સાંકડી ને ઊંડી જગ્યા જ પ્રાપ્ય હતી, ને એમાં લંબાઈ-પહોળાઈ-ઊંચાઈની પણ અછત હતી. એટલે—

પ્રવેશની જગ્યાના બે ભાગ કરી અર્ધામાં કાચનું શોકેઈસ મૂકી તેમાં ત્રણ પૂર્ણ કદની સ્રીપ્રતિમાઓ મૂકી. બાકીના અર્ધમાં પારદર્શક કાચનું પ્રવેશદ્વાર રાખ્યું. પણ એ દ્વારની પાસે એવડા જ કદનું શોકેસ રાખી એમાં વધુ ત્રણ પ્રતિમાઓ રાખી અને તેને પડખે થઈ ને જવાનો માર્ગ રાખ્યો. આથી અંદર જતાં જતાં જ એક સાથે ૭ પ્રતિમાઓ પર વિવિધ કાપડની સજાવટ જોવા મળે. દુકાન ઍરકન્ડિશન્ડ હોઈ બે શોકેઈસની સાથે પ્રવેશ રહેવાથી અંદરના ઠંડા અને બહારના ગરમ વાતાવરણની વચ્ચે એક એવી આડશ રચાઈ કે જેથી અંદર ઠંડક તો રહે જ; સાથોસાથ પારદર્શક કાચમાંથી અંદરના રંગબેરંગી કાપડના અર્ધસ્પષ્ટ દર્શનથી એક રંગમધુર પશ્ચાદ્ભૂ ઊભી થાય; એટલું જ નહિ, પણ અંદરની સંકડાશના બદલે મોકળાશનો અનુભવ થાય એવો એક ચાતુરીયુક્ત ભ્રમ





△ કેલિન્‌શૉપ પ્રવેશદ્વાર તરફથી...અને સામી બાજુથી △

પેદા કર્યો. અંદરની સાંકડી લાંબી જગ્યામાં કાપડ મૂકવા માટેનાં ખાનાં, એવી રીતે રખાયાં કે જેથી રચાતા એકમોમાં ત્રણ વિવિધ પહોળાઈમાં કાપડ ગોઠવાય. એથી કાપડના ખડકલાની એકવાકયતા તૂટી. આ ખાનાં પણ નાનાંમોટાં થઈ શકે તેવી પડદીઓ વડે રચેલાં. વચ્ચેવચ્ચે નાના રંગીન ફોટોગ્રાફ તથા દીવાલ પર મોટાં એકરંગી ફોટોચિત્રો પણ નજરને વૈવિધ્ય પીરસે એવાં જ પસંદ કરી રાખેલાં છે.

પ્રવેશતાં જ નજરે પડતી સામી દીવાલ પર તો સળંગ સાડીઓ જ લટકાવી છે; પણ ભાતીગળ નહિ. દુકાનમાં પ્રકટ થતી નાનાવિધ ભાતનો ભાર આ રંગીન પટ્ટા ભાંગી નાખે છે.

કાઉન્ટર માત્ર પાઇપને વેલ્ડિંગ કરીને જ બનાવેલાં છે. એ પણ એવી રીતે ગોઠવેલાં છે કે જરૂર પડ્યે એને પાછળ ધકેલી દઈ શકાય. ને એ કાઉન્ટર નીચે છે પાઈપની જ બનાવેલી આરામદાયક ફોલ્ડિંગ ખુરશીઓ—ફૅશન શો ગોઠવ્યો હોય ત્યારે આમંત્રિતોને બેસવા માટે !

દુકાનમાં જેમ આગળ વધો તેમતેમ વિભાગવાર જમીનને નીચે ઉતારી છે. આ રીતે સામે છેડે પહોંચતાંમાં તો લગભગ ચારેક ફૂટ નીચે પહોંચાય ને ત્યાંથી જમણી બાજુ વળતાં નીચેની સપાટીએ દુકાનની જ લંબાઈ જેટલાં બીજાં કાઉન્ટરો જોવા મળે. આ રીતે ઊંચાઈ ન મળી તો ઊંડાઈ મેળવીને પછી તેના ઉપર એક બીજા માળની જગ્યા વધારાઈ, જ્યાં વધુ કાઉન્ટરો ગોઠવાયાં છે. એ ઉપલા માળે જવા-ઊતરવા માટે નયનરમ્યજાળીવાળીલોખંડની બે ગોળ સીડીઓ રાખી છે, જેથી જગ્યાનો બચાવ થવા સાથે વિવિધરંગી કાપડની વચ્ચે રંગ રેખાની એક નવી રમત રચાય છે.

ઉપરના માળે એક છેડે છે નાનકડી કૅબિન. ફૅશન શો વખતે ત્યાંથી મૉડેલ આવે, નીચે ઊતરે અને સમગ્ર દુકાનમાં ચક્કરલગાવી બીજી સીડીએથી ઉપર જાય. પેલાં બન્ને સપાટી પરનાં કાઉન્ટર નીચેની ખુરસીઓ પરના આમંત્રિતો એને પૂરેપૂરી રીતે નીરખી શકે.

આ જ રીતે પેલી સામી દીવાલ પરની સાડીઓ હટાવી લઈએ તો પાછળની સફેદ ભીંત પર બરાબર એની સામેની બાજુએથી—એટલે કે પ્રવેશદ્વારની ઉપરના માળેથી પ્રોજેક્ટ થતી ફિલ્મ કે સ્લાઈડ્ પણ બતાવી શકાય. આ માળિયું છે મૅનેજરની ઑફિસ. ગ્રાહકોની નજરે એ ઝટ ચડતી નથી પણ ત્યાં બેઠાબેઠા મૅનેજર સમગ્ર દુકાન પર નજર રાખી શકે છે. અહીં મૅનેજરે એક બંધ કૅબિનમાં સૌથી અલગ બેસવાનું નથી, એ પણ ધ્યાનપાત્ર મુદ્દો છે.

દુકાનમાં ટેકા માટે જે બીમ રચાયાં છે તેની અંદર જ છુપાવ્યાં છે લાઉડસ્પીકરો. જેમાંથી મધુરું ધીમું સંગીત પણ પીરસાતું રહે છે.

સેલ્સમૅન કે સેલ્સગર્લને બેસવા સૂકા વૃક્ષનાં થડિયાંને જ વહેરીને રાખ્યાં છે. એ આ સમગ્ર સજાવટમાં અનોખી છાપ ઊભી કરે છે. છતમાં બધે બત્તીઓ એવી રીતે જડેલી છે કે જે ગમે તે દિશામાં ને જોઈએ તેટલી આઘીપાછી થઈ શકે, ને છતાં એના કોઈ જોડાણને તોડવું પડતું નથી. ગ્રાહકને જવા-આવવાનો માર્ગ એવી રીતે ગોઠવેલો છે કે એક વાર પ્રવેશેલો ગ્રાહક લગભગ આખી જ દુકાનમાં ફરી વળે ને એ રીતે કેલિકોના કાપડનું બધું વૈવિધ્ય જોઈને જ બહાર નીકળે.

આવી નાનીમોટી અનેક ચાતુરી અહીં જોવા મળે છે, અને એ જ એને અન્ય નિરર્થક સભકાઓથી અલગ પાડે છે. કલા અને બુદ્ધિયુક્ત આ અભિગમ અભિનંદનીય ને અનુકરણીય છે.

નામસાધન :

લે. 'ગુરુચરણાશ્રિત'
અનુ. : મકરન્દ દવે

નામ-જપનો મહિમા આપણાં શાસ્ત્રોએ ખૂબ ગાયો છે. ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે નામ-જપ જેવું સરળ એકે સાધન નથી એમ વારંવાર ભારપૂર્વક સંતોએ પણ કહ્યું છે. પ્રસ્તુત પુસ્તક નામ-જપનું રહસ્ય એટલી સરસ રીતે સમજાવે છે કે આ પુસ્તક વારંવાર વાંચવાનું મન થાય એવું છે. કિં. રૂ. ૨

વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ. • વોરા ઍન્ડ કંપની,
૩, રાઉન્ડ બિલ્ડિંગ મુંબઈ ૨ • ગાંધી રોડ, અમદાવાદ-૧

ટિકિટ-સંગ્રહ

ભારતીય ટિકિટો

ગયા અંકમાં સ્થળ-સંકોચને કારણે ગઈ સાલની આખરમાં બહાર પડેલી કેટલીક ખાસ ટિકિટો આપી શકાઈ નહિ તે (મથાળે ડાબી બાજુથી અનુક્રમે) અહીં જોઈએ.













એમાં પહેલી ટિકિટ છે નાસિકસ્થિત ભારત સરકારના સીક્યોરિટી પ્રેસની સુવર્ણ-જયંતી નિમિત્તની. એના પર આ પ્રેસના મૂળ મકાનનું ચિત્ર છે. પછીની બે ટિકિટો ગયા ડિસેમ્બરમાં કલકત્તામાં યોજાએલા ભારતીય ડાક પ્રદર્શન "ઈન્પેક્સ-'૭૫" નામક પ્રદર્શન નિમિત્તની છે. એમાં એક પર આરંભકાળની 'ડાકગાડી'નું ચિત્ર છે. બીજી ટિકિટ પર ઈ. ૧૭૭૫માં કલકત્તાથી ઢાકા મોકલેલા એક પત્ર પરના 'બિશપ માર્ક' દર્શાવ્યા છે. ઈ. ૧૬૬૧માં ગ્રેટ બ્રિટનમાં ત્યાંના પોસ્ટ માસ્તર જનરલ કર્નલ હેનરી બિશપે સૌ પ્રથમ હાથે લગાડાતી પોસ્ટ માર્કનો ઉપયોગ શરૂ કરેલો. એના નામ પરથી રદ્દીકરણની છાપ 'બિશપ માર્ક' તરીકે ઓળખાઈ. ટિકિટ પર દર્શાવેલો ભારતીય 'બિશપ માર્ક'નો એક અતિ દુર્લભ નમૂનો છે. બીજી હારમાં પહેલી ટિકિટ ગયા વર્ષની થીઓસૉફિકલ સોસાએટીની શતાબ્દી નિમિત્તની છે, જેના પર એ સંસ્થાની ધ્યાનસંજ્ઞાનું આલેખન છે. તે પછીની ટિકિટ ભારતના હવામાન ખાતાની શતાબ્દી નિમિત્તની હોઈ એના પર હવામાન-નિરીક્ષણનાં સાધનો ને વાદળ તથા વર્ષાની ઝરમર વગેરે દ્વારા હવામાનનું સુંદર સૂચક આલેખન છે. ત્રીજી ટિકિટ આ વર્ષની છે. ગયા જાન્યુઆરીની ત્રીજી તારીખે ભારતના રેલ મંત્રી અને બિહારના અગ્રગણ્ય નેતા લલિતનારાયણ મિશ્રનું સમસ્તીપુર (બિહાર)માં નવી રેલવે લાઈનના ઉદ્‌ઘાટન પ્રસંગે બૉંબ વિસ્ફોટથી થએલા અવસાનની પ્રથમ સંવત્સરી પ્રસંગે આ વર્ષે તે એમની યાદમાં એમની છબિ સાથે બહાર પડી છે. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર—અમદાવાદ)



◁ જ્યૉર્જ સ્ટીફન્સને સ્ટીમ એન્જિન બનાવ્યા પછી ઈ. ૧૮૨૫ના સપ્ટેમ્બરની ૨૭મી તારીખે દુનિયાની પ્રથમ રેલગાડી બ્રિટનમાં ચાલુ થઈ. ચોત્રીસ ડબાની એ ગાડી ત્યારે કલાકે ૨૪·૧૫ કિ. મી.ની ઝડપે જતી. આ બનાવને દોઢસો વર્ષ થયાં એ નિમિત્તે બ્રિટને ગયા ઑગસ્ટમાં ચાર ખાસ ટપાલ-ટિકિટો બહાર પાડી. એમાંની પહેલી ૭ પેન્સની ટિકિટ પર સ્ટીફન્સનના એ એન્જિનનું ચિત્ર છે. પછીની અર્ધી સદીમાં તો ઘણી પ્રગતિ થઈ. આઠ પેન્સની ટિકિટ પર એ સમયના સૌથી ઝડપી ગણાતા વેવર્લી વર્ગના 'ઍબટ્સ ફૉર્ડ' એન્જિનનું ચિત્ર આપ્યું છે. ત્રીજી ટિકિટ પર 'કૅસલ' વર્ગનું 'કાર્ફિલી કૅસલ' અને છેલ્લી ૧૨ પેન્સની ટિકિટ પર આજનું કલાકે ૨૦૧·૨૫ કિ. મી.ની ઝડપે દોડતું 'હાઈસ્પીડ ટ્રેઈન'નું એન્જિન બતાવ્યું છે. (પ્રેષક : રમણિકલાલ સોલંકી—લંડન)

ગુપ્ત સમ્રાટોના સિક્કા [૧]

પ્રાચીન સિક્કા ૧૫

લેખક - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



▷ વીણાવાદક પ્રકારનો સિક્કો

ચોથી સદીના આરંભમાં મગધમાં ગુપ્ત સામ્રાજ્યનો ઉદય થયો. ગુપ્ત યુગ ભારતના પ્રાચીન ઇતિહાસમાં સુવર્ણ-યુગ મનાય છે. આ વિધાન સિક્કાઓની બાબતમાં બરાબર લાગુ પડે છે. ગુપ્ત સમ્રાટોના ઘણા સિક્કા સોનાના છે ને એમાં અગ્ર ભાગ પરની આકૃતિમાં વિપુલ વૈવિધ્ય જોવા મળે છે. સિક્કા ઉપરનું લખાણ પણ સાહિત્યિક રુચિરતા તથા વૈવિધ્ય-સમૃદ્ધિ ધરાવે છે. ગુપ્ત સમ્રાટોએ કુષાણ સિક્કાઓ દ્વારા રોમન સુવર્ણ સિક્કાનું તોલમાન (૧૨૧ ગ્રેઈન) અપનાવ્યું. સમય જતાં ગુપ્ત સમ્રાટોના સુવર્ણસિક્કા ૧૨૪ ગ્રેઈન અને ૧૨૭ ગ્રેઈનના થયા. સ્કંદગુપ્તના સમયથી વળી ૧૪૪ ગ્રેઈનનું તોલમાન પ્રચલિત થયું, જે ૮૦ રતીનું ભારતીય તોલમાન હતું. રાજાની વેશભૂષા વગેરેમાં પણ સમય જતાં પૂર્ણ ભારતીયકરણ સધાયું.

ગુપ્ત વંશનો પ્રથમ મહારાજાધિરાજ છે ચંદ્રગુપ્ત ૧લો. ગુપ્ત વંશના સિક્કાનો આરંભ એના સમયથી થયો. એના સિક્કાઓનો એક જ પ્રકાર છે, તે છે રાજા-રાણી પ્રકાર. એનો વ્યાસ લગભગ ૨ સે. મી.નો હોય છે.

કાચગુપ્ત નામે ગુપ્ત રાજાના સિક્કા મળે છે. કાચગુપ્તનું નામ ગુપ્ત રાજાઓના અભિલેખોમાં આવતું નથી, આથી એનું અભિજ્ઞાન મુશ્કેલ છે. ઘણું કરીને એ સમુદ્રગુપ્તનો પ્રતિસ્પર્ધી ભાઈ હતો, જેણે થોડો વખત રાજ્ય કરી સત્તા ગુમાવી હશે.

સમુદ્રગુપ્ત (ચંદ્રગુપ્ત-કુમારદેવીનો પુત્ર) પરાક્રમો તેમજ સાંસ્કૃતિક સિદ્ધિઓ માટે સુપ્રસિદ્ધ છે. એના સુવર્ણસિક્કા છ પ્રકારના છે: તેમાં

(૧) સહુથી વધુ સંખ્યા 'ધ્વજદંડ પ્રકાર'ની છે.

(૨) ધનુર્ધર પ્રકાર: એમાં રાજા ડાબા હાથમાં ધનુષ અને જમણા હાથમાં બાણ ધારણ કરે છે. એની આગળ ગરુડધ્વજ છે. સિક્કાના પૃષ્ઠ ભાગ પરનું બિરુદ છે 'અપ્રતિરક્ષ' (પ્રતિસ્પર્ધી વિનાનો).

(૩) પરશુ પ્રકાર: રાજા ડાબા હાથમાં પરશુ ધારણ કરે છે. રાજાની સામે ઠીંગણો અનુચર ઊભો છે. પૃષ્ઠ ભાગ પરનું બિરુદ છે: 'કૃતાન્ત-પરશુ:' (યમદેવનું પરશુ).

(૪) અશ્વમેધ પ્રકાર: સમુદ્રગુપ્તે અશ્વમેધ કરેલો તેની સ્મૃતિમાં આ સિક્કા પડાવેલા. અગ્ર ભાગ પર યૂપ સામે ઊભેલો અશ્વ ને પૃષ્ઠ ભાગ પર જમણા હાથમાં ચામર અને ડાબા હાથમાં ઉપવસ્ત્ર પકડી યજમાન-પત્ની તરીકે ઊભેલી રાણી (દત્તદેવી). બિરુદ 'અશ્વમેધપરાક્રમ'.

(૫) વ્યાઘ્રહન્તા પ્રકાર: વાઘ તરફ ધનુષની પણછ ખેંચીને શરસંધાન કરતો રાજા નજરે પડે છે. પૃષ્ઠ ભાગ પર મકર પર ઊભેલાં ગંગાદેવી, જેના ડાબા હાથમાં કમળની દાંડી. બિરુદ: 'વ્યાઘ્રપરાક્રમ' (અગ્ર ભાગ પર).

(૬) વીણાવાદક પ્રકાર: સમુદ્રગુપ્ત સંગીતમાં વિશારદ હતો. અગ્ર ભાગ પર ખોળામાં લીધેલી વીણા વગાડતો પલંગ પર બેઠેલો રાજા નજરે પડે છે. પૃષ્ઠ ભાગ ઉપર બેઠેલાં લક્ષ્મીની આકૃતિ સાથે 'સમુદ્રગુપ્ત:' લખ્યું છે.

(ચાલુ)

ગુપ્ત સમ્રાટોના વિવિધ પ્રકારના સિક્કા-ડાબી બાજુથી અનુક્રમે: ઉપર સિક્કાનો અગ્રભાગ તથા નીચે તેનો પૃષ્ઠ ભાગ છે. (૧) ચંદ્રગુપ્ત પહેલાનો સિક્કો. એના પર હાથમાં ધ્વજદંડ લઈ ઊભેલા રાજા રાણીને કંઈ (વીંટી?) આપતો બતાવ્યો છે. રાજાની તરફ 'ચંદ્રગુપ્ત' અને રાણી તરફ 'કુમાર-દેવી' લખ્યું છે. નીચે આ સિક્કાના પૃષ્ઠભાગ પર સિંહ પર આરૂઢ દુર્ગાના હાથમાં પાશ અને ધાન્યશૃંગ છે તથા લખ્યું છે 'લિચ્છવય'. કુમારદેવી લિચ્છવી કુળની હતી. (૨) વામ હસ્તે ચક્રધ્વજ લઈ જમણા હાથે આહુતિ આપતો રાજા. આજુબાજુ 'કાચો ગામવ જિત્ય દિવ કર્મભિરુત્ત મૈર્જયતિ' (પૃથ્વીને જીતીને ઉત્તમ કર્મ વડે કાચ (ગુપ્ત) સ્વર્ગને જીતે છે-ઉપગીતિ છંદમાં આ પંક્તિ છે.) લખેલું છે. પૃષ્ઠભાગે જમણા હાથમાં પુષ્પ ને ડાબામાં ધાન્યશૃંગ લઈ ઊભેલાં લક્ષ્મીદેવી; બાજુમાં 'સર્વ રાજોચ્છેત્તા' (સર્વ રાજાઓનો ઉચ્છેદ કરનાર) એવું લખાણ છે (૩) સમુદ્રગુપ્તના તો અનેક પ્રકારના સિક્કા મળે છે, જેમાં સૌથી વધુ આ ધ્વજદંડ પ્રકારના છે. અહીં મુખ ફરતા પ્રભાચક્ર સાથે એક હાથમાં ધ્વજદંડ ઝાલીને ઊભેલો રાજા યજ્ઞકુંડમાં આહુતિ આપે છે. પાછળ ગરુડધ્વજ છે. હાથ નીચે 'સમુદ્રગુપ્ત' અને આસપાસ લેખમાં 'સમરશતવિતતવિજયો જિત-રિપુરજિતો દિવં જયતિ' (રિપુને જીતનાર, અજિત રાજા સેંકડો યુદ્ધમાં વિજય પામી સ્વર્ગને જીતે છે) એવું ઉપગીતિ છંદમાં લખાણ છે. જો કે સંપૂર્ણ લખાણ વાચ્ય નથી. પૃષ્ઠભાગે સિંહાસનારૂઢ લક્ષ્મી ને જમણી બાજુ 'પરાક્રમ:' લખ્યું છે. 'પરાક્રમ'એ સમુદ્રગુપ્તનું બિરુદ હતું. (૪) 'ધનુર્ધર' પ્રકારનો સિક્કો. અને તેની નીચે (૫) 'પરશુ' પ્રકારનો સિક્કો અને (૬) અશ્વમેધ પ્રકારનો સિક્કો. તથા છેલ્લો, (૭)વ્યાઘ્રહન્તા પ્રકારનો છે



શબ્દકથા: ટચલી આંગળી

સંસ્કૃતમાં તર્જની, મધ્યમા, અનામિકા અને कनीनिका (કે कनिष्ठा) એવાં હાથની આંગળીઓ માટે ખાસ નામો છે. ગુજરાતીમાં માત્ર 'વચલી' અને 'ટચલી' એમ બે આંગળીઓને નામ મળ્યાં છે. સં. कन्य, कन्या, कनीयस्, कन्यस, कनिष्ठ, कनीनिका વગેરેમાં कन् 'લઘુ, નાના કદનું, બાળ વયનું' એવા અર્થનો ધાતુ રહેલો છે આ ઉપરથી ઘણી ભારતીય ભાષાઓમાં ટચલી આંગળી માટેના શબ્દ બનેલા છે. જેમ કે હિંદી कानी उंगली, कन उंगली, कनगुरिया, અસમિયા केनसा आंगुली, નેપાળી कान्चीं अउंलो પશાઈ कंगुची अगुरीक વગેરે. ગુજરાતીમાં 'સૌથી નાની' એવા અર્થનો 'ટચલી' શબ્દ ('વચલી' સાથે પ્રાસમેળનો લાભ ધરાવતો હોવાથી) આ માટે પ્રચલિત બન્યો. 'ટચૂકડું', 'ટીચકું' વગેરે આ સાથે સંકળાએલા છે.

'સંદેશરાસક'ની વિરહિણી નાયિકા પરદેશમાં રહેલા નાયકને સંદેશો મોકલતાં કહે છે:

સંદેસડઉ સવિત્થરઉ પર મઈ કહણુ ન જાઈ,
જો કાલગુલિ મુંદડઉ સો બાહડિઈ સમાઈ.

'સંદેશામાં કહેવાનું એટલું બધું છે કે મારાથી કહ્યું જતું નથી. પણ ટૂંકમાં કહું તો, મારી ટચલી આંગળીની વીંટી હવે મારા બાવડા ઉપર પહેરી શકાય છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

વોરા ઍન્ડ કંપની
વોરા ચેમ્બર્સ, ગાંધી માર્ગ • અમદાવાદ

ઊંડા અંધારેથી: જાણીતાં નાટ્યલેખિકા રંભાબિન ગાંધીના આ બારમા નાટ્યસંગ્રહમાં બહુધા કૌટુંબિક-સામાજિક વિષયોને કેન્દ્રમાં રાખી અભિનયક્ષમ નવ નાટિકાઓ સંગૃહીત કરાઈ છે, જેમાં એક નટીશૂન્ય અને એક નટ-શૂન્ય પણ છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૭, રૂ. ૭ ૫૦.)

નાટક વિષે: સ્વ. જયંતી દલાલના નાટ્ય-વિષયક અભ્યાસલેખો, નાટ્યકૃતિઓની સમીક્ષાઓ તેમજ તેમના પત્રોને પ્રકટ કરતા આ ગ્રંથમાં કર્તાની નાટ્યસૂઝનો અચ્છો પરિચય મળી રહે છે. (સંપાદક: સર્વશ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, રાધેશ્યામ શર્મા, પ્રકાશ ન. શાહ; પાકું પૂઠું, પૃ. ૧૮૨, રૂ. ૧૦.)

ચરણ-કમલ: ધર્મજિજ્ઞાસુ જીવને માટે પ્રાર્થના, ભક્તિ, સમર્પણ, ધ્યાન, કથા વગેરેનું સરળ દૃષ્ટાંત-શૈલીમાં નિરૂપણ કરતી ફાધર વાલેસની પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ. ૫.)

સ્ત્રીઓના રોગો: સ્ત્રીઓના વિવિધ રોગો અને ઉપચારોની છણાવટ કરતું વૈદ્ય પ્રાગજી રાઠોડનું ઉપયોગી પુસ્તક. (કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૫.)

તત્કાલીન લખનઉ: આંતરભારતી પુસ્તક-માળાની શ્રેણીમાં પ્રકટ થતા શ્રી અબ્દુલ હલીમ 'શરર'ના વિખ્યાત ઉર્દૂ પુસ્તક 'ગુઝિશ્તા લખનઉ'નો આ સુભગ ગુજરાતી અનુવાદ શ્રી સરલા જગમોહને કરેલો છે. અંગ્રેજોના આગમનના દિવસોથી તેમના ઉદયના દિવસોને આવરી લેતી લખનઉની સંસ્કૃતિ-સભ્યતાનો અહીં વિગતવાર પરિચય આપવામાં આવ્યો છે, જે 'શરર'નું ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનું માન, સમાજસુધારક તરીકેની ધગશ તેમજ અચ્છા ગદ્યકાર તરીકેની સિદ્ધિ સૂચવી જાય છે. (પ્રકા૦ નૅશનલ બુક ટ્રસ્ટ, પ્રાપ્તિસ્થાન વૉરા ઍન્ડ કં. કાચું પૂઠું, પૃ. ૩૫૨, રૂ. ૭-૫૦.)

સૌના સાથી સૌના દોસ્ત: નેહરુ બાલ પુસ્તકાલયના વિભાગમાં ગુજરાતીના મૂર્ધન્ય કવિ-લેખક ઉમાશંકર જોષીએ ગાંધીજીના જીવનના વિવિધ અનુકરણીય ગુણોને કેન્દ્રમાં રાખી સરળ અને રસભરી રીતે લખેલી આ પ્રસંગવાતો બાળકો-કિશોરોને આનંદ-જ્ઞાન આપી રહેશે. એનાં બહુરંગી સુંદર ચિત્રો કર્યાં છે મિકી પટેલે. (કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૧ ૫૦.)

સોનાની સફર: નેહરુ બાલ-પુસ્તકાલય શ્રેણીમાં તારા તિવારી લિખિત અને વર્ષા દાસ અનૂદિત ઊંટની સફરને વર્ણવતી આબાળવાર્તા-માં ઊંટનાં અંગોની વિશેષતા વિષે પ્રાણીજ્ઞાન આપવામાં આવ્યું છે, જે વાર્તારસને જાળવે છે અને સચિત્રતા એ રસમાં ઉમેરો કરે છે. (કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૧-૫૦.)

શ્રી અરવિંદ સોસાએટી
પ્રીતમનગર પહેલો ઢાળ • અમદાવાદ-૧

વાર્તાલાપો: 'શ્રી માતાજીના વાર્તાલાપો-ની ગ્રંથશ્રેણીના ગુચ્છ બીજાના આ પ્રથમ પુસ્તકમાં માતાજીના ૧૮મી માર્ચથી જૂન ૧૦, ૧૯૫૩ સુધીના પ્રશ્નોત્તરો પ્રકટ થયા છે, જેનો અનુવાદ અમીધર ભટ્ટે કર્યો છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૪-૫૦.)

માનવજાતિને મદદ: શ્રી અરવિંદ અને માતાજીના ચાર લઘુ લેખોનો શ્રી સુન્દરમ્ અને શ્રી અમીધર ભટ્ટે કરેલા અનુવાદ. (કાચું પૂઠું, પૃ. ૩૪, રૂ. ૧.)

દેવો અને પરમાત્મા: એ વિષે શ્રી અરવિંદ અને શ્રી માતાજીના મનનીય વિચારો રજૂ કરતાં ૬ લઘુ લખાણોની આ પુસ્તિકાના અનુવાદકો છે સર્વશ્રી સુન્દરમ્ અને અમીધર ભટ્ટ. (કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૧-૨૫.)

સુખ અને શાંતિ: સુખ અને શાંતિ વિષયક શ્રી અરવિંદ અને માતાજીના વિચારો-ની આ પુસ્તિકાના અનુવાદકો છે સર્વશ્રી અંબુભાઈ પુરાણી, સુન્દરમ્ અને અમીધર ભટ્ટ. (કાચું પૂઠું, પૃ. ૩૪, રૂ. ૧-૨૫.)

યોગ (ભાગ-૧): શ્રી અરવિંદના યોગ-વિષયક શ્રી નલિનીકાન્ત ગુપ્તના વિચારોની આ પુસ્તિકાનો અનુવાદ કર્યો છે અમીધર ભટ્ટે (કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૧-૨૫.)

અન્ય પ્રકાશનો

'આરોગ્ય-ક્રાંતિ' જગાવો!: તન-મન-ના આરોગ્ય માટેના સૂત્રાત્મક નિયમો આપતી રતિલાલ અધ્વર્યુની પુસ્તિકા. (પ્રકા. પોતે જ, ૩ દત્ત સોસાએટી, અમદાવાદ-૭; કાચું પૂઠું, પૃ. ૧૬, ૩૫ પૈસા.)

'નૈતિક-ક્રાન્તિ' જગાવો!: પ્રસ્તુત લેખકની નૈતિક ક્રાંતિ માટેની સૂત્રાત્મક રજૂઆત કરતી પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૬, ૩૫ પૈસા.)

'માનસિક-ક્રાન્તિ' જગાવો!: ઉક્ત લેખકની માનસિક ક્રાન્તિ જન્માવવાના વિચારો વ્યક્ત કરતી સૂત્રાત્મક પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ, પૃ. ૧૬, ૩૫ પૈસા.)

'આર્થિક-ક્રાંતિ' જગાવો!: એ જ લેખકની તદ્વિષયક વિચારો રજૂ કરતી પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ, પૃ. ૧૬, ૩૫ પૈસા.)

ઇશ્વરનું ઘર: જીવનમાં સમત્વ પ્રાપ્ત કરવા માટે સમ્યક્ આચાર-વિચાર કેળવવાનું જ્ઞાન આપતી પુસ્તિકા. (લે. પ્ર. ઉપર મુજબ; પૃ. ૧૬, ૩૫ પૈસા.)

ધર્મ-નીતિનાં પદ: દોહા-ભજનોની પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ; પૃ. ૧૬, ૫૦ પૈસા.)

ગીતા કહે છે : ગીતાના અઢાર અધ્યાયનો સરળ સાર આપતી પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ; પૃ. ૬૪, રૂ. ૧-૫૦.)

સ્વામી રામતીર્થની જીવનસાધના : સ્વામી રામતીર્થના પ્રેરક પ્રસંગોને રજૂ કરતું મુકુલભાઈ કલાર્થીનું આ ચરિત્રાત્મક પુસ્તક કિશોરો-યુવાનોએ જરૂર વાંચવા જેવું ને સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓએ વસાવવા જેવું છે. (પ્રકા. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૨-૫૦.)

હાજરજવાબી પ્રધાનની વાતો : વકીલ દયાળજી રણછોડદાસ રચિત બુદ્ધિગમ્ય અને વિશુદ્ધ મનોરંજન પૂરું પાડતી ૩૭ વાર્તાનો સંગ્રહ. (પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૪.)

હું તું અને તે : માનવજીવન અને સમાજજીવનમાંથી ચૂંટી કાઢેલા, ધારદાર વિષયવસ્તુને નવી ટૅક્નિક તથા સબળ અર્થસભર સંવાદો દ્વારા રજૂ કરતાં જ્યોતિ વૈદ્યનાં આ સંગ્રહમાં મૂકવામાં આવેલાં સાત એકાંકીઓ ભજવાઈને સફળતાને વર્યાં છે તે તેના લેખકની નાટ્યકાર તરીકેની સિદ્ધિ પુરવાર કરી આપે છે. (પ્રકા. રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩, ટાવર રોડ, સુરત; કાચું પૂઠું, પૃ. ૨૧૨, રૂ. ૧૧.)

કોલાહલનું હલાહલ : શ્રી નવીનચંદ્ર પંડયાનાં ત્રણ એકાંકીઓનો સંગ્રહ. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૪-૭૫.)

જનતાનું રાજ : સ્વરાજ સાચા અર્થમાં શું છે અને તે કેવી રીતે સિદ્ધ થઈ શકે તે વિષે આચાર્ય વિનોબાના વિચારો વ્યક્ત કરતી પુસ્તિકા. (પ્રકા. યજ્ઞપ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૧-૫૦.)

સંપૂર્ણ ક્રાંતિ : શ્રી જયપ્રકાશ નારાયણે સંપૂર્ણ ક્રાંતિ વિષેના વર્તમાન સામાજિક-રાજકીય સંદર્ભમાં કરેલા વિચારો. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૨.)

બિહાર આંદોલનનું સમર્થન શા માટે કરું છું : શીર્ષકમાં જણાવ્યું છે તે પ્રમાણે બિહારના આંદોલનના પાયાના મુદ્દાઓ પર પોતાનું ચિંતન વ્યક્ત કરતી દાદા ધર્માધિકારીની પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૨૪, ૫૦ પૈસા.)

'જિંદગીની વેઠ' અને 'બા' : શ્રી પરમસુખ પંડયા રચિત ચતુરંકી નાટક 'જિંદગીની વેઠ' તેમજ ત્રિઅંકી નાટક 'બા'નો આ સંગ્રહ સફળ ભજવણી માટે ઉપયોગી થશે. (પ્રકા. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૫.)

કલાપીદર્શન : લોકપ્રિય કવિ કલાપીની જન્મશતાબ્દી નિમિત્તે મુંબઈની સિડનહામ કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળે તૈયાર કરી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



ચીમનલાલ પી. શાહ

જન્મ : ખંભાતમાં તા. ૧૯-૧૦-૧૯૦૪. મુખ્યત્વે ઊંચી કક્ષાના કાગળોના એક અગ્રગણ્ય આયાતકાર. વર્ષો સુધી સમસ્ત ભારતના પેપર ટ્રેઈડ એસોસીએશનોના મધ્યસ્થ સરકાર સમક્ષ પ્રતિનિધિ. કાગળના વેપાર અંગેની વિવિધ સંસ્થાઓના અગ્રણી. વર્ષો સુધી ભારત સરકારના ધ ન્યૂસ પ્રિન્ટ કૉર્પો. લિમિ.ના પ્રમુખ. વર્ષોથી શિષ્યવૃત્તિઓ આપતા પ્રાણજીવન ચૅરિટેબલ ટ્રસ્ટના સ્થાપક અને પ્રમુખ. આ ટ્રસ્ટે હમણાં 'ઓ.-એન.જી.સી'.ને ઑઈલ ટેક્નૉલૉજીની કૉલેજ ચલાવવા માટે એક અદ્યતન મકાન આપ્યું છે. ખંભાતની એડયુકેશન સોસા. અને ખંભાત મેડિકલ રિલીફ એસો.ના વર્ષોથી એક સંચાલક. ગયા વર્ષે સાહિત્યની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી જનસમાજના સાંસ્કારિક પાસાને વિકસાવવા 'ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ' સ્થાપી એના દ્વારા હમણાં વિશ્વની અનેક ભાષામાંથી મુખ્ય કાવ્યોનું એક ગુજરાતી સંપાદન 'કાવ્યવિશ્વ' એમણે પ્રકટ કર્યું છે.

૧. કાગળના વેપારની સાથે આપને સાહિત્ય અને શોભનમય—કલામય મુદ્રણનો પણ શૉખ છે. એનું આકર્ષણ ક્યાંથી થયું.

ઉ. સ્વ. પુરુષોત્તમ વિશ્રામ માવજીના 'સુવર્ણમાળા' અને હાજીમહમદ અલારખિયાના 'વીસમી સદી' એ બંને સામયિકોમાં ગુજરાતી સાહિત્ય અને કલામય પ્રકાશનોના ક્ષેત્રમાં મહત્ત્વની કેડી અંકાએલી જોઈને.

૨. કાગળનો વ્યવસાય આપે ક્યારથી આદર્યો? આપણા દેશમાં કેવા કાગળો બને છે?

ઉ. ઈ.૧૯૩૬થી અન્ય ચીજો સાથે પરદેશથી ઉચ્ચ પ્રકારના કાગળ મંગાવવા માંડેલા. આગળ જતાં સ્વદેશી કાગળનો ધંધો શરૂ કર્યો. આયાતના બહોળા અનુભવને કારણે અનેક સ્વદેશી મિલોને ઘટિત માર્ગદર્શન આપી શકાયું. પરિણામે આજે આપણે ત્યાં લગભગ બધી જ જાતના ચાલુ કાગળો ઉપરાંત, આર્ટપેપર, આર્ટકાર્ડ, વૉટર માર્કવાળા બૅંક લેજર પેપર, બૉન્ડ અને પોલિસીપેપર, પાર્ચમેન્ટ, પાતળા એરમેઈલ પેપર વગેરે જેવા ઉચ્ચ કક્ષાના ને ટકાઉ કાગળો બનવા લાગ્યા છે.

૩. કાગળનું સૌથી વધુ ઉત્પાદન કયો પ્રદેશ કરે છે? આમાં ભારતનું શું સ્થાન છે?

ઉ. અમેરિકા સૌથી વધુ કાગળ બનાવે છે. એના આશરે ૬૦૬ લાખ ટન કાગળના ઉત્પાદનની સરખામણીમાં ભારતનું ૮ા લાખ ટન ઉત્પાદન શી વિસાતમાં? ત્યાં માથાદીઠ વાર્ષિક વપરાશ ૨૭૫ કિલો.નો છે, ત્યારે ભારતમાં ફક્ત બે કિલો. આપણી પાસેની કાચી સામગ્રીની છત તથા ભાવિ વિકાસનો વિચાર કરતાં આ ક્ષેત્રે સહેજે સો ગણા વિકાસની તક છે.

૪. આપનો ખાસ શૉખ?

ઉ. સંગીતનો, સાહિત્યનો ને કલામય પ્રકાશનોનો. ભુપાલી, મિયાં-મલ્હાર, ભીમપલાસી, હિંડોલ, દરબારી વગેરે મારા પ્રિય રાગ; સાહિત્યમાં નરસિંહ મહેતા, મુનશી, નાનાલાલ, બ. ક. ઠા. મારા પ્રિય સર્જકો. નાનાલાલનું 'જયાજયંત' મારે મન અપૂર્વ સાહિત્યકૃતિ. સંસ્કૃતમાં 'રઘુવંશ'ની પ્રસ્તાવના આજે ય મને મોઢે છે. રામાયણ-મહાભારત પણ પ્રિય ગ્રંથો છે.

૫. કાવ્ય વિષે આપના ખયાલ?

ઉ. સુખઃદુખનું ખરું પ્રમાણ દર્શાવી એને જીરવવાની કે એનો ઉપયોગ કરવાની ખરી દૃષ્ટિ કાવ્ય દ્વારા મળે છે. નવો જ અભિગમ કરાવી એ જીવનને આહ્લાદક બનાવે છે.

૬. કહે છે આપનું બાળપણ કપરું હતું, ખરું?

ઉ. હા. એકાદ વર્ષની વયે માનું સુખ ગયું. પિતાએ પણ ખૂબ કપરી આર્થિક સ્થિતિ અનુભવી. અમને બે ભાઈઓને ઘરમાં રાખી, બારણે તાળું મારી તેઓ મોડી રાત સુધી નોકરી પર જતા. કાચું કોરું ખાઈને બહુ લાંબો સમય ચલાવી લેવું પડતું. પણ આવા અનેક આઘાત-પ્રયત્નોમાંથી જ નવી જીવનદૃષ્ટિ મળે છે.

ચીમનલાલ પી. શાહ

પ્રકટ કરેલું આ પુસ્તક કલાપીના સર્જકત્વ અને વ્યક્તિત્વ પરના વિવિધ અભ્યાસલેખો રજૂ કરે છે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાના સાહિત્યવર્તુળે કરવા જેવી પ્રવૃત્તિનું આ એક અનુકરણીય ઉદાહરણ છે. (સંપા. ડૉ. ધનવંત શાહ અને ગુંજન ખરવાળિયા; વિક્રેતા : ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૪૪૦, રૂ. ૨૭.)

ઐસી હૈ જિન્દગી : જર્મન લેખક અર્ન્સ્ટ ટૉલરનાં 'હિન્કમાન' અને 'હૉપ્લા' એમ બે નાટકોનો સુન્દરમે કરેલો સફળ અનુવાદ. (પ્રકા. બુટાલા પ્રકાશન, રાવપુરા રોડ, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૧૫.)

કથાસાહિત્યનું વિવેચન : શ્રી ભારતી દલાલના આ મહાનિબંધમાં ગુજરાતી નવલકથા સાહિત્યને વિવેચવાના જે જે પ્રયાસો થયા છે તેના સંદર્ભમાં કથાસાહિત્યના વિવેચનના મૂળભૂત પ્રશ્નોની ચર્ચા-વિચારણા થઈ છે જે ખૂબ જ ઉપયોગી અને મૂલ્યવાન છે. કથાસાહિત્યના વિવેચનને પૂરી રીતે જોવા-જાણવાનો આ પુરુષાર્થ લેખે લાગ્યો છે એવી પ્રતીતિ કોઈ પણ અભ્યાસીને આ ગ્રંથના વાચનથી થઈ શકશે. (પ્રકા. પોતે જ; વિક્રેતા ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૩૬૫, રૂ. ૨૫.)

મહાદેવભાઈની ડાયરી-૧૪ : ૧૯૩૧-ની ૨૭મી જાન્યુઆરી થી ૨૯મી ઑગસ્ટ સુધીના ગાળાને આવરી લેતી આ નિત્યનોંધમાં સરકાર અને કૉંગ્રેસ વચ્ચે આઝાદી માટે જે જંગ ચાલતો હતો અને મહાત્માજી એમાં જે રીતે સૂત્રધારનું કામ કરી રહ્યા હતા તેનો સુવાંગ ખયાલ મળી રહે છે. વળી, ગાંધી-ઈરવિન કરાર થયા તે પહેલાં જે વાટાઘાટો થએલી તે અંગેનો પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલનો કેટલોક દુઃખદ અસંતોષ પણ આ નોંધો પરથી પામી શકાય છે. તે વખતના સમગ્ર રાજકીય વાતાવરણને યોગ્ય રીતે રજૂ કરતી આ નિત્યનોંધ આપણા સ્વાતંત્ર્યના સાહિત્યની અમૂલ્ય સામગ્રી છે. (સં. ચંદુલાલ ભગુભાઈ દલાલ, પ્ર. સાબરમતી આશ્રમ સુરક્ષા-સ્મારક ટ્રસ્ટ, હરિજન આશ્રમ, અમદાવાદ-૧૩; પાકું પૂઠું, પૃ. ૫૭૬, રૂ. ૧૫.)

ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા : ભારતની પ્રજામાં રાષ્ટ્રીય અસ્મિતાની ભાવના જાગ્રત થઈ તેણે વિવિધ સર્જનક્ષેત્રો પર પણ અસર કરી અને તેમાંથી ઈ. ૧૮૭૫ થી ૧૯૪૭ના ગાળા દરમિયાન ગુજરાતી કવિતાક્ષેત્રે એનાં જે પ્રતિબિંબો ઝિલાયાં તેનો સળંગ સુવ્યવસ્થિત અભ્યાસ પ્રા. શ્રી દિલાવરસિંહ જાડેજાના આ શોધપ્રબંધમાં પ્રાપ્ત થાય છે, જેમાં એમની ઝીણી દષ્ટિ, પરિશ્રમ ને વિષય પરની પકડ સારી રીતે સિદ્ધ થએલાં જોઈ શકાશે. (પ્રકા. પોતે જ, પ્રાપ્તિસ્થાન. ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર; કાચું પૂઠું, પૃ. ૩૩૨, રૂ. ૧૩-૭૫.)

સાહિત્યવિવેચનમાં મનોવૈજ્ઞાનિક અભિગમ : સર્જનાત્મક સાહિત્યના કોઈ પણ સ્વરૂપના વિવેચનમાં રૂઢિગતતાને સ્થાને હવે મનોવૈજ્ઞાનિક અભિગમની આવશ્યકતા ઊભી થઈ છે, જે તે સર્જન અને સર્જકની વધુ નિકટ લઈ જઈ આસ્વાદમાં ઉપકારક થઈ પડે તેમ છે એવું મંતવ્ય પ્રસ્થાપિત કરવા મથતા શ્રી મધુ કોઠારીના આ પુસ્તકમાં એમની અભ્યાસપૂર્ણતાનો પરિચય પામી શકાય છે. (પ્રકા. પોતે જ; પ્રાપ્તિસ્થાન: રૂપાલી પ્રકાશન, ૮૦, ગીરધરનગર, અમદાવાદ-૪; કાચું પૂઠું, પૃ. ૧૧૧, રૂ. ૩.)

નીરાજના : સન્નિષ્ઠ અને અભ્યાસપૂત પ્રાધ્યાપક ગોરીપ્રસાદ ચુ. ઝાલાના સંસ્કૃત સર્જન-સર્જક વિષયક ૪૯ લેખો તથા ૭ અવલોકનોનો આ સંગ્રહ લેખકની સૂક્ષ્મ સૂઝ, વિવેકી વિવેચનદૃષ્ટિ, વિશાળ વાચન અને વિનમ્ર જ્ઞાનસંપત્તિનો પરિચય કરાવી જાય છે. (સંપા. ડૉ. રમણલાલ ચી. શાહ, હીરાબેન પાઠક, રાજેન્દ્ર નાણાવટી, મીનળ નં. વોરા; પ્રકા. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત; પાકું પૂઠું, પૃ. ૩૬૮, રૂ. ૧૫.)

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રીતિવિચાર: ભારતીય કાવ્યમીમાંસાના ઇતિહાસમાં રીતિસંપ્રદાય નિજી સ્થાન ધરાવે છે, તેને પુસ્તકકર્તા રાજેન્દ્ર નાણાવટીએ અહીં, નાનકડાં પ્રકરણોમાં ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સ્પષ્ટતાથી ચર્ચી, તેની ખૂબીઓ અને તેના અંગેની કેટલીક ગેરસમજૂતીઓ જે રજૂ કરી છે તેમાં લેખકના ઊંડા અભ્યાસ અને શ્રમની ઝાંખી થયા વગર રહેતી નથી. ગુજરાતીમાં કાવ્યશાસ્ત્રના જિજ્ઞાસુઓની સંખ્યા વધતી જાય છે ત્યારે મૂળ સંસ્કૃતમાં થએલી આ ચર્ચા અહીં ગુજરાતીમાં વિશદતાથી રજૂ કરી આપવામાં તેના લેખકે ઉપયોગી કાર્ય કર્યું છે. (પ્રકા. પોતે જ, ૯ મધુવન સોસાએટી, નાનપુરા, સૂરત-૧; કાચું પૂઠું, પૃ. ૭૮, રૂ. ૫.)

શ્રીમદ્ ભાગવતકથા : સંસ્કૃત-ગુજરાતીના મૂર્ધન્ય પંડિત સ્વ. ડોલરરાય માંકડે અલીઆબાડા ખાતે ગંગાજળા વિદ્યાપીઠમાં ૭-૧૧-૧૯૬૩ થી ૧૩-૧૧-૧૯૬૩ સુધીના સપ્તાહમાં ભાગવતની સવિવરણ કથા કરેલી તેનું આ ગ્રંથસ્વરૂપ તે વિષયના જિજ્ઞાસુઓને જચશે અને માંકડસાહેબની સૂક્ષ્મ બુદ્ધિશક્તિનો પરિચય કરાવી આપશે. (પ્રકા. ગંગાજળા વિદ્યાપીઠ, અલીઆબાડા-૩૬૧ ૧૧૦; પાકું પૂઠું, પૃ. ૨૭૬, રૂ. ૨૫.)

દયારામ-રસધારા : ૩-૪ : મધ્યકાલીન ગુજરાતીના છેલ્લા પ્રતિભાવંત કવિ દયારામની રચનાઓનાં, હસ્તપ્રતોની મદદથી, અધ્યા. કે. કા. શાસ્ત્રી તથા અધ્યા. જીવનલાલ છ. જોશીએ કરેલાં, પાઠાંતર સાથેનાં શ્રદ્ધેય સંપાદનો. (પ્ર. ગુજરાત સાહિત્યસભા, કે. કા. શાસ્ત્રી, અમદાવાદ-૬; પ્રત્યેકનું કાચું પૂઠું, ધારા ૩નાં પૃ. ૧૪૪, રૂ. ૪-૫૦; ધારા ૪નાં પૃ. ૧૫૪, રૂ. ૫.)

સ્વાતંત્ર્યસંગ્રામ : ભારતના સ્વાતંત્ર્ય-જંગમાં સૂરત-વલસાડ જિલ્લાનો ફાળો નોંધપાત્ર છે તેની એક વધુ પ્રતીતિ શ્રી ઇશ્વરલાલ ઈ. દેસાઈ સંપાદિત આ ગ્રંથથી થઈ રહેશે. ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડતમાં આ જિલ્લાના જે જે વતનીઓએ ફાળો આપેલો તેમજ આરંભથી ૧૯૪૭ સુધીમાં વિવિધ તબક્કે અને વિવિધ કાર્યક્રમોમાં આ જિલ્લાના નેતાઓ અને જનતાએ જે ઉત્સાહ-ખમીર દાખવેલાં તે પણ આ પુસ્તકમાં સુપેરે પ્રાકટ્ય પામ્યાં છે. વળી, પુસ્તકનાં પરિશિષ્ટોમાં આપવામાં આવેલાં ગાંધીજી, લાજપતરાય, વિઠ્ઠલભાઈ, બિપિનચંદ્ર પાલ વગેરેનાં અપ્રાપ્ય ભાષણોનો સંચય તેમજ કેટલાક લઘુ લેખો આ ગ્રંથની મૂલ્યવત્તામાં ઉમેરો કરી રહે છે. (પ્રકા. સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લાપંચાયત, દરિયામહેલ, સૂરત; પાકું પૂઠું, પૃ. ૫૮૮, પાંચ પુસ્તકો સાથેના આ સેટના રૂ. ૧૦૦.)

—અને છેલ્લે


પચાસ-સાઠ વરસ પહેલાંની ગુજરાતના સાહિત્યકારોની પેઢીમાં પરસ્પર વિખવાદ, વૈમનસ્ય અને ઊંચાં મન ઘણાં થતાં અને એ કારણે વર્ષો સુધી તેમની વચ્ચે અબોલા રહેતા. કવિ નાનાલાલ અને વિદ્વદ્વર્ય નરસિંહરાવ વચ્ચેના એવા અબોલા ચાલતા હતા એ દરમિયાન નાનાલાલને મુંબાઈ જવાનું થયું. ત્યારે 'વીસમી સદી' માસિકની બોલબાલા હતી અને એના તંત્રી હાજીમહમ્મદ બધા સાહિત્યકારોમાં સર્વજનપ્રિય હતા. એમણે નરસિંહરાવને કહ્યું કે 'કવિ મુંબાઈ આવે છે. તે આપણા મહેમાન કહેવાય. તમારો મેળ કરવાની તક મને આપો. 'વીસમી સદી' એમને ચાપાણી માટે બોલાવે ત્યારે તમે જરા વહેલા આવીને એમનો સત્કાર કરવામાં મને સહકાર આપો.' નરસિંહરાવ મોટા મનથી હાજીમહમ્મદને ત્યાં ગયા, અને વખત થયે નાનાલાલ આવ્યા ત્યારે પોતે એમને સત્કારતાં બોલ્યા : 'આવો નાનાભાઈ'. તરત નાનાલાલે પણ સામેથી ખબર પૂછયા : કેમ છો નન્નુભાઈ? (નરસિંહરાવનું પરિચિતોમાં ચાલુ નામ નનુભાઈ હતું.) ને બંને વચ્ચે મેળ થઈ ગયો.

પચ્ચીસ વર્ષ પહેલાં



માર્ચ ૧૯૫૧ · સળંગઅંક ૩૨૭

એ કાળે અવારનવાર 'ચિત્રબોધ'નું એક પાનું અપાતું. હમણાં 'સાઈસમોગ્રાફ' વિષેનું એવું એક પાન ઉતારેલું. આ મહિને પચ્ચીસ વર્ષ પહેલાંનું 'મોટર સાઈકલ કેમ ચાલે છે?'નું એવું પાનું જોઇએ : એમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે ટાંકીમાંથી એક નળી દ્વારા પેટ્રોલ કાર્બ્યુરેટરમાં આવીને હવા સાથે ભળે છે. (એ કાર્બ્યુરેટરનું એક સ્વતંત્ર ચિત્ર નીચેની હારમાં આપ્યું છે.) ત્યાંથી પછી તે સિલિન્ડરમાં ખેંચાઇને ત્યાં વીજળિક તણખાથી સળગી, મોટા અવાજ થઈ એક જોરદાર ધક્કા સાથે ફાટે છે. એ ધક્કાના જોરે એ સિલિન્ડરમાં રહેલો પિસ્ટન ઊંચોનીચો થઈને મોટર-સાઈકલને ફેરવતાં ચક્રોમાં ગતિ આણે છે. નીચેની હારમાંનાં શરૂનાં ચાર ચિત્રોમાં આ ક્રિયા સમજાવી છે. હવે 'એન્જિન શાફ્ટ'ની જોડે ચેઈન (સાંકળ)થી એક મોટું ચક્ર અ જોડાએલું છે; તે શાફ્ટની સાથોસાથ ફરવા માંડે છે, એટલે તેની સાથે એક બીજું નાનું ચક્ર વ જોડાએલું છે તે પણ ફરવા માંડે છે. અને આ નાના ચક્ર વ સાથે જોડાએલી ચેઈન ગાડીના પાછલા પૈડાના 'કૉગ વ્હીલ' સાથે જોડાએલી હોય છે એટલે કૉગ વ્હીલમાં પણ ગતિ આવે છે. અને આથી પૈંડું ફરતાં ગાડી ચાલે છે. હવે તો એન્જિન શાફ્ટ ચાલુ થઈ ગયો હોય છે એટલે તે દ્વારા જ ચાલીને મૅગ્નેટો તેને વીજળિક પ્રવાહ પૂરો પાડે છે. બળી ગએલી બાષ્પ સિલિન્ડર સાથે જોડેલા 'એક્ઝૉસ્ટ પાઈપ' દ્વારા બહાર ફેંકાઈ જાય છે. કાર્બ્યુરેટરમાંથી સિલિંડરમાં જતી આ પેટ્રોલ-બાષ્પનું પ્રમાણ વધતુંઓછું કરવા માટે 'હૅંડલ-બાર'માં એક થ્રૉટલ–લીવર ગોઠવેલું હોય છે. વળી સાઈકલની ગતિમાં પણ વધારો-ઘટાડો કરવા માટે એક ગીઅરની રચના કરવામાં આવી છે, જેનું સંચાલન પેટ્રોલની ટાંકી પાસે રહેલા ગીઅર-લીવર વડે થાય છે. એ ગીઅર-લીવરમાંથી નીકળતો એક તાર ગીઅર-બૉક્સમાંના જુદાજુદા કદનાં કૉગ-વ્હીલને ફેરવે છે. એ ગીઅર બૉક્સનું ચિત્ર નીચે જમણે ખૂણે આપ્યું છે. તેમાં એ ધરી ઉપર નાનાંમોટાં કૉગ-વ્હીલ હોય છે. જેને ગીઅર લીવર ફેરવીને એકબીજા ઉપર સરકાવી શકાય છે. વળી હૅન્ડલ ઉપર એક 'ક્લચ-લીવર' હોય છે. તેનો સંબંધ પણ આ ગીઅર-બૉક્સ સાથે હોય છે. એ 'ક્લચ-લીવર'માંથી નીકળતો તાર ખેંચાતાં જ ચક્ર અ ગીઅર-બૉક્સની એક ડિસ્ક (થાળી) સાથે ચોંટી જાય છે, એટલે એ થાળી ગીઅર-બૉક્સમાંની શાફ્ટ તથા વ્હીલને ફેરવે છે. 'ક્લચ-લીવર' છોડી દેતાં જ ચક્ર અ ડિસ્કથી છૂટું પડી જઇને તેમનો સંપર્ક છૂટી જાય છે.



કાર્બ્યુરેટરમાંથી આવતી હવા-મિશ્રિત પેટ્રોલની બાષ્પ.	ટ્રાન્સફર પોર્ટમાં થઈ તેનો સીલિન્ડરના ઉપલા ભાગમાં પ્રવેશ	તેને દબાણ આપતું પિસ્ટન.	સ્પાર્કિંગ પ્લગથી ચેતેલી બાષ્પનો પિસ્ટનને નીચેની તરફ ધક્કો.	ટાંકીમાંથી પેટ્રોલ લાવતી નળી કાર્બ્યુરેટરની રચના	ગીઅર બૉક્સની રચના

વૃક્ષ-વેલ-પરિચય (૪૩) સાલ



રાજા શુદ્ધોદનની ગર્ભવતી રાણી પિયર જતાં જેની પ્રસન્નકર શોભા જોઈ માર્ગમાં જ રોકાઈ ગઈ અને ત્યાં કુમાર સિદ્ધાર્થ (ગૌતમ બુદ્ધ) ને જન્મ આપ્યો એ લુંબિનીવન સાલવૃક્ષોનું જ વન હતું. રામાયણ અને અન્ય સંસ્કૃત સાહિત્યમાં પણ જેનો અનેક વાર ઉલ્લેખ જોવા મળે છે એ સાલવૃક્ષ હિમાલયની તળેટીથી માંડી મધ્ય ભારત, ઓરિસ્સા, આસામ, સિંગાપુરમાં મબલખ પ્રમાણમાં ઊગે છે. જ્યાં એ જોવા મળે ત્યાં એનાં ગીચ જંગલો જ હોય છે, કેમ કે એનાં બીજ બહુ જલદી ફળે છે. એક વૃક્ષ પરથી ખરી પડેલાં બીજ ઊગી નીકળતાં આસપાસ બીજાં અનેક વૃક્ષ વધી જાય છે.

આભને આંબવા ઊભું થયું હોય એવું સીધા સોટા જેમ વધતું સાલવૃક્ષ એના ઉપરના ભાગે જ ફૂટતી ને ચોપાસ ફેલાતી શાખાઓથી મહાકાય ફૂલછડી જેવું સુંદર લાગે છે.

સાલને શાલ પણ કહે છે. એની છાલ રાતો ને કાળો રંગ બનાવવામાં ઉપયોગી છે. ફેબ્રુઆરી-માર્ચમાં નાનાંનાનાં સફેદ ફૂલો ખીલી નીકળતાં વૃક્ષ વધુ શોભાયમાન લાગે છે. ફૂલો પછી તુરત ફળ બેસે ને જૂનમાં તો પાકી જઈ એનાં બીજ ખરવા લાગે. ક્યારેક તો વૃક્ષ પર જ બીજને ફણગા ફૂટે. સાલનું લાકડું ઉચ્ચ કક્ષાનું, મજબૂત ને ટકાઉ હોઈ ઈમારતી કામમાં તથા રાચરચીલાં માટે ઉપયોગી છે. સાલથડમાં છેદ પાડતાં એમાંથી ઘટ્ટ સુગંધી રાળ નીકળે છે. ધૂપ ઉપરાંત અનેક ઔષધોમાં એ ઉપયોગી છે. સાલનાં ફળનું તેલ બાળવામાં (ને ઘીમાં ભેગ કરવામાં યે) વપરાય છે. વનવાસીઓ સાલના ફળનો લોટ પણ ખાય છે. નેપાળમાં તો સાલવૃક્ષોમાંથી મોટી આમદાની થાય છે; અને એ માટે અનેક સાલવનો કપાઈ જતાં બિહારમાં પૂરનો ભય વધી ગયો છે. □



માધુકરી

વીતેલ સોણાં સુખનાં સ્મરીને
હતાશ હૈયું કરવું ઘટે ના:
અનુપ સૌંદર્યની ઝાંખી પામી
શું અશ્રુમાં ગાળવી જિન્દગાની?
વૃથા વિલાપો લવી કાં જગાવું
જગે નમાલું હીણસૂરું ગાણું?

—કરસનદાસ માણેક

ઇતિહાસચાર્ય પ્રો. આર્નોલ્ડ જે. ટૉયન્બી


જગદ્‌વિખ્યાત 'અ સ્ટડી ઑવ હિસ્ટરી'ના લેખક પ્રો. ટૉયન્બીનું ૨૨મી ઑક્ટોબર ૧૯૭૫ને રોજ અવસાન થયું. એમનો જન્મ ૧૪મી એપ્રિલ ૧૮૮૯ને દિને થયો હતો. આત્મકથનમાં એમને ઝાઝો રસ ન હતો. તોપણ એમણે 'પરિચિતો' (Acqaintances) નામના ગ્રંથમાં પોતાને વિષે કેટલીક માહિતી આપી. આત્મચરિત્ર તરીકે એ પુસ્તક નિષ્ફળ ગયું જોઈ એમણે ૧૯૬૯માં 'અનુભવો' (Experiences) નામનો ગ્રંથ બહાર પાડી એમાં પોતાના જીવનના મુખ્ય બનાવો વિષે લખવાનો પ્રયત્ન કર્યો. એમાં પણ પ્રસંગો પર ધ્યાન કેન્દ્રિત થઈ શક્યું નહિ અને પોતાના 'વિચારો' દર્શાવવામાં પુસ્તકનાં ઘણાંખરાં પૃષ્ઠોનો એમણે ઉપયોગ કર્યો.

પ્રો. ટૉયન્બી મધ્યમ વર્ગના એક કુટુંબમાં જન્મ્યા હતા. બાળપણથી એમના માનસ પર એવા સંસ્કારો પડ્યા હતા કે જીવનમાં પૈસા કે વૈભવ કરતાં બુદ્ધિમત્તા ને વિદ્વત્તા વધારે મહત્ત્વનાં હોય છે. એ નિશાળે ભણવા ગયા ત્યારે એમની બુદ્ધિમત્તા જોઈ નિશાળના વડાઓએ એમને ફીમાં ખાસ રાહત આપી હતી, અને કૉલેજમાં પણ એવો જ અનુભવ થયો. તેથી વિદ્વત્તા વિષેના એમના વિચારો દૃઢ બન્યા. ઑક્સફર્ડમાં પદવી મેળવ્યા પછી શું કરવું એ સવાલ હતો. સરકારી અધિકારી થઈ વેતન અને સામાજિક પ્રતિષ્ઠા મેળવવાં કે વિદ્યાભ્યાસંગ ચાલુ રાખવો એ વિષે નિર્ણય લેવાનો હતો. ટૉયન્બીએ ઑક્સફર્ડમાં શિક્ષક થવાનું પસંદ કર્યું અને જિંદગીના અંત સુધી એ ત્યાંની એક કૉલેજમાં ફેલો તરીકે ચાલુ રહ્યા હતા.

એક વાર તેઓ વર્ગમાં શીખવતા હતા ત્યારે એમના મનમાં એકાએક વિચાર સ્ફુર્યો કે સાંપ્રત પરિસ્થિતિ અને પ્રાચીન ગ્રીક સંસ્કૃતિની પરિસ્થિતિમાં ઘણું સામ્ય છે. ત્યારથી એમનું ઇતિહાસ વિષેનું અખંડ મનન ને ચિંતન શરૂ થયાં. ઇતિહાસનું ક્ષેત્ર એકાદ રાષ્ટ્ર કે રાષ્ટ્રસમૂહ પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ પણ ઇતિહાસે સંસ્કૃતિઓનો અભ્યાસ કરવો જોઈએ એવા પ્રકારનો એમનો અભિપ્રાય ઘડાતો ગયો. ઈ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. પોતાની પેઢીના કેટલાય યુવાનો એમાં હણાઈ જતા એમણે જોયા. યુદ્ધ કેટલો વિનાશ કરી શકે છે એનો એમને અનુભવ થયો, અને એ પોતે એ વિનાશમાંથી ચમત્કારિક રીતે બચી ગયા. ગ્રીસમાં મુસાફરી કરતાં દૂષિત પાણી પીવામાં આવ્યું અને એમને સંગ્રહણીનો વિકાર થયો, તેથી તેમને લડાઈમાં ભાગ લેવા માટે અપાત્ર ગણવામાં આવ્યા. લડાઈ પૂરી થયા પછી એમને 'રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઈન્ટરનૅશનલ અફેઅર્સ'માં કામ કરવાની તક મળી અને ત્યાં જ એમણે પોતાના વિખ્યાત પુસ્તક માટે સામગ્રી ભેગી કરવાની શરૂઆત કરી.



ઈ. ૧૯૨૨માં એમણે કાગળના એક ટુકડા પર 'ઇતિહાસનો અભ્યાસ' એ ગ્રંથરાજની પહેલી નોંધ લખી. નવ વર્ષના સંશોધન પછી


Dear Mr. Mehta,

I have had your letter of 10 November. In human history, I think the most outstanding event has been the first one: our pre-human ancestors' achievement of becoming human.

Yours sincerely,

Arnold Toynbee

I have had your letter of 10 November. In human history, I think the most outstanding event has been the first one: our pre-human ancestors' achievement of becoming human. —*Arnold Toynbee*

સ્વ. ટૉયન્બીના હસ્તાક્ષરમાં પત્ર: જગતના મહાનુભાવોના એમના પોતાના જ હસ્તાક્ષરોમાં ખાસ લખાવીને મુંબાઈના **શ્રી અપૂર્વ મહેતાએ** મેળવેલા અંગત પત્રોના સંગ્રહમાંથી, તેમના સૌજન્યથી. આવો જ સ્વ. વૂડહાઉસનો પત્ર અગાઉ અંક ૬૧૬માં પ્રકટ થઈ ગયો.

ગ્રંથના પહેલા ત્રણ ભાગોનું લેખન થયું. ઈ. ૧૯૩૪માં એ પુસ્તકો બહાર પડ્યાં. ઈ. ૧૯૩૯માં પછીના ત્રણ ભાગ બહાર પડ્યા. છ ભાગની પૃષ્ઠ-સંખ્યા ૩૪૮૮ જેટલી હતી. નવ ભાગમાં ગ્રંથ પૂરો થશે એવી ધારણા હતી, પણ ૧૯૬૪માં પુસ્તક પૂરું થયું ત્યારે એના બાર ભાગ થયા હતા! પુસ્તકનું કદ અને એની વિદ્વત્તાનો ભાર સામાન્ય વાચક સહી શકે એવાં ન હતાં. સદ્ભાગ્યે ૧૯૪૬માં ડી. સી. સમરવિલે પહેલા છ ભાગનો એક ગ્રંથમાં સંક્ષેપ કર્યો અને સંક્ષિપ્ત આવૃત્તિની અસંખ્ય નકલો ઇંગ્લૅંડ અને અમેરિકામાં વેચાઈ.

દેશદેશને છૂટા પાડી એમના અલગ અલગ ઇતિહાસનો અભ્યાસ કરવાને બદલે સંસ્કૃતિઓનો ઇતિહાસ લેવા માંડીએ તો દેખાય છે કે બધી સંસ્કૃતિઓમાં વિલક્ષણ સામ્ય હોય છે. આજ સુધી ઇતિહાસમાં છવ્વીસ સંસ્કૃતિઓની નોંધ થઈ છે. ટૉયન્બી બતાવે છે એ સંસ્કૃતિઓ-માંની ઘણીબધી આજે સ્મૃતિશેષ થઈ છે. કેટલીક હજી જીવે છે એમ દેખાય છે તે એમના મૂળ સ્વરૂપમાં જરાય દેખાતી નથી. એમનામાં ઘણા ફેરફારો થયા છતાં હજી એમનાં મૂળ નામથી જ એ સંસ્કૃતિઓ ઓળખાતી રહી છે. જ્યાં સુધી સંસ્કૃતિ પડકારો ઝીલી એમનો સામનો યશસ્વી રીતે કરી શકે છે ત્યાં સુધી એ સંસ્કૃતિ ટકે છે. એક પડકારને સફળતાથી ઝીલતાં બીજો કોઈ પડકાર સંસ્કૃતિ સામે ખડો થાય છે. અને પડકાર ઝીલી શકવાની અક્ષમતા એ કોઈ પણ સંસ્કૃતિની નબળાઇઓ બતાવે છે. આખરે એવી સંસ્કૃતિઓનો વિનાશ થાય છે. પડકારો સાંસ્કૃતિક, રાજકીય, ભૌતિક, શાસ્ત્રોદ્ભવ કે બીજા પ્રકારના હોઈ શકે છે.

તદુપરાંત ટૉયન્બી બીજી કેટલીક વસ્તુઓ તરફ વાચકનું ધ્યાન દોરે છે. વાચકને એ વસ્તુઓ ગમે કે ન પણ ગમે. દીર્ઘ અભ્યાસ કર્યા પછી લેખકનો અભિપ્રાય દૃઢ થતો ગયો અને એ એમણે આગ્રહપૂર્વક લખ્યો એટલું ખરું. ટૉયન્બી માને છે કે સંસ્કૃતિમાં લશ્કરી સંસ્થાઓનો, રાજ-કારણનો કે યંત્રોનો કેટલો વિકાસ થયો છે એના પરથી સંસ્કૃતિની મહત્તા માપી શકાય નહિ; પણ એ સંસ્કૃતિ અભૌતિક પડકારોનો સામનો કરી શકે તો જ એ સારી વિકસિત સંસ્કૃતિ ગણાવી જોઈએ. કોઈ પણ સં-સ્કૃતિના વિકાસમાં સર્જક વ્યક્તિ સૌથી મોટો ફાળો આપી શકે છે તેમજ એવી વ્યક્તિઓના સમુદાય પણ મહાન કાર્ય કરી શકે છે; પણ જ્યાં આવી અલ્પસંખ્યાંક વ્યક્તિઓ અસહાય કે અસમર્થ બને છે ત્યાં જડ-વાદી યાંત્રિકતા આવે છે, અથવા એ વ્યક્તિ[illegible]વા માંડે છે ત્યારે સામાજિક અશાંતિ જાગે છે.

આજની યંત્રવાદી સંસ્કૃતિએ માણસને ઘણી દેન આપી છે. તેનો અર્થ એવો નથી કે આજનો માનવી તેનાથી સંસ્કારી થઈ ગયો છે. એનાથી ઊલટું જ થયું છે. આજનો માણસ જાતને ખોઈ બેઠો છે. જીવન જીવવા જેવું કરવું હોય તો માણસે બીજી દિશાઓમાં સિદ્ધિઓ મેળવવી પડશે. માનવીના હૃદયમાંથી અને વ્યવહારમાંથી લડાઈની લાગણીનો જાકારો ન મળે ત્યાં સુધી કોઈ પણ સંસ્કૃતિનો વિકાસ થયો છે એમ કહી શકાય નહિ. જ્યાં સુધી માણસમાં આધ્યાત્મિક સભાનતા આવતી નથી ત્યાં સુધી માણસ સાચા અર્થમાં માનવી બનતો નથી. ગાંધીજીએ શીખવાડયું કે લોકોને ગુલામ બનાવવા, એમના પર રાજ કરવું એ સંસ્કારિતાનું લક્ષણ નથી. ટૉયન્બી ગાંધીજીની આ શીખામણને ધન્ય ગણે છે.

એક જાપાની પ્રાધ્યાપકને આપેલી અને થોડાક જ સમય પર બહાર પડેલી મુલાકાતમાં ટૉયન્બી ભવિષ્યકાળ વિષે વિચાર કરે છે. વર્તમાનકાળ સુધીના અભ્યાસથી ઇતિહાસકારને સંતોષ ન થવો જોઇએ. એને ભવિષ્ય-કાળની પણ ચિંતા હોવી જોઈએ; કેમ કે એ ભવિષ્યકાળમાં જ ઇતિ-હાસકારનાં અને આપણા બધાનાં સંતાનો ને એ સંતાનોનાં સંતાનો જીવ-વાનાં છે ને? એ ભવિષ્યકાળ માટે આજના માનવીએ કઈ જાતની ભૂમિકા કેળવવી જોઈએ? ટૉયન્બી માને છે કે વિશ્વભરમાં જે ચૈતન્યનો સંચાર છે તેનો થોડો અંશ પોતાનામાં છે એવો દરેક વ્યક્તિને ખયાલ આવે ને એ જવાબદારીને અનુરૂપ એવી રીતે માણસ વર્તવા માંડે તો એને અન્ય લોકોમાં રહેલું એ ચૈતન્યનું તત્ત્વ દેખાશે અને પછી માનવીનું ઝનૂન ઓછું થશે. દયા, ક્ષમા, શાંતિ, આત્મબલિદાન એવા ગુણોની કિંમત ત્યારે સમજાશે. અને પ્રેમ—સહકાર ઉપર આધારિત સાંસ્કૃતિક વ્યવસ્થા અ-સ્તિત્વમાં આવતાં ભયાનક ભાવિમાંથી માનવી ઊગરી જશે.

આમ તો ટૉયન્બી કોઈ પણ ધર્મમાં બહુ શ્રદ્ધા ધરાવતા નથી. પણ એમને લાગે છે કે હિંદુ ધર્મના ઋષિઓને સત્યની જે પ્રતીતિ થઈ એવી પ્રતીતિ કોઈ પણ ધર્મના ગ્રંથોમાંથી જડતી નથી. ન છૂટકે હિંદુઓનું કેટલુંક તત્ત્વજ્ઞાન સ્વીકારવાથી જ દુનિયાનું ભલું થશે. ટૉયન્બી ભારતમાં આવી ગયા હતા. ભારતીય સંસ્કૃતિમાંની કેટલીક વાતોને એ વખાણતા. અંગ્રેજોએ અહીં રાજ કર્યું; હિંદીઓએ એમને કાઢી મૂકવા ઝુંબેશ

ઉઠાવી, પણ એમણે અંગ્રેજો પ્રત્યે કાયમને માટે દુશ્મનાવટ રાખી નહિ; ભારતમાં કોઈ પણ ધર્મના આડંબરને રાજકીય મહત્ત્વ અપાતું નથી— ભારતની પ્રકૃતિ ધાર્મિક હોવા છતાં પણ–, આ સિદ્ધિઓ એમને મન મહાન છે. પોતાનું જીવનકાર્ય પતી જાય પછી ભારતીય માણસનો દેહ પ્રત્યેનો પ્રેમ દૂર થાય છે અને એ શાંતિથી મૃત્યુને આવકાર આપવાની તૈયારી કરે છે એ એમને બહુ ગમતું. પોતાના જીવનમાં ભારતના આદર્શો ઉતારવાની એમને આકાંક્ષા હતી. ઈ. ૧૯૪૯માં એમણે એક ઠેકાણે લખ્યું હતું: 'આ પુસ્તકનું લેખન પતી જાય પછી મૃત્યુ, તારે આવવું હોય ત્યારે આવજે; અને સાથે તારી શાંતિ અને સાફલ્યની દેન લેતું આવજે.'

આમ ૮૬મે વર્ષે અર્વાચીન યુગના એક મહાન ચિંતકનું અવસાન થયું છે. ઇતિહાસમાંથી જનતાએ શીખવાનું શું હોય છે એ સવાલ અભ્યાસકોને હમેશાં મૂંઝવતો હોય છે. અર્વાચીન સંસ્કૃતિનો ભવિષ્યકાળ જ બતાવી શકશે કે ટૉયન્બીના ગ્રંથોમાંથી એમણે માર્ગદર્શન મેળવ્યું કે નહિ!

—વસન્ત જોશી

અયોધ્યા અને કોરિયા

ભારતીય સંસ્કૃતિની આજે મોટા ભાગની પ્રજાને કંઈ પડી નથી. વાચનને બસ, ટ્રેઈન કે ઘરમાં નવરાશના સમયનું સાધન ગણીને આપણે વાર્તા, રહસ્યકથા તથા ભૂતકથાઓમાં યા સિનેસૃષ્ટિની ગપસપોમાં એવા ખોવાઈ ગયા છીએ કે સંસ્કૃતિને યા પ્રાચીન સંશોધનને લગતાં પ્રકાશનો પ્રગટ કરવાની કોઈ હિંમત કરતા નથી. પરંતુ વિદેશી સંશોધકો આપણી પ્રાચીન સંસ્કૃતિનાં વિભિન્ન પાસાંઓ વિષે શોધખોળ કર્યા જ કરતા હોય છે. તાજેતરમાં આવી એક રસિક શોધ કોરિયાના એક સંશોધકે કરી છે. શ્રી લી-જોંગ કી નામના આ લેખકે શોધી કાઢયું છે કે ઈસ્વી સન ૪૮માં જુલાઈ માસની ૨૭મી તારીખે અયોધ્યાની એક રાજકુમારીનાં લગ્ન કોરિયાના રાજા કિમ સુરો સાથે થયાં હતાં. કોરિયાના પ્રાચીન ત્રણ રાજવંશનો ઇતિહાસ આલેખતા સમ્મુક યુસ નામના ગ્રંથનો અભ્યાસ કરતાં તેમને એ જાણવા મળ્યું હતું.

કિમ સુરો નામના આ રાજવીએ કોરિયામાં ગયા રાજવંશની સ્થાપના કરી હતી ને કિમ્બાઈ શહેરને પાટનગર બનાવ્યું હતું. આ રાજવંશે કોરિયામાં ખાસ્સાં ૫૨૦ વર્ષ સુધી રાજ કર્યું હતું, અને કિમ સુરો સાથે અયોધ્યાની રાજકુમારીનાં લગ્ન થયાં તેથી ભારત તથા કોરિયા વચ્ચે ઈસુની પહેલી સદીમાં સાંસ્કૃતિક, ધાર્મિક તથા દીકરીઓની લેતીદેતીનો વ્યવહાર બંધાયો હતો. પોતાના આ સંશોધનને પુરાવા સહિતનું સમર્થન મેળવવા શ્રી લી જોંગ કી તાજેતરમાં ભારતના પ્રવાસે આવ્યા હતા.

અયોધ્યાની એ રાજકુમારી લગ્ન કરીને કોરિયા ગઈ ત્યારે પોતાની સાથે એક નાનો સ્તૂપ લઈ ગઈ હતી. આ સ્તૂપના અવશેષોના વૈજ્ઞાનિક પૃથક્કરણ દ્વારા જાણવા મળ્યું છે કે આ સ્તૂપનો પથ્થર કોરિયાનો નથી પણ વિદેશનો છે. કિમ્બાઈમાં આવેલી અયોધ્યાની કુંવરીની સમાધિ પાસે મળી આવતા આ સ્તૂપના અવશેષોમાં સૂર્યનું પ્રતીક પણ છે.

શ્રી લી જોંગ કી અયોધ્યાની શેરીએ શેરીએ ફર્યા હતા. અયોધ્યાનાં મંદિરોની શિલ્પકૃતિઓ તથા મુદ્રાઓ કોરિયાના ગયા રાજવંશના રાજવીઓની સમાધિ સાથે અજબ સામ્ય ધરાવે છે એ જોઈ તેમના આશ્ચર્યનો પાર નહોતો રહ્યો. આ મુદ્રાઓ કોરિયા તથા અયોધ્યા વચ્ચેના ભૂતકાલીન સંબંધોની સાક્ષી જેવી છે. શ્રી લીને ભમતાં તથા નકશાઓનો અભ્યાસ કરતાં એક વાત એ માલૂમ પડી હતી કે અયોધ્યા શહેરનો આકાર માછલી જેવો છે. સ્કંદપુરાણમાં એવો ઉલ્લેખ છે કે વિષ્ણુ (રામવતાર)ની નગરીનો આકાર મત્સ્યાવતાર(માછલી) જેવો છે. આડેધડ નવા વસેલા વિસ્તારોને બાદ કરો તો સમસ્ત અયોધ્યાનો આકાર મત્સ્યાકાર છે, અને અયોધ્યાનાં મંદિરો, ઘરો તથા નિવાસોમાં ઠેરઠેર માછલી કોતરવામાં આવી છે.

શ્રી લીએ અયોધ્યાના રોકાણ દરમિયાન અયોધ્યા વિષે આધારભૂત માહિતી ધરાવતા વિદ્વાન શ્રી અમૃતલાલ નાગર સાથે પણ વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. શ્રી લી કહે છે કે હવે હું ફરીથી ભારત આવીને અયોધ્યાની રાજકુમારી કોરિયાના રાજવીને પરણી તે પછીનાં બે હજાર વર્ષોના અજાણ ઇતિહાસનું સંશોધન કરવા ઝંખું છું. (જયહિંદ)

અયોધ્યા

જે અયોધ્યામાં શ્રી લી આટલો રસ લે છે એનો જ્ઞાત ઇતિહાસ કંઈક આવો છે: વિષ્ણુ ભગવાનના એક અવતાર શ્રી રામચંદ્રના જન્મસ્થાન ને એમની રાજધાની તરીકે વિખ્યાત અયોધ્યા નગરી નામથી તો પ્રત્યેક ભારતવાસીને પરિચિત છે. હિંદુઓની સાત મોક્ષપુરીઓમાં એની ગણના થાય છે. વિનીતા નગરી, અયુધા, ઉત્તરકોશલા, સાકેત, ઈક્ષ્વાકુભૂમિ, રામભૂમિ વગેરે નામે પણ એ જાણીતું હતું. મનાય છે કે બહુ ઊંડા ભૂતકાળમાં એ એક વિશાળ નગર હશે, પરંતુ આજે એનું કોઈ નિશાન રહ્યું નથી.

સૂર્યવંશી ઈક્ષ્વાકુકુળના રાજા દશરથની એ રાજધાનીને, કોશલ દેશની અંતર્ગત બાર જોજન લાંબી અને ત્રણ જોજન પહોળી ભવ્ય નગરી તરીકે વાલ્મીકિએ રામાયણમાં વર્ણવી છે. 'સ્કંદપુરાણ'માં એને સુદર્શન ચક્ર પર વસેલી, અને 'ભૂતશુદ્ધિતત્ત્વ'માં એને રામના ધનુષ્યાગ્ર પર સ્થિત કહી છે. 'કથા સરિત્સાગર'માં પણ અયોધ્યાના અનેક ઉલ્લેખ મળે છે. ઉદયનની માતા મૃગાવતીને અયોધ્યાના રાજા કૃતવર્માની કન્યા કહી છે. રામચંદ્ર પછી એમના વંશમાં ૧૧૩મા રાજા સૌમિત્રના પતન પછી અયોધ્યાની અવદશા બેઠી. રાજકુટુંબીઓ વિખેરાઈ ગયા અને એમાંથી ઉદેપુર, જયપુર વગેરે રાજ્યના રાજવંશો પ્રકટયાનું કહેવાય છે.

વર્તમાન અયોધ્યા ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્યે વસાવ્યાનું મનાય છે, જોકે એના કોઈ પુરાવા નથી. વળી ત્યાં બૌદ્ધ વિહારો હોવાના ઉલ્લેખ પણ મળે છે, પણ બૌદ્ધકાળમાં અયોધ્યાનગરીનું કંઈ ખાસ મહત્ત્વ જણાયું નથી. ગુપ્ત કાળમાં એ સાકેત નામે કોશલની રાજધાની હતું. અયોધ્યા ને એની આસપાસમાં અનેક રાજાઓ રાજ કરી ગયાના પુરાવા રૂપ અનેક પ્રાચીન સિક્કાઓ મળ્યા છે. રાજા ઋષભે સ્થાપેલી એક પ્રાચીન વિદ્યાપીઠ અહીં હતી, અને તેમાંથી જ અરિહંત ઋષભદેવને ૭૨ વિદ્યાઓનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું એમ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'માં લખેલું છે.

મુસ્લિમોએ અહીં અનેક આક્રમણો કરેલાં. ઈ. ૧૧૯૩માં શાહબુદ્દીન ઘોરીએ એ પ્રાંત જીત્યો. દિલ્હીના સુલતાનોના પ્રારંભકાળે આ અયોધ્યા કે અવધમાં એમનો સૂબો રહેતો. અકબરના સમયમાં પણ એ પ્રાંત-સૂબાનું મુખ્ય મથક હતું. અઢારમી સદીમાં થોડો સમય અહીં નવાબી પણ ચાલી. પરંતુ ઈ. ૧૭૬૫માં શુજાઉદ્દૌલાએ નજીકમાં ફૈઝાબા-



બાદમાં મુકામ રાખતાં અયોધ્યાનું રાજકીય મહત્ત્વ રહ્યું નહિ. ૧૮૫૬-માં બ્રિટિશ અમલ આવ્યો ત્યાં સુધી એ મુસ્લિમ કબજે જ હતું.

આજના અયોધ્યામાં લોકો જેના દર્શનાર્થે જાય છે તે ખાસ સ્થાનોમાં રામના જન્મસ્થાન તરીકે ઓળખાતો રામકોટ મુખ્ય છે. જોકે એના મોટા ભાગમાં તો બાબરે મંદિરો તોડીને ઊભી કરાવેલી મસ્જિદો જ છે. નજીકમાં 'સીતા રસોઈ'–સીતાના રસોડા–નામે ઓળખાતું સ્થાનક છે. ગોગ્રાને કાંઠે જ્યાં લક્ષ્મણ નાહતા એ સ્થાને એક મોટું મંદિર છે. સંખ્યાબંધ પગથિયાંવાળી 'હનુમાન ગઢી'માં હનુમાન રામભક્તિ કરતા એમ મનાય છે. અવસાન પછી રામને જ્યાં અગ્નિદાહ દેવાયો હતો એ 'સ્વર્ગદ્વાર'થી આરંભી 'જનૌરા' અને 'ગુપ્તર ઘાટ' થઇને એક, અને રામઘાટ પાસેથી શરૂ કરી સુગ્રીવ પર્વત તથા લક્ષ્મણઘાટને માર્ગે બીજી, એમ બે પ્રકારે શ્રદ્ધાળુ લોકો આ મોક્ષનગરીની પરિક્રમા પણ કરે છે. આ ઉપરાંત અયોધ્યામાં ૧૮-૧૯મી સદીનાં અન્ય મંદિરો પણ છે, જેમાં તિકમગઢની રાણીએ બંધાવેલું કનકમંદિર અને નાગેશ્વરનાથ તથા દર્શન-સિંહનું મંદિર વગેરેનાં દર્શને પણ યાત્રાળુઓ જાય છે. જૈનોના પહેલા અને ચોથા તીર્થંકર અયોધ્યામાં જન્મેલા, એટલે જૈન તીર્થધામ તરીકે પણ અયોધ્યાનું મહત્ત્વ છે. મણિપર્વત નામે અહીં એક ટેકરો છે. હનુમાન હિમાલયનું શિખર ઊંચકીને જતા હતા ત્યારે પડી ગએલો એ એક શિખરખંડ છે એમ લોકો માને છે. એવું પણ કહેવાય છે કે રામકોટ બાંધતા મજૂરો સાંજે ઘેર જતાં પોતપોતાના ટોપલા ખંખેરતાં પડેલી ધૂળમાટીનો એ ટેકરો છે. પણ સંભવતઃ એ કોઈ દટાએલો બૌદ્ધ સ્તુપ પણ હોઈ શકે.

(સંપાદકીય)

ગુજરાતમાં મગર ઉછેર

ગુજરાતમાં સિંહ અને રણનાં ગધેડાંના સંરક્ષણ-સંવર્ધનની ખાસ વ્યવસ્થા ઉપરાંત હવે ગિર પ્રદેશમાં કમલેશ્વર બંધ પાસે મગરના માટે પણ એવી યોજનાની વિચારણા થઈ રહી છે. હાલ અહીં આ વિસ્તાર-માં સો એક જેટલા મગરો હોવાનો અંદાજ છે. અહીંના નાયબ વન-સંરક્ષણ શ્રી ચૌહાણે એક વાર અકસ્માત એક ઈંડામાંથી મગરનું બચ્ચું નીકળતું જોયું એ પરથી પ્રેરાઈને એમણે આસપાસ શોધ કરીને બીજાં ૪૮ જેટલાં ઈંડાં હાથ કર્યાં અને મદ્રાસના સર્પઉદ્યાનના નિયામક પાસેથી માર્ગદર્શન મેળવીને એમણે એ ઇંડાંને પોતાના ઘરના વાડામાં બંધવાળા વિસ્તારની રેતીમાટી તળે યોગ્ય હૂંફમાં રાખ્યાં. પાંચેક અઠવાડિયાં પછી એમાંથી ૩૦ બચ્ચાં નીકળ્યાં. આ સફળતાથી કમલેશ્વરમાં મગર રક્ષવા-ઉછેરવાનો વિચાર ગતિમાન થયો છે. એવું મનાય છે કે જો આ રીતે મગરનું સુયોજિત સંવર્ધન કરી શકાય તો જીવતા મગર અને એની ખાલમાંથી એક આવક ઊભી કરી શકાય. થાઇલૅન્ડમાં આ રીતે મગર ઉછેરાય છે. એને પગલે પ. બંગાળમાં સુંદરવનમાં તથા મદ્રાસમાં પણ મગરનો ઉછેર થઈ રહ્યો છે. ગુજરાતમાં આની શકયતા છે. જોકે પર-દેશમાં જેની માગ છે એવી યોગ્ય કક્ષાની ખાલ તૈયાર કરવાનો કસબ પણ આપણે ત્યાં ખીલવવો એટલો જ જરૂરી છે.

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ

ઔદ્યોગિક રાજ્ય રીતે ગુજરાત ત્રીજા નંબરે છે. પહેલા નંબરે મહા-રાષ્ટ્ર છે; બીજા નંબરે બંગાળ આવે. ગુજરાતમાં તે માટે સારો અવકાશ છે. ગુજરાતમાં એક હજાર કરોડનો પેટ્રોકેમિકલ સંકુલ વિકસે છે, એ હિંદુસ્તાનમાં અદ્વિતીય છે. આખા દેશમાં ૫૪ ટકા જેટલું મીઠું ગુજરાત પકવે છે. મીઠા-આધારિત ઉદ્યોગો સોડા-ઍશ વગેરેનો વધારે વિકાસ પણ ગુજરાતમાં જ થવાનો. પહેલાં જ્યાં બે હજાર નાના ઉદ્યોગો હતા ત્યાં આજે ત્રેવીસ હજાર નાના ઉદ્યોગો થયા છે. હિંદુસ્તાનમાં એક લાખની વસતિએ નવસો માણસ ઉદ્યોગોમાં છે; ગુજરાતમાં સત્તર સો માણસ ઉદ્યોગોમાં છે; બંગાળ અને મહારાષ્ટ્રમાં લગભગ એકવીસસો માણસ ઉદ્યોગોમાં છે. હજી પરિસ્થિતિ સુધરશે, કારણ કે હિંદુસ્તાનના કોઈ એક રાજ્યમાં વીજળીનો દુષ્કાળ ન પડે એવું આયોજન હોય તો ગુજરાતમાં જ છે. ઉદ્યોગોના વિકાસ માટે ગુજરાત પાસે સારી ભૂમિકા છે, કારણ કે ગુજરાત પાસે કાચી સામગ્રી ઘણી છે. હિંદુસ્તાનના કપાસનો એકતૃતિ-યાંશ ગુજરાત પેદા કરે છે. હિંદુસ્તાનની મગફળીનો ૧૫ ટકા ગુજરાતમાં થાય છે. ખનિજો ઊંચી જાતનાં છે. આ ઉપરાંત ગુજરાત પાસે છાતીવાળા જોખમ લઈ શકે એવા માણસો છે.

(સાધના) —બાબુભાઈ જ. પટેલ

સૌથી પહેલું સાંજનું પત્ર

આધુનિક યુગમાં પત્રકારની દુનિયામાં ખૂબ જ જાણીતો એવો 'સાંજનું પત્ર' જેવો શબ્દસમૂહ છે, જેને ઈ. ૧૭૦૬ના ઑગસ્ટ માસ-માં એક વર્તમાનપત્રના શિરોનામ સાથે જોડી દેવામાં આવ્યો હતો. પરિણામે સાંજે ૭ વાગ્યે પ્રગટતા એ કહેવાતા સાંજના પત્ર તરીકે 'ઈવિનિંગ પોસ્ટ' નામનું પત્ર અસ્તિત્વમાં આવ્યું હતું. પરન્તુ આજે સ્વીકારાતા બહુજનમાન્ય અર્થમાં એ ખરેખરુ (રોજ) સાંજનું દૈનિક નહોતું; કારણ કે તે પત્ર તો મંગળવારે–ગુરુવારે–શનિવારે એમ અઠવા-ડિયામાં ત્રણ વખત સાંજે પ્રકટતું હતું. લંડનથી તે તે દિવસોએ ઊપ-ડતી મુખ્ય મુખ્ય ગામડાંઓની ટપાલ સમયસર પહોંચી જાય એટલા ખાતર સત્તરમી સદીના છેવટના દાયકાઓમાં એ ત્રણ દિવસે ટપાલ મો-કલવાની યોજના અમલમાં આવી હતી અ[illegible]ત સમિસના લાભ અઠ-વાડિયામાં ત્રણ વખત પ્રકટતાં સવારનાં તેમ જ સાંજનાં પત્રો લેતાં. તેમાંથી એક 'ઈવિનિંગ પોસ્ટ' જ એવું પત્ર હતું, જેણે પોતાને 'સાં-જના પત્ર' તરીકે જાહેર કર્યું હતું. છતાં સાચા અર્થમાં રોજ રોજ પ્ર-કટ થનારું સાંજનું દૈનિક તો 'ધ સ્ટાર ઍન્ડ ઈવિનિંગ ઍડવર્ટાઈઝર' એ નામથી ઈ. ૧૭૮૮ના મે માસની પહેલી તારીખથી પ્રકટવું શરૂ થયું હતું તેની પહેલાં 'નૂન ગૅઝેટ ઍન્ડ ડેઈલી સ્પાય' નામનું એક મધ્યાહ્નનું પત્ર પણ અસ્તિત્વમાં આવ્યું હતું, જે બરાબર બપોરના બાર વાગ્યે પ્રકટતું હતું અને સવારે પ્રકટતાં નવ જેટલાં દૈનિકોમાં પ્રકટેલા સ-માચારો છાપતું હતું. એ પત્ર વિષે એટલું જ જાણવા મળ્યું છે કે તેના બે જ અંકો સચવાઈ રહીને સંગ્રહાયા હતા, જેમાંનો એક તા. ૧૦-૧૨–૧૭૮૧નો છે. તે પત્ર અને ઉપર્યુક્ત સાંજનું દૈનિક 'ધ સ્ટાર ઍન્ડ ઈ-વિનિંગ એડવર્ટાઈઝર' ત્રણ પેન્સની કિંમતે વેચાતાં હતાં.

—ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

બદલાતાં નામ

જી હા; બદલાયેલાં નામ! તામિલનાડુ એ મદ્રાસ પ્રાન્તનું બદલાએલું નામ છે. પહેલાં મદ્રાસ એક પ્રાંત હતો અને એક શહેર પણ; હવે ફક્ત શહેર જ છે. મૈસુર પણ હવે હિન્દુસ્તાનના નકશામાં પ્રાંત ન રહેતાં શહેર જ રહ્યું છે. મૈસુર પ્રાંતનું બદલાએલું નામ છે કર્ણાટક. તમે કેટ-લીયે વાર ફારસ દેશનું નામ પર્શિયા સાંભળ્યું કે વાંચ્યું હશે, પરંતુ હવે નકશામાં તમને પર્શિયાનાં દર્શન નહિ થાય, ઈરાનનાં દર્શન થશે.

ભારતના ઇતિહાસમાં પાટલીપુત્રનું નામ પણ કેટલીય વાર આવે છે, જેને આજકાલ પટણા તરીકે ઓળખવામાં આવે છે. બિહારની રાજ-ધાની પટણા. ઇતિહાસમાં મેસોપોટામિયા નામનો પણ એક દેશ છે, જેને આજકાલ ઈરાકના નામથી ઓળખવામાં આવે છે. ઍબિસીનિયા દેશ હવે ઈથીઓપિયા તરીકે ઓળખાય છે. કાલનું કાલીકટ બદલાઇને કોઝીકોડ થઈ ગયું છે. ફૉરમોસા દ્વીપ હવે તાઈવાન કહેવાય છે. કયારેક હોલૅન્ડ તરીકે ઓળખાતો દેશ આજે નેધરલૅન્ડ તરીકે ઓળખાય છે. મલાયા હવે મલેશિયા થઈ ગયો છે. સૅન્ડવિચ દ્વીપનું નામ બદલી હવાઈ ટાપુ થઇ ગયું છે. કાલનું સિયામ–શ્યામ આજે થાઈલૅન્ડ બની ગયું છે.

બદલાતાં નામોનું ચક્કર ફક્ત દેશ-પ્રદેશ માટે જ નથી, વ્યક્તિઓની

સાથે પણ છે. વિષ્ણુગુપ્તને કદાચ તમે ન ઓળખતા હો, પણ ચાણક્યને તો જાણતા જ હશો. વિષ્ણુગુપ્તનું બદલાએલું નામ જ ચાણક્ય. શાહાંશાહ ફરીદનું નામ તમારા દિમાગમાં નહિ હોય પરંતુ શેરશાહ સૂરીને તો જાણતા જ હશો. શેરશાહ સૂરીનું ખરું નામ ફરીદ હતું. વિનાયકરાવ નરહરિ નામના સંતને તમે ન જાણતા હો, પણ એ વિનોબા ભાવેનું સાચું નામ છે. મહા કવિ તુલસીદાસનું બાળપણનું નામ રામભોળા હતું. ફતેહઅલીને તમે કદાચ ન જાણતા હો પણ એ ટીપુ સુલ્તાનનું સાચુ નામ હતું. તાત્યા ટોપનું સાચું નામ રામચન્દ્ર પાંડુરંગ હતું. દૈત્યોના ગુરુ ઉશનાનું બદલાએલું નામ શુક્રાચાર્ય હતું. વાલ્મીકિનું ખરું નામ રત્નાકર હતું. મહાકવિ ભવભૂતિને શ્રીકંઠના નામે કોણ ઓળખે છે? સ્વામી રામતીર્થ પહેલાં પ્રોફેસર તીરથરામ હતા. રસખાન કવિનું ખરું નામ સૈયદ ઈબ્રાહીમ હતું. જાણીતા હિન્દી કવિ સુમિત્રાનંદન પંતનું નામ ગોસાઈદત્ત હતું. પ્રેમચંદજી મૂળ ધનપતરાય હતા, પછી નવાબરાયના નામે લખતા, પછી પ્રેમચંદ થઈ ગયા. બંગાળના સુપ્રસિદ્ધ લેખક 'વનફૂલ' મૂળ બલાઈચંદ મુખોપાધ્યાય છે. (ગુજરાતી સાહિત્યકારોનાં તખલ્લુસની વાત કરવા બેસીએ તો તો એક નાની પુસ્તિકા થાય એટલે એ વિચાર પડતો મૂકીએ.)

ફિલ્મી કલાકારોમાં નામ બદલવાનું બહુ આવે છે. મનોજકુમારનું ખરું નામ કિશન ગોસ્વામી છે. બલરાજનું બદલાએલું નામ સુનીલ દત્ત છે, તથા ફાતિમા એ. રશીદે પોતાનું નામ બદલી નરગીસ રાખી લીધું. કુમુદલાલ ગાંગુલીનું બદલાએલું નામ એ સદાબહાર અભિનેતા અશોકકુમાર થઇ ગયું. જીવનનું ખરું નામ ઓમકારનાથ છે. કામિની કૌશલનું ઉમા કશ્યપ અને નિરૂપારૉયનું ખરું નામ કૉકિલા હતું. બંદરૂદીન કમાલુદીન કાઝીને તમે જહૉની વૉકરના નામથી ઓળખો છો. નંદિની વિનાયક નંદા નામે પ્રખ્યાત થઈ ગઈ. રાજેશ ખન્નાનું સાચું નામ જતિન ખન્ના છે. પહેલાંની ઈન્દિરા ચૅટરજી હવે મૌસમી ચૅટરજી થઈ ગઈ છે. હરમીત કૌર પોતાનું નામ બદલી નીતુ સીંગ થઈ ગઈ છે. યુસુફખાને પોતાનું નામ દિલીપકુમાર રાખ્યું, જ્યારે દેવદાસ બની ગયો દેવઆનંદ. પરીક્ષિત સહાની બની ગયા અજય સહાની.

(જયહિંદ) —નેમીશરણ રૈલા

ડમરો

કડક સુગંધી આપતા ડમરાના છોડ પણ તુલસીની જેમ ઘરના વાડામાં વાવવાની વનસ્પતિ છે, અને તુલસીની જેમ એ પણ જંતુઘ્ન તથા ઔષધીય વનસ્પતિ હોઇ હિતકારી છે. ઘરઆંગણે તે રોપવાથી વાતાવરણ સુગંધિત રહેવા ઉપરાંત મચ્છર વગેરે જીવજંતુ તેની વાસથી ઓછાં થાય છે, અને સાપ પણ તેથી દૂર રહે છે એમ કહેવાય છે.

ડમરો તુલસીના વર્ગનો જ છોડ છે. તેનાં પાન સામસામાં, છોડા પર, ચક્રાકારે ઝૂમખાંમાં આવે છે. પાનની કિનારી પણ તુલસીની માફક કાંગરીવાળી હોય છે. ફૂલ–માંજરો–સફેદ હોય છે અને તે ફાટતાં ચાર બીજ નીકળે છે. ડમરાનાં થડ, પાન, ફૂલ, ફળ બધાં જ સુગંધીદાર હોય છે.

ડમરાના ઔષધીય ઉપયોગ ઘણા છે. તેનાં પાનનો રસ લેવાથી ભૂખ ઊઘડે છે, ખોરાક પર રુચિ વધે છે ને પાચનમાં મદદ થાય છે. તે કફ અને પિત્તનું શમન કરે છે તે હૃદયને બળ આપે છે, તેથી હૃદ્રોગમાં ઉપયોગી છે. તે કૃમિઘ્ન અને વિષહર પણ છે. તેથી ચામડીના રોગોમાં તેનાં પાન વાટીને લગાડવાથી અથવા તેનો રસ ચોપડવાથી ખસ, ખરજવું, દાદર વગેરેમાં ખૂબ લાભ થાય છે. વા આવવાથી સાંધા દુખતા હોય, કમરમાં, પીઠમાં, પડખામાં, ઢીંચણ પર, કોણી પર, કાંડા પર કે પડની પિંડીઓમાં કળતર થતી હોય તો ડમરાનો રસ ચોપડવો. ખોરાકમાં વાયડી અને ઠંડી વસ્તુઓ બંધ કરવી. તેનાં બીજને પાણીમાં પલાળી તેમાં સાકર નાખીને આપવાથી પરમિયો મટી જાય છે.

કાનમાં ચસકા આવતા હોય તો ડમરાનાં પાનનો રસ સાધારણ ગરમ કરી કાનમાં નાખવો. બહેરાશમાં પણ તેનાથી લાભ થાય છે. નાનાં બાળકોને થતા ઉટાંટિયામાં તેનાં પાનનો રસ મેળવીને આપવાથી લાભ થાય છે. કફ સરળતાથી છૂટો પડે છે અને ખાંસી ઓછી થાય છે. વીંછી કે ભમરીના ડંખ ઉપર ડમરાનાં પાનનો રસ ચોપડવાથી વેદના તરત જ શાંત થાય છે. ન રૂઝાતા વ્રણ–ઘારા પર ડમરાનાં બીજ પાણીમાં ધોઈ ઘૂંટીને કરેલી લૂગડી લગાડવાથી ફાયદો થાય છે.

આ રીતે ડમરો ઔષધીય ગુણોથી સભર છે. તેથી જ તેને પૂજામાં સ્થાન મળ્યું હશે. તુલસી જેમ વિષ્ણુની પૂજામાં, તેમ ડમરો શિવની પૂજામાં સ્થાન પામ્યો છે. મુસ્લિમો પણ તેને કબર પર ચડાવે છે. તે સરળતાથી ગમે ત્યાં ઊગી નીકળે છે, બગીચાની શોભા પણ વધારે છે અને ઓછા પાણીથી પણ ઊછરી જાય છે. પછી તેની માંજરો

આકાશદર્શન-૩



પોતાના ભવ્ય સૌન્દર્યને કારણે 'મૃગ', અને સાર્થનામ આકારને કારણે 'વૃશ્ચિક'નાં તારામંડળો જેમ ખ્યાત છે તેમ ઉત્તર આકાશમાં ચગેલા પૂછડિયાળા પતંગ જેવું સાત તેજસ્વી તારાઓનું સપ્તર્ષિ તારામંડળ પણ સદીઓ જ નહિ હજારો વર્ષથી જાણીતું છે. એના સાત તારાથી બનતા આકારમાં ગાડાની આકૃતિ કલ્પી ગામડાંમાં એ 'ગાલ્લી' નામે યે ઓળખાય છે, અને એ જ રીતે પશ્ચિમમાં હળ (The plough) નામે એ જાણીતું છે.

પણ આપણા પૂર્વજોએ તો એના સાત તેજસ્વી તારાને આપણા સાત ઋષિઓનાં નામ આપીને આકાશમાં એમની ચિરકાલીન સ્મૃતિ સ્થાપી છે, અને એથી જ એ 'સપ્તર્ષિ તારામંડળ' તરીકે ઓળખાય છે. આ સાત ઋષિઓ છે ક્રતુ, પુલહ, પુલસ્ત્ય, અત્રિ, અંગિરસ (અંગીરા), વસિષ્ઠ અને મરીચિ. આમાં યે વસિષ્ઠની જોડે આંખની કસોટી કરે એવો એક ઝીણો તારો છે, તેને એ ઋષિની પત્ની અરુંધતીનું નામ આપ્યું છે. નવપરિણીત દંપતીને એનું દર્શન કરાવવાની એક પ્રથા આપણે ત્યાં છે (અથવા હતી). એમાં પ્રથમ વસિષ્ઠ બતાવી તેની પાસે અરુંધતીનું દર્શન કરાવાતું. આ રીતે પ્રથમ મોટું-સ્થૂલ દર્શાવી સૂક્ષ્મ પર જવાને કદાચ આ પરથી જ 'અરુંધતીદર્શન ન્યાય' કહે છે.

સપ્તર્ષિમાં ક્રતુ (Dubhe) અને પુલહ (Merak)ને જોડતી કાલ્પનિક રેખા ઉત્તરમાં લંબાવીએ તો એ ધ્રુવતારા (Polaris) પાસે જઈ અટકે છે. ધ્રુવતારક દર્શાવતા આ બંને તારા એથી દર્શકતારા (Pointers) પણ કહેવાય છે. ત્રીજો પુલસ્ત્ય (Phecda-Phad) ૨૨મી માર્ચ (વસંત-સંપાત)ની મધરાતે યામ્યોત્તર રેખા પર-એટલે કે આકાશના પૂર્વ પશ્ચિમ બે અર્ધની બરાબર વચ્ચે—આપણા માથા પરથી પસાર થતી ઉત્તર-દક્ષિણ રેખા પર આવે છે. આના આધારે દર મહિને બે કલાકનો તફાવત ગણી રાતનો સમય અંદાજી શકાય. સપ્તર્ષિના ચોથા અને પાંચમા અત્રિ અને અંગિરસ (Megrez તથા Alioth) પછી છઠ્ઠા ઋષિ વસિષ્ઠ (Mizar) અને તેની પાસે અરુંધતી (Alcor) તથા છેલ્લા ઋષિ મરીચિ (Alkaid-Benetnasch)નો તારો છે.

અત્રિ સિવાયના બાકીના છયે તારા બીજા-ત્રીજા વર્ગના છે. સપ્તર્ષિનું એક નામ 'શિખંડી' (મોર) પણ છે. પણ પશ્ચિમની ખગોળમાં એનું સર્વસ્વીકૃત નામ છે Ursa Major: the great bear—મોટું રીંછ. આ નામ આ સમગ્ર તારામંડળનું છે; સપ્તર્ષિના સાત તારા એ તો એનો અમુક ભાગ છે; એટલે પતંગ, ગાડું કે હળની આકૃતિ જેમ એમાં રીંછનો આકાર નહિ દેખાય. રીંછ જોવા માટે તો આ આખું તારામંડળ ધ્યાનમાં લેવું પડે. સાથેના નકશાના આધારે એ પર[illegible] શકાશે.

આ જો મોટું રીંછ છે, તો નાનું પણ હશે જ: છે. એ પણ નજીકમાં જ છે. દર્શક તારો જે ધ્રુવતારો (Polaris) બતાવે છે એ નાના રીંછ Ursa Minor—the little bearની પૂછડીના છેડા પરનો તારો છે. અને એને કેન્દ્રમાં રાખીને જે એક નાનું તારામંડળ એની આસપાસ ફરે છે તે છે નાનું રીંછ. સપ્તર્ષિ જેવો જ આકાર, પણ અવળો. આપણે એને 'ધ્રુવમત્સ્ય' કહીએ છીએ. રીંછના બદલે મત્સ્યની આકૃતિ એમાં કલ્પી શકાશે. ધ્રુવમત્સ્યના લંબચોરસમાં જે તારા છે તે બીજા, ત્રીજા, ચોથા ને પાંચમા વર્ગના છે. આના પરથી નરી આંખે પેખી શકાતી તારાની તેજસ્વિતાનો ક્રમ સમજવા આ એક સંદર્ભરૂપ ઉદાહરણ છે.

અને ધ્રુવતારો પણ ધ્રુવ—અચલ નથી. ખરા ધ્રુવબિંદુની આસપાસ બહુ જ નાના વર્તુળમાં એ ફરે છે. આપણાથી લગભગ ૪૦૦ પ્રકાશવર્ષ દૂરનો આ તારો હકીકતે આપણા સૂર્ય જેવો પણ વધુ તેજસ્વી અને બે તારાનો બનેલો યુગ્મ તારક છે. નરી આંખે તો એ બીજા વર્ગના સામાન્ય તારા જેવો જ દેખાય છે, પણ બરાબર ધ્યાન રાખીને જુઓ તો દર ચાર દિવસે એના તેજમાં સહેજ વધઘટ થતી જણાશે. □

પાકી તેમાંથી ખરતાં બી વડે નવા છોડ ઊગ્યા જ કરશે.

—(લોકજીવનમાં 'દઢબલ' અને 'ગુજરાત મિત્ર'માં જ. એ. કાનુગા)

શતાયુ વર્તમાનપત્રો–સામયિકો

ભારતનાં 'ન્યુસ પેપરોના રજિસ્ટ્રાર' તરફથી બહાર પડેલા ઈ. ૧૯૭૩ના અહેવાલ અનુસાર એ સાલમાં સો વર્ષ અને તેથી ઉપરની ઉમરે પહોંચીને અખંડ ચાલુ રહેલાં વર્તમાનપત્રો-સામયિકોની યાદી સમયાનુક્રમે નીચે મુજબ છે: એમાં ગુજરાતી ભાષાનું દૈનિક 'મુંબાઈ સમાચાર' જનામાં જનું હોઇ પહેલું આવે છે એ નોંધવું ગૌરવપ્રદ છે.

પત્ર	પ્રકાશન-વર્ષ
મુંબાઈ સમાચાર (ગુજરાતી) મુંબાઈ	૧૮૨૨
જામે જમશેદ (ગુજરાતી) મુંબાઈ	૧૮૩૨
ટાઈમ્સ ઑવ ઇંડિયા (અંગ્રેજી) મુંબાઈ	૧૮૩૮
કલકત્તા રિવ્યૂ (અંગ્રેજી) કલકત્તા	૧૮૪૪
તિનેવેલી ડાયોસીસન મૅગેઝીન (તમિળ) મદ્રાસ	૧૮૪૯
એક્ઝામિનર (અંગ્રેજી) મુંબાઈ	૧૮૫૦
ગાર્ડિયન (અંગ્રેજી) મદ્રાસ	૧૮૫૧
અ ઇંડિયા (પોર્ચુગીઝ) પણજી	૧૮૬૧
ખેડા વર્તમાન (ગુજરાતી) ખેડા	૧૮૬૧
જળગાવ સમાચાર (મરાઠી) જળગાવ	૧૮૬૩
ગુજરાતમિત્ર–ગુજ૦ દર્પણ (ગુજરાતી) સૂરત	૧૮૬૩
પાયોનીઅર (અંગ્રેજી) લખનૌ	૧૮૬૫
મેઈલ (અંગ્રેજી) મદ્રાસ	૧૮૬૭
અમૃતબજાર પત્રિકા (અંગ્રેજી) કલકત્તા	૧૮૬૮
યુ. એસ. આઈ. જર્નલ (અંગ્રેજી) દિલ્હી	૧૮૭૦
સત્ય વર્તમાની (અંગ્રેજી–તમિળ) મદ્રાસ	૧૮૭૦
ઇંડિયન વિટનેસ (અંગ્રેજી) લખનૌ	૧૮૭૧
સત્યશોધક (મરાઠી) રત્નાગિરિ	૧૮૭૧
સુબોધ-પત્રિકા (દ્વિભાષી) મુંબાઈ	૧૮૭૩

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૧/૧૯૪૮ વાસ્કો ડા ગામાના કાફલાએ પૂર્વ આફ્રિકાની કંઠારે મોઝામ્બિક ટાપુની શોધ કરી. સાન સેબાસ્ટિક દ મોઝામ્બિકના નામ પરથી એને અપાએલા નામમાંથી આગળ જતાં 'મોઝામ્બિક' જ માત્ર ટકી ગયું. પછી તો આફ્રિકાની તળ ભૂમિ પર પોર્ટુગીઝોએ જે પ્રદેશ સર કર્યો તે પણ આ જ નામથી ઓળખાતો થયો.

તા. ૨/૧૮૩૬ મેક્સિકોના ૫૯ જણના એક જૂથે ટેક્સાસ પ્રજાસત્તાકની સ્થાપના કરી. ઈ. ૧૮૪૫માં એ અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં જોડાઈ ગયું. ઈ. ૧૮૬૧માં એ સંયુક્ત રાજ્યોથી જુદું પડ્યું, ને ફરી ૧૮૭૦માં જોડાયું.

તા. ૩/૧૫૮૧ શીખોના પવિત્ર 'ગ્રંથ સાહેબ'ના સંપાદક ગુરુ અર્જુનદેવ ગાદીએ બેઠા.

વ્યક્તિવિશેષ

તા. ૭/૧૮૪૯ ખુદ કુદરત પણ ન કરી શકે એવી અવનવી ઉપયોગી વનસ્પતિઓ ઊપજાવી



માનવજાત પર મોટું ઋણ મૂકી જનાર વનસ્પતિશાસ્ત્રના અદ્ભુત કીમિયાગર અમેરિકન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બુરબૅંકનો જન્મ. નાનપણથી જ પિતા સાથે કારખાનામાં કામે જવા ઉપરાંત મામાની દ્રાક્ષની વાડીમાં વાવેતરના અવનવા પ્રયોગો કરતો. કામદારોની મહેનત બચાવે એવું એક યંત્ર અને પોતાને માટે એક સ્ટીમબોટ પણ એણે બનાવેલી. ડાર્વિનના એક પુસ્તકમાં વનસ્પતિઓનાં સંકરણ વિષે વાંચી એણે એવા પ્રયોગો આદર્યા અને, ક્ષયના દર્દને કારણે કારખાનું છોડી થોડો સમય સુતારીકામ કરી અંતે એણે સાન્ટા રોઝામાં બાગબાની કરવા માંડી, ધીરેધીરે પોતાના પ્રયોગો વધારતા જઈ ઉત્તમ પ્રકારના બટાટા અને તદ્દન ઝીણાં બી જેવડા ઠળિયા સાથે સફરજન જેટલા ગરવાળાં બોર બનાવ્યાં. થડ પાનનું પ્રમાણ ઘટાડી એનો રસકસ ફળોમાં ઉતાર્યો. પક્ષીઓ ઠોલી ન શકે એવી કઠણ છાલવાળાં ફળ નિપજાવ્યાં. કાંટાને કારણે અખાદ્ય થોરને કાંટા વગરના ખાદ્ય બનાવી કરોડોની કિંમતનો ફાયદો કરી આપ્યો. પોતાની સિદ્ધિઓનો આર્થિક લાભ પણ એણે જતો કર્યો. પ્રકૃતિ અને ઈશ્વરના કાર્યમાં હસ્તક્ષેપ કરવા બદલ સાન્ટા રોઝાના ધર્મગુરુઓએ એને દોષિત ઠરાવેલો, પણ એણે પોતાનું કામ તો જારી જ રાખ્યું. સ્ટૅનફર્ડ યુનિવર્સિટીમાં એ ઉત્ક્રાંતિવાદ પણ ભણાવતો. એનું કાર્ય જારી રહે એ માટે કાર્નેગી ટ્રસ્ટીઓએ એને બે હજાર પૌંડનું વર્ષાસન બાંધી આપેલું. ઈ. ૧૯૨૬ની ૧૧મી એપ્રિલે એનું અવસાન થયું.

તા. ૮/૧૯૧૭ પેટ્રોગ્રાડમાં રશિયન ક્રાંતિનો આરંભ થયો. ત્યારે એ રશિયાની રાજધાની હતું. બીજે વર્ષે ૧૯૧૮માં મૉસ્કો પાટનગર બનાવાયું ને ૧૯૨૪માં પેટ્રોગ્રાડને લેનિનગ્રાડ નામ અપાયું.

તા. ૧૫/૧૮૫૭ હિંદમાં હથિયારબંધી અને દેશી છાપાં સંબંધેનો કાયદો અમલમાં આવ્યો.

તા. ૧૯/૧૯૫૨ કલકત્તામાં ભારતની નવી ટંકશાળનું તે સમયના નાણાંપ્રધાન સી. ડી. દેશમુખે ઉદ્ઘાટન કર્યું. એશિયાભરમાં આવી એક જ ટંકશાળ છે.

તા. ૨૩/૧૮૫૪ હિંદુસ્તાનમાં પહેલવહેલી વીજળી નંખાઈ.

તા. ૨૪/૧૯૩૧ લાહોર કાવતરા કેસને અંતે ભગતસિંહ, રાજગુરુ ને સુખદેવને ફાંસી અપાઈ.

તા. ૨૫/૧૯૦૭ છેક સોળમી સદીથી ઇંગ્લૅન્ડમાં ચાલતા થએલા ગુલામોના વેપાર વિરુદ્ધ કાયદો ઘડી નાબૂદ કરવામાં આવ્યો.

પ્રસંગવિશેષ

તા. ૨૭/૧૬૬૮ ઈસ્ટ ઇંડિયા કંપનીએ મુંબાઇનો ટાપુ પટ્ટે મેળવ્યો. સૈકડો વર્ષ પૂર્વે સપ્તદ્વીપ નામે ઓળખાતા આ અને અન્ય ટાપુઓ પર દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓ, કોંકણના સરદારો, ગુજરાતનો ભીમદેવ અને ૧૪મી સદીમાં મુસલમાનો સત્તા ધરાવી ગએલા. એ પછી પોર્ટુગીઝોએ આ ટાપુ હાથ કર્યા અને ઇંગ્લૅંડના રાજાએ પોર્ટુગલની કુંવરી સાથે લગ્ન કરતાં એને કન્યાદાનમાં આપ્યા. પણ અહીં રહેતા રાજાના પ્રતિનિધિઓ અને ઈસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો વચ્ચે ટંટા ચાલતા. અંતે વાર્ષિક દસ પૌંડની ગણોતથી કંપનીએ આ ટાપુ હાથ કર્યા ને છેવટ રાણી વિક્ટોરિયાએ હિંદમાં પોતાનું સાર્વભૌમત્વ જાહેર કર્યા પછી અંગ્રેજ સરકારનો અમલ શરૂ થયો.



કેળવણીના પ્રચાર માટે એક શાળામાં ઉઘરાણું કરવા ગએલા પાદરીએ છોકરાઓને કહ્યું: 'તમે વિચાર તો કરો, આફ્રિકામાં સાઠ હજાર ચોરસ માઈલના વિસ્તારમાં છોકરાઓ માટે એકે નિશાળ નથી!' ને પછી આશાથી પૂછ્યું: 'તો આપણે આ ફંડ ભેગું કરીને શું કરવું જોઈએ?'

'સીધા આફ્રિકા પહોંચી જવું જોઈએ.' બધાં છોકરાં બોલી ઊઠયાં.

ઘર છોડી નાસી ગએલા એક છોકરાના બાપે છાપામાં જાહેરખબર આપી: 'ભાઈ ફલાણા, તું જ્યાં હો ત્યાંથી હાલ ઘેર આવી જજે; કારણ કે કાલે રૅશન-અધિકારી કાર્ડ પ્રમાણે માણસની ગણતરી કરવા આવવાના છે.'

પત્ની: તમને કદી એવી લાગણી થઈ છે કે હું કોઈ બીજે સ્થળે પરણી હોત તો સારું થાત?

પતિ: નહિ, હું કોઈનું બૂરું કરવા નથી ઇચ્છતો.

કંજૂસાઈમાં સ્કૉટ્સમેન-સ્કૉટલૅન્ડના લોકો—નો નંબર પહેલો આવે. એક રવિવારે ત્રણ સ્કૉટ્સમેન દેવળમાં ગયા. ત્યાં પ્રાર્થનાને અંતે પાદરીએ એક રાહતકાર્યમાં મદદ કરવા બહુ જ દર્દભરી અપીલ કરીને કહ્યું કે દરેક જણ ઓછામાં ઓછા પાંચ શિલિંગ તો આપશે જ. જેમ જેમ ઉઘરાણાની થાળી નજીક આવવા માંડી તેમતેમ પેલા ત્રણે ચિંગુસોને ગભરામણ થવા માંડી... અને જેવી થાળી નજીક આવી કે તરત એક જણ બેભાન થઈ ગયો—અને બીજા બે તેને ઉપાડીને બહાર લઈ ગયા!



પરને કાજે જે પંડને ખૂવે, રામને ખોળે જે શિર દઈ સૂવે,
એમની પાછળ એમને મૂવે, આભ ચૂવે ને ધરતી રૂવે.

—'ચાતક'

बंગાળી વિદ્વાન વિશ્વનાથ શાસ્ત્રી આદર્શ બ્રાહ્મણ હતા. એક સમયે તેમને કેટલાક પંડિતો સાથે વાદવિવાદ થયો. સામો પક્ષ હાર ઉપર આવ્યો એટલે તેમનામાંથી એક પંડિતે શાસ્ત્રીજીના મોં પર છીંકણીની દાબડી ફેંકી તેને ન ગણકારતાં મોં પરથી છીંકણી સાફ કરી શાસ્ત્રીજીએ શાંતિથી કહ્યું : 'આ તો પ્રસંગ બહારની વાત થઈ. માટે તે જવા દઈ હવે આપણે મૂળ વાત પર આવીએ.' શાસ્ત્રીજીનો સંયમ જોઈ સામા પક્ષે વધારે વાદ ન કરતાં તરત જ પોતાની હાર સ્વીકારી.

∽

અનેકાર્થી શબ્દ : ઢોલ = અંદરથી પોલા ખોખા પર ચામડું મઢી બનાવેલું વાદ્ય; ઢોલિયો, પલંગ; ઊંટ; બાદશાહી રાજચિહ્ન; કળશીનો ચોથો ભાગ; પાલી; ધાન્ય માપવાનું એક માપ —અઢી કે ત્રણ માપનું; વહાણના પરમણમાં બંધાતી લાતુની ગાંઠ; રેંટિયાનાં કાંગરાવાળાં બે માંહેનું કોઈ એક ચક્કર; શેરડી પીલવાના ચિચોડાના વળનું માદળિયું.

∽

કૉફીનું પીણું ઇથીઓપિયામાંથી મૂળ શરૂ થયું. ત્યાંથી તે અરબસ્તાન, ભારત, ઇજિપ્ત અને સીરિયામાં પ્રસર્યું. તે પછી ૧૭મી સદીમાં તે ઇંગ્લૅંડ–અમેરિકામાં લોકપ્રિય થયું.

∽

જે શીશીઓનો ઉપયોગ રોજ થતો હોય તેના બૂચને દોરી બાંધી તેને બાટલી સાથે બાંધી દો. નહિ તો વારંવાર બૂચને નીચે મૂકવાથી તેને ધૂળ લાગશે ને એ ધૂળ શીશીમાં જશે.

∽

વર્તમાનપત્રોના ક્ષેત્રમાં ભારતનું સ્થાન દુનિયામાં ચોથું છે : ચીનમાં સૌથી વધુ ૧૯૦૮ પત્રો નીકળે છે, યુ. સ્ટે. અમેરિકામાં ૧૭૬૧, પશ્ચિમ જર્મનીમાં ૧૦૯૮ અને ભારતમાં ૮૨૧.



અમેરિકામાં ઉમેરાએલું પચાસમું રાજ્ય હાવાઈ પૅસિફિક મહાસાગર વચ્ચેનું વીસેક ટાપુઓનું એક જૂથ છે. જેમાંનાં માત્ર આઠ ઉપર માનવવસતિ છે. એમાં મૌનાલોઆ નામનો હાવાઈ ટાપુ પરનો એક સજગ જ્વાળામુખી દુનિયાના એ પ્રકારનો મોટામાં મોટો જ્વાળામુખી છે.

∽

કહેવતોના અર્થ : 'આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો?'—ભાવિને ભરોસે કશું છોડયા વિના ચાલુ જીવન-આ જન્મારો સફળ ને સુખી કરી લેવાનો પુરુષાર્થ પ્રબોધતી આ કહેવતને મળતી બીજી જાણીતી કહેવત-કડી : 'આજનો લ્હાવો લીજીએ જી, કાલ કોણે દીઠી છે?'

उत्तमं स्वार्जितं भुक्तम् ।
मध्यमं पितुरार्जितम् ।
कनिष्ठं भ्रातृ–वित्तं च
स्त्री-वित्तं अधमाधमम् ॥

જાત-કમાઈનો ઉપભોગ સર્વશ્રેષ્ઠ છે, બાપની કમાઈ ભોગવવી એ મધ્યમ ગણાય, ભાઈના ધનનો ભોગ કનિષ્ઠ છે, અને સ્ત્રીધનનો ઉપયોગ તો અધમમાં અધમ મનાય છે.

અંકસંદર્ભ—'ત્રણ' : ત્રણ સ્થાન—આદિ, મધ્ય, અંત; ત્રણ લિંગ—પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ; ત્રણ નાડી-ઈડા, પિંગલા, સુષુમ્ણા; ત્રણ યોગ—ભક્તિયોગ કર્મયોગ, જ્ઞાનયોગ; ત્રણ રૂપ (સ્થિતિ)-ઘન, દ્રવ, વાયુ; ત્રણ પ્રાણીપ્રકાર–સ્થલચર, જલચર, ખેચર (આકાશચારી); ત્રણ મૂળરંગ-લાલ, પીળો, વાદળી; ત્રણ ધર્માધાર–શ્રુતિ, સ્મૃતિ, પુરાણ; ત્રિવિધા: ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર; ત્રણ વેદાંતપંથ—દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત.

∽


ઊનનું ગૂંથણકામ કરતાં પહેલાં તેને ઠંડા પાણીમાં બોળીને સૂકવી દઈ, પછી ગૂંથવા લેવું. એથી તે ચડવાનું કે વધવાનું હશે તે થઈ જશે, ને ગૂંથાયા પછી કપડું પોતાનું કદ બદલશે નહિ.

∽

સાપ કદી પોતાની આંખો બીડી શકતો નથી, કારણ તેને પોપચાં જ હોતાં નથી.

'અનિલ' લહરી — રતિલાલ 'અનિલ'

પેપર ન હોય છતાં પેપર-વેઈટ માગે તે 'સાહેબ' કહેવાય.
ભૂખ્યા પેટે ઊંઘ આવે એ 'વચગાળાની રાહત' કહેવાય.
દંડના બદલામાં ગુનો કરવાની છૂટ આપે તે કાયદો.
સાંકડી ગલીમાં મોકળાશથી મળે તે પ્રેમીઓ કહેવાય.
જેનો હાથ બેસી જાય તે કારીગર, હૈયું બેસી જાય તે પ્રેમી.
નેતા ન હોય તો કોઈ પ્રજા ગેરરસ્તે દોરવાતી નથી.
પરબડીનાં પારેવાં ધર્માદાના ચણા ખાઈને ગળાં ફુલાવે છે.



∆ લખોટી ગબડાવવાની રમત

←એક એક ફૂટની પહોળાઈની ત્રણ બાજુઓવાળો પાટિયાનો એક ત્રિકોણ કાપીને, તેની ત્રણે કિનારો ઉપર પૂઠાની કે પતરાની પટ્ટીઓ ખીલીઓ વડે જડી દો, જેથી તેમાંથી લખોટીઓ બહાર ગબડી ન પડે. પછી, એક બાજુ પર એકએક ઈંચના વ્યાસના ઊંડા ખાડા પાડીને તેમાં તે મુજબના અંક પાકા રંગથી લખો, ને છેલ્લે, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, અરધાઅરધા ઈંચને અંતરે હારબંધ ખૂંટીઓની માફક, નાની ખીલીઓ કે ગ્રામોફોનની રદ્દી પિનો પાટિયા પર જડી દો, એટલે લખોટીની રમતનું સાધન તૈયાર થયું. હવે, એક હાથમાં પાટિયાને ઢળતું રાખી, બીજે હાથે વારાફરતી પાંચ લખોટી આ છેડેથી સામેને છેડે આવેલી ગબીઓ તરફ ગબડાવો. જે જે ગબીમાં એ પાંચ લખોટી પડે તેમાંના આંકડાનો સરવાળો એ તમારો 'સ્કોર' થયો. બે-પાંચ મિત્રો ભેગા થઈને આ રમે. તેમાં જે વધુ 'સ્કોર' કરી જાય તે જીત્યો ગણાય.

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૯૯થી

બ્રહ્મદેશ રંગૂનમાં ડૉ. પ્રાણજીવનજગજીવન મહેતા અને તેમનો પરિવાર ગાંધીજીના આંદોલનથી લઈને તે નેતાજીના સશસ્ત્ર યુદ્ધ સુધી ભાગ લેતા રહેલા. ગાંધીજી તથા જવાહરલાલજીને જ્યારે બ્રહ્મદેશ જવાનું થતું તે વખતે તેમનો ઉતારો અચૂક ડૉ. મહેતાના મોટા બંગલે રહેતો એવું શૈશવ કાળનું સ્મરણ છે.

ડૉ. મહેતાના અવસાન બાદ પ્રખર દેશદાઝની કૌટુંબિક પ્રણાલિકાથી તેમનાં પુત્રવધૂ લીલીબેન છગનલાલ મહેતાએ બીજા વિશ્વયુદ્ધ વખતે, બર્મામાં રહી જવાથી નેતાજીને ઝાંસી રાણી રેજિમેન્ટ ઊભી કરવામાં તન, મન અને ધનથી ફાળો પ્રદાન કરેલો. બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ અને બ્રહ્મદેશ તથા ભારતના સ્વાતંત્ર્ય સાથે લીલીબહેનને અત્યંત કપરા ને વિપરીત સંયોગોનો સામનો કરતાં મેં જોએલાં. કદાચ માનવી ચિત્તમાં રહેલો 'સિનિક' કહેશે કે અતિ તીવ્ર દેશદાઝનું આ પરિણામ !

(જલગાંવ) —હરખચંદ મૂળજી

'મુંબાઈ', 'પલની' અને બીજું

કિશોરવયથી—એટલે કે લગભગ ૪૫ વર્ષથી 'કુમાર'નો વાચક-પ્રશંસક છું. મારી જાણ મુજબ ફક્ત 'કુમાર'માં જ 'મુંબઇ'નું 'મુંબાઇ' લખાય-છપાય છે. છેલ્લાં પાંચ દશ વર્ષથી 'મુંબાઇ' છપાતું આવે છે. પહેલેથી જ છપાતું હોય તો યાદ નથી. આશા હતી કે કોઈ સાક્ષર ભાષાશાસ્ત્રી આ બદલ ધ્યાન દોરશે અને કદાચ કોઈએ આ બાબત પ્રશ્ન ઉઠાવેલ હોય-ચર્ચા કરી હોય તો મારી જાણમાં નથી. બાલ્ય વયથી શાળાનાં પુસ્તકોમાં 'મુંબઇ' લખાતું-છપાતું જાણ્યું છે. બોલવામાં પણ 'મુંબઇ' જ બોલાય છે, 'મુંબાઇ' નહિ. મુંબઈમાં ૪૦ વર્ષથી રહું છું પરંતુ ક્યાંય 'મુંબાઇ' બોલાતું, લખાતું, છપાતું જાણ્યું નથી. ગુજરાતીમાં 'મુંબઇ' પ્રચલિત છે. મરાઠીમાં 'મુંબઇ' અથવા 'મુમ્બઇ' લખાય છપાય છે. હિંદીમાં બંબઈ અથવા બમ્બઇ અને અંગ્રેજીમાં બૉમ્બે લખાય-છપાય છે. કદાચ ઐતિહાસિક અથવા શબ્દકોશની દૃષ્ટિએ 'મુંબાઇ' સાચું હોય તો પણ સર્વ સ્થળે 'મુંબઇ' બોલાય, લખાય અને છપાય છે તો શા માટે 'કુમાર'માં અપવાદ હોવો જોઇએ ?

'કુમાર'ના સંસ્થાપક તથા કલાગુરુ શ્રી રવિશંકર રાવળના આત્મકથાનકથી અનેક સંસ્મરણો તાજાં થાય છે. આત્મકથાનક તો શ્રી ર. મ. રા. નું જ છે, છતાં દરેક વાચકને પોતાના સમય તથા સમાજનું દાર્શનિક આત્મકથાનક હોય તેટલું તાદાત્મ્ય-આત્મીયતાવધતી ઓછી અનુભવાતી હશે. મને એવા અનુભવ થવાનો આનંદ છે. તેઓ દેશકાળ, વ્યક્તિવિશેષ તથા પ્રસંગો અને પ્રકૃતિનું સરસ વર્ણન આપે છે. પરંતુ દરેક વખતે તવારીખ (વર્ષ-માસ) નથી દર્શાવાતી તેનું આશ્ચર્ય થાય છે. દરેક વખતે પ્રસંગો વર્ણવતાં ચોક્કસ તારીખ-તિથિ લખવી કદાચ આવશ્યક ન હોય તો પણ વર્ષ-માસ જણાવવાં આવશ્યક છે, જેથી આવતી કાલની પેઢીને તે સમયકાળના પ્રસંગો સમજવા સહેલા પડે, તેમજ કોઈ ને કોઈ વાચક જેને પ્રસંગો અથવા પાત્રો સાથે સીધો—આડકતરો સંબંધ હોય તેની સ્મૃતિ તાજી થાય. દા. ત. 'કુમાર' અંક ૬૧૫ (માર્ચ ૧૯૭૫)ના ૯૬મા પાને કલાકાર શ્રી ભીખુભાઈ આચાર્યનો ઉલ્લેખ છે. શ્રી ભીખુભાઈ તથા હું જૂનાગઢ હાઈસ્કૂલમાં ઈ. ૧૯૩૨-૩૩માં સહાધ્યાયી હતા અને અમારી વચ્ચે આછી પાતળી મિત્રતા હતી, જે કદાચ ભીખુભાઈને યાદ ન હોય પરંતુ મને યાદ છે. શ્રી. ર. મ. રા. નોંધે છે કે ભીખુભાઇને ત્યાં તેમનાં માતુશ્રીએ ભોજનસમારંભ કરી ભાવભર્યો સત્કાર કર્યો, તેમાં સાથોસાથ વર્ષ-માસ અને શક્ય હોય તો તારીખ જણાવી હોત તો વાચનનો વધારે આનંદ આવત અને મારા જેવા વાચકની કિશોરાવસ્થાની વિદ્યાર્થી જીવનની યાદગીરી તાજી થાત.

ઑક્ટોબર(૬૨૨મા) અંકના પાના ૪૦૭માં શ્રી ર.મ.રા. એ શ્રવણ બેળગોળામાં ગોમટેશ્વર વિષે જે લખ્યું-નોંધ્યું છે તેમાં કંઈક સ્મૃતિદોષ, સરતચૂક દેખાય છે. પહેલું તો 'પલની' અને 'શ્રવણ બેળગોળા' બન્ને સ્વતંત્ર જુદાંજુદાં યાત્રાધામો છે. જે વર્ણન આપ્યું છે તે શ્રમણ બેળગોળાનું છે એટલે 'પલની' મથાળું અસ્થાને છે. 'પલની' મદ્રાસ-તામીલનાડુ—રાજ્યના મદુરાઇ જિલ્લાનું શિવપુત્ર સુબ્રહ્મણ્ય ભગવાનનું પ્રખ્યાત યાત્રાધામ, કોડાઈ કેનાલ પર્વતમાળામાં આવેલું છે અને શ્રવણબેળગોળા દક્ષિણે લગભગ ૨૫૦/૩૦૦ માઇલે છે. શ્રવણ બેળગોળા કર્ણાટક રાજ્યમાં જૈનોનું વિખ્યાત યાત્રાધામ છે અને 'પલની' હિંદુ યાત્રાધામ છે. હું શ્રવણ બેલગોળા ૧૯૫૭ તથા ૧૯૭૦માં પ્રવાસયાત્રાએ જઈ આવ્યો છું. વિશેષમાં શ્રી. ર. મ. રા. લખે છે કે હું તથા ડૉ. હરિપ્રસાદ પ્રતિમાના મસ્તક સુધી પગથિયાં ચડી પહોંચી ગયા ! જે ગોમતેશ્વર-બાહુબલી-ભુજબલી પ્રતિમામૂર્તિનું પૂજનઅર્ચન થાય છે અને જે ૫૮ ફૂટ ઊંચી છે તેના મસ્તક સુધી પહોંચવું ચડવું તદ્દન અશક્ય, અસંભવિત છે. સત્ય આ પ્રમાણે છે-હોવું જોઈએ. શ્રવણ બેળગોળા ગામના ઈંદ્રગિરિ-ઈંદ્રપુરી નામની લગભગ ૫૦૦ ફૂટ ઊંચી ટેકરી ઉપર ગોમટેશ્વરની વિરાટ અલૌકિક પ્રતિમામૂર્તિ આવેલી છે અને તેની ચારે તરફ ફરતો નાનો કાંગરાવાળો કોટ આવેલો છે. પ્રતિમા મૂર્તિ અને કોટ વચ્ચેનું અંતર પંદર-વીસ ફૂટનું છે અને કોટ પણ વીસ ફૂટથી વધારે ઊંચો નથી. પગથિયાં ચડી કોટની રાંગ ઉપર તથા અગાસી ઉપર જવાય છે અને ત્યાંથી પ્રતિમાનું સારું નિરીક્ષણ થઈ શકે છે, પ્રતિમા સન્મુખ કોટની મોટી અગાસી છે તેથી સારી રીતે પ્રતિમાનું શિલ્પ વિગતવાર જોઈ શકાય છે. શ્રી ર. મ. રા. જ્યાં ચડીને પ્રતિમાનું નિકટ દર્શન કર્યાનું જણાવે છે તે આ અગાસી સુધીનાં પગથિયાં નહિ કે મસ્તક સુધીનાં પગથિયાં.

'કુમાર'માં લગભગ નિયમિતપણે શિલ્પ, સ્થાપત્ય, ઐતિહાસિક વ૦ વિષયો વિષે વિદ્વાનોના સુંદર લેખો આવે છે જે મારા જેવા જિજ્ઞાસુને આનંદ આપે છે. હાલમાં 'વાચકો લખે છે' એ કટારમાં સર્વશ્રી મધુસૂદન ઢાંકી, નરોત્તમ પલાણ તથા અન્ય વિદ્વાનોની ચર્ચાસ્પદ વિષયોની ચર્ચાથી ઘણું જાણવા મળે છે, પરંતુ વિદ્વાનો ચર્ચામાંથી વાદવિવાદ ઉપર ઊતરી પડે છે ત્યારે ખિન્નતા અનુભવાય છે. ઐતિહાસિક બાબતો ચોક્કસ પુરાવાના અભાવે ચર્ચાસ્પદ રહેવાની જ; એટલે અભ્યાસીઓ, વિદ્વાનો ચર્ચાવિચારણા જરૂર કરે પરંતુ 'વાદવિવાદ' બને તેટલો ઓછો કરે તો સારું.

(મુંબાઇ) —(ડૉ.) મનસુખલાલ દે. પંચમીઆ

[*'મુંબાઇ' બાબતનો ખુલાસો અગાઉ અપાઈ ગયો છે. શબ્દના મૂળ સ્વરૂપને બને ત્યાં સુધી વળગી રહેવાની 'કુમાર'ની નીતિ છે; ને 'મુંબાઇ' શબ્દ એ શહેર જ્યારે ગામડું હતું ત્યારની એની આદિ ગ્રામદેવતા 'મુંબાઆઇ' (મુંબાદેવી)ના નામ ઉપરથી આવેલો છે. પલની-શ્રમણ બેળગોળાનો ગોટાળો, અન્યત્ર એક પત્ર નીચે જણાવ્યું છે તે પ્રમાણે વય ને તબિયતને કારણે થએલા સ્મૃતિદોષનું પરિણામ છે.]

જાતિ નહિ ધર્મ

'કુમાર'માં ભૂતકાળમાં થઈ ગએલ મહાન વિભૂતિઓ અને ધર્મ વિષે આવતાં ચર્ચા પત્રોમાં મંતવ્યો વાંચીને સારો એવો રસ પડે છે. જૈનધર્મ અને ભગવાન મહાવીર વિષે પંડિતો ગમે તે દલીલો કરે પણ એટલું તો ચોક્કસ છે કે જૈન ધર્મ અને ભગવાન મહાવીર હિંદુસ્તાનમાં જ જન્મ્યા હતા. અને હજારો વર્ષ પહેલાં હિંદુસ્તાનમાં રહેતા લોકો જે ધર્મ પાળતા તેને અહીં 'સનાતન ધર્મ' અને પરદેશીઓ 'હિન્દુ ધર્મ' કહેતા કારણ કે તે હિંદુસ્તાનમાં રહેતા લોકો પાળતા. તે સમયે જે લોકો દ્વારા જૈન ધર્મનો ઉદય થયો તે હિંદુસ્તાનના લોકો જ હતા અને પહેલાં તેઓ સનાતન ધર્મ જ પાળતા. જૈન એક ધર્મ છે, જાત નથી. જાત તરીકે જૈન લોકો હિન્દુ જ છે. આવી ચર્ચાઓ કર-

વાથી દેશ, ધર્મ અને માનવજાતને કોઈ ફાયદો નથી થયો પણ વધુ નુકસાન જ થયું છે. આપણા ધર્મશાસ્ત્રીઓ, પંડિતો ને ઇતિહાસકારોને વિનંતી કરું છું કે આવી ચર્ચાઓમાં સમય ન ગુમાવતાં આજે આપણા દેશને જેની જરૂર છે તેમાં તમારી શક્તિ વાપરશો તો દેશ અને ધર્મની આદર્શ સેવા કરી કહેવાશે.

(હૉંગકૉંગ) —જે. સી. ઝવેરી

જૈન ધર્મ

ડિસેમ્બર અંકમાં જૈન ધર્મ વિષે દીપક દોશીનું ચર્ચાપત્ર વાંચ્યું. સર્વને દ્વેષયુક્ત ઠરાવતા જતા શું આપણે જ દ્વેષયુક્ત નથી બનતા. કોણે કોનામાંથી સેરવી લીધું છે, તેના સંદર્ભમાં નીચેની વિગતો ટાંકું છું: (૧) દ્રૌપદી, કુન્તી, તારા, મંદોદરી વગેરેનું સાધ્વીમાં રૂપાંતર; (૨) રામ-સીતાથી છેક ભીષ્મ સુધી બધા જ જૈન (૩) હિંદુ ધર્મનાં લગભગ બધાં જ પાત્રોએ દીક્ષા લીધેલી–જૈન ધર્મે જ તેમનો ઉદ્ધાર કરેલો. તેનો ઉલ્લેખ. અંતે એટલું જ કે ઘઉંમાંથી કાંકરા ક્યાં સુધી વીણી શકાય? ઘઉંનો જથ્થો વિપુલ હોય ત્યાં સુધી જ ને?

(વીરમગામ) —રશ્મિ પંચોલી

[● આ ચર્ચા બંધ કરવામાં આવે છે.]

લઘુકથા અને બીજું

ડિસેમ્બર અંકમાં પથરાએલી વિવિધ સામગ્રી જોઈને પડેલી નજરે આંખ ઠરી. દર માસે આવતી લઘુકથા અનેરી ચોટ જમાવે છે જ. તેમાં યે ઉમેરો કર્યો આ માસમાં આવેલ 'માનો ખોળો' એ સામગ્રીએ–આને લઘુકથા કહેવી? કે પછી જીવનમાં માનવની મ્હેક પથરાવતી એક પરિમલ? દર માસે, માનવ જીવનમાંથી ઉપલબ્ધ બનેલાં આવાં લખાણો આપતા રહેશો તો જીવનની કઠણાઈમાં જીવતા છતાં યે અનેક માનવ રત્નો કેવી મ્હેક ફેલાવે છે એનું દિશાસૂચન નવી પેઢીને જરૂર માર્ગદર્શક બની રહેશે. 'કાર્લિગો' આ ક્ષેત્રમાં જ આવે ને? 'દટાએલું ધન' પણ નવો પ્રકાશ રેલાવી જાય છે.

'વાચકો લખે છે' એ વિભાગ સદા યે રસપ્રદ અને પૂર બહારમાં ખીલતો રહ્યો છે. એમાં શ્રી મધુસૂદન ઢાંકી અને શ્રી નરોત્તમ પલાણ જેવા વિદ્વાનો એકબીજાનાં લખાણો અને સંશોધનો પરત્વે ક્ષતિઓ દર્શાવ્યા કરે છે એના કરતાં પ્રાચીન ઇતિહાસ અને શિલ્પ સાહિત્ય પર સ્વતંત્ર લેખો આપી 'કુમાર'ના વાચનક્ષેત્રનો ફલક વધારે વિસ્તૃત ન બનાવી શકે?

કાવ્યવિભાગના અંતે અપાએલી ટૂંકી નોંધ કાવ્ય સમજવામાં ઘણી ઉપયોગી નીવડી. કાવ્યના અંતર્ગત વિચાર પ્રત્યે અંગુલિનિર્દેશ કરતી આવી નોંધ દર માસે આપવા વિનંતી.

(મોરબી) —પ્રવીણચંદ્ર જી. ભાણુસાલી

સાહસકથાઓ

ડિસેમ્બર અંકમાં શ્રી કિસ્મત કુરેશીની 'ઑસ્ટ્રેલિયાની આરપાર'ની કથા ઘણી ગમી. લેખકે સાદી ભાષામાં એક સુંદર સાહસકથા લખી ગુજરાતી સાહિત્યની સેવા કરી છે તે માટે તેમને તથા આવું સાહિત્ય પ્રકટ કરવા માટે 'કુમાર'ને અભિનંદન. ગુજરાતી સાહિત્યનું સાહસપ્રેરક કથાઓનું આ અંગ ખાસ વકસિત નથી—મારી નમ્ર દૃષ્ટિએ. 'કુમાર' નિયમિત રીતે આવી કથાઓ પ્રકટ કરતું રહે તો આપણા ગુજરાતી યુવાનોને જરૂર પ્રેરણા મળે.

શ્રી કિસ્મત કુરેશીનો પરિચય આપશો.

(મુંબાઈ) —ચંપકલાલ મારફતિયા

[● જુઓ અંક ૬૧૧માં ઊર્મિની ઓળખ.]

રોઝીક્રુસિયન સોસાએટી

થીઓસૉફિકલ સોસાએટી વિષે લખતાં શ્રી અશોક હર્ષે, 'રોઝીક્રુસિયન સોસાએટી' વિષે ઈશારો કર્યો છે. 'રોઝીક્રુસિયન સોસાએટી' વિષે ખાસ કંઈ સાંભળ્યું નથી. જેના વિષે સાંભળ્યું છે તે પણ કંઈક એવા જ નામે છે: (તેમની વચ્ચે કંઈક સંબંધ છે કે કેમ તેની જાણ નથી) 'રોઝીક્રુસિયન ઑર્ડર' જેને ટૂંકમાં AMORC એટલે કે Ancient and Mystical Order Rosae Crucisને નામે ઓળખવામાં આવે છે.

આ સંસ્થા AMORC ઈ. સ. પૂર્વેની સંસ્થા હોવાનું જણાવાય છે, અને તેને ૧૭મા સૈકામાં જર્મનીમાં પુનર્જીવિત કરાઈ હોવાનું કહેવાય છે. વળી તે સારા જગતમાં ફેલાએલી અને જગપ્રસિદ્ધ હોવાનો દાવો કરવામાં આવે છે. તેના સભ્યો તરીકે અતિ જૂનાં અને જાણીતાં નામો આગળ ધરાય છે. આ બધું બાજુએ મૂકીએ તો પણ માન્ય ડિક્શનેરીમાં Rosicrucan શબ્દનો ઉલ્લેખ મળે છે.

શ્રીમન્ નૃસિંહાચાર્યજી ઉપર આ સંસ્થાની અસર કંઈક સારી પડી હોય તેવું કોઈ લખાણમાંથી લાગે છે. પણ આ તો સંશોધન અને interpretationનો વિષય છે.

(વલ્લભ વિદ્યાનગર) —એ. કે. દેસાઈ

થીઓસૉફી અને કૃષ્ણમૂર્તિ

જગતભરના સાઠ દેશોમાં પ્રસરેલી થીઓસૉફી ને કૃષ્ણમૂર્તિએ પ્રબોધેલાં સત્યો બંનેમાં સમાન સંશોધનાત્મક વલણ અખત્યાર થએલું જણાશે. પંથ જુદા પણ ધ્યેય એક. ઈ. ૧૯૨૫માં 'ભારત સમાજ પૂ[illegible]ના થીઓસૉફીમાં કૃષ્ણમૂર્તિએ દાખલ કરેલાં એ આજ પણ ભારતભરનાં થીઓસૉફિસ્ટ કેન્દ્રોમાં રસપૂર્વક વ્યાપક બની રહ્યાં છે. વળી દુનિયાભરના દેશોમાં જ્યાં જ્યાં કૃષ્ણમૂર્તિનાં પ્રવચનો થાય છે ત્યાં પણ થીઓસૉફિસ્ટોનો વિશાળ સમુદાય ઉત્સાહથી હાજરી આપે છે. સમયના અભાવે એ ગુજરાતમાં પ્રવચનો અર્થે જઈ

શકતા નથી, પણ મુંબાઈના એમના વાર્તાલાપોમાં ભાગ લેવા સૂરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, પોરબંદર ને અનેક સ્થળેથી થીઓસૉફિસ્ટો ખાસ આવે છે. વળી એમના શરૂઆતના અને ત્યાર પછીના થીઓસૉફિસ્ટ પ્રમુખોએ પણ એમને સન્માન્યા છે, એટલું જ નહિ પણ ડૉ. ઍની બિસન્ટ જેવાં સિદ્ધહસ્ત ને સમર્થ પ્રમુખે પણ એમને કહેલું કે 'you are my son and also you are my guru.' એ પણ કૃષ્ણમૂર્તિનાં સત્યોને સમજવા પ્રયત્ન કરતાં આમ બંનેનાં વ્યાપક સ્વરૂપોમાં આવરવા કે છાવરવા જેવું કશું નથી.

(સાન્ટાક્રુઝ–મુંબાઇ) —ચંપકલાલ મહેતા

રઘુ નહિ પણ દિલીપ

અંક ૬૨૪માં વિ. સ. ખાંડેકરનું જીવન-વૃત્તાન્ત આલેખતા શ્રી વસંત જોષીના ધીરગંભીર માહિતીપ્રચુર લેખમાં એક હકીકતદોષ ઉપર આપનું ધ્યાન દોરું છું. શ્રી વસંત જોષી લખે છે: કાલિદાસે રઘુ રાજાનું વર્ણન કર્યું હતું કે મગરો અને રત્નો ધરાવતા સમુદ્રની માફક રઘુ 'અધૃષ્ય પણ અભિગમ્ય' હતો.

વાસ્તવમાં, આ વર્ણન રઘુ માટે નહિ પણ રઘુના પિતા દિલીપને અનુલક્ષીને છે. મૂળ શ્લોક આ પ્રમાણે છે:

'भीमकान्तैर्नृपगुणैः स बभूवोपजीविनाम्।
अधृष्यश्चाभिगम्यश्च यादोरत्नैरिवार्णवः ॥

(રઘુવંશ, સર્ગ ૧, શ્લો. ૧૬)

રઘુવંશના પહેલા અને બીજા સર્ગમાં રઘુના પિતા દિલીપનું વર્ણન છે, જ્યારે રઘુનું વર્ણન ત્રીજા સર્ગથી માંડી પાંચમા સર્ગ સુધી છે.

(વરધરી: પંચમહાલ)—લક્ષ્મીશંકર અ. જોષી

તફડંચી નહિ-Coincidence

અંક ૬૨૫માં 'ફરી પછું એકનું એક શીર્ષક' એ અંગે શ્રી ત્રિભુવનભાઈ હેમાણીએ ઉતાવળા થઈને, ખુલાસો મેળવવાનો શ્રમ ન લેતાં, 'પ્રેરણાપીયૂષ' શીર્ષક તફડાવી લેવાનું જે અનુમાન જ નહિ પણ આરોપ કર્યો છે તે યોગ્ય નથી. આપે ફુટનોટમાં ખુલાસો કર્યો છે કે એ તફડંચી નહિ પણ પ્રામાણિક ભૂલ પણ હોય. આપના એ ખુલાસા માટે આભાર. પણ આથી આગળ જઈ એમ જણાવી શકું કે એ 'ભૂલ' પણ ન લેખાય; કારણ એ શીર્ષકની મને જાણ હોય છતાં જો તેનો ઉપયોગ કરું તો 'તફડંચી' જરૂર લેખાય; પરંતુ તેની જાણ જ ન હોય ને 'પ્રેરણાપીયૂષ' શબ્દો પ્રમાણમાં પ્રચલિત હોતાં તે શબ્દો કોઈ પસંદ કરે તો તેમાં તે ભૂલ પણ ન ગણાય, એમ મને નમ્રપણે લાગે છે. અમુક શીર્ષકની અણજાણમાં તે જ શીર્ષક–તે જ શબ્દો પસંદ કરાયા હોય તો તે ભૂલ ન ગણાય. તેવાં coincidence અશક્ય નથી.

(નડિયાદ) —નંદુભાઈ શાહ

[* આપની વાત ખરી છે. આપની એ 'ભૂલ' નહિ પણ Coincidence જ ગણાય.]

ચહેરા પરના મસા

ચહેરા પરના મસા અંગે મારો અનુભવ જુદો છે. Infections warts—ચેપી મસાને ચૂનાથી બાળીને કાઢવા નહિ; નહિ તો વધશે. ઉપરાંત મોટા ડાઘા રહી જશે મને થયા ત્યારે ૧) ચૂનો ૨) Acids 3) વાળથી કાપ-

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication . . .	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication . .	Monthly
3. Printer's Name & Nationality . .	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name & Nationality . .	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name & Nationality . .	Bachubhai P. Rawat Indian
Address	1454 Raipur, Ahmedabad-1

6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.

(1) Chinubhai C Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chambers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society' Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8 (22) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Pragati' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (23) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (24) Hiralal Harilal Bhagwati, 1 69 New Cloth Market, Ahmedabad-2 (25) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of Feb. 1976

Sd./ B. Rawat, Publisher

વાનું ૪) મુંબાઈના બધા skin specialist- consult કરી electric barning પણ કર્યું. ચેપી મસા હશે તો આ ચાર ઉપાયોથી વધશે અને ખૂબ હેરાન થવાશે. Medicineનાં થોથાં ઉથલાવ્યાં ત્યારે વાંચ્યું કે They will go in the same way they came. ઉપલા ઉપાયોથી વધ્યા. North Indiaમાં આ એક વારે બધાને થઈ જાય છે અને મટે છે—ઉપાય વગર ઓરી અછબડાની જેમ. તે મટે એ માટે એક family doc.ની સલાહ મુજબ રાત્રે. સૂતાં અને સવારે નાહીને ગરમ પાણીથી મોઢું ધોઈને Hirudoid Ointment, Made in India by Neo-Pharma Ltd. ઘસ્યું. અઠવાડિયા સુધીમાં બધું ગેબ, વાચકોના લાભ માટે નોંધી લેશો.

(મુંબાઇ) —કિશોર સૂતરિયા

'મારી માન્યતા'માં હકીકતદોષ ૧

ડિસેમ્બર અંકમાં 'મારી માન્યતા' વિભાગમાં મારા વિષે એક હકીક્તદોષ છે. મારો પરિચય આપતા લખાણમાં જ્યાં 'ભારત સ્કાઉટ અને ગાઇડ સંસ્થાનાં ચીફ કમિશનર પદ પર નવ વર્ષ સેવા આપી' પ્રકટ થયું છે તેને બદલે નીચે પ્રમાણે જોઇએ :

'ભારત સ્કાઉટ અને ગાઈડ સંસ્થાના સ્ટેટ કમિશનર ગાઈડ તરીકે નવ વર્ષ સેવા આપી. અને આ કાળ દરમ્યાન તે વખતના ચીફ કમિશનર શ્રી નોશીર પંડોળ છ માસ માટે પરદેશ જતા હોઇને તેટલો સમય તે જવાબદારી સંભાળી હતી.'

(મુંબાઇ) —પૂર્ણિમા પકવાસા

૨

ફેબ્રુ. 'કુમાર'માં મારા પરિચયમાં હું પદ્મશ્રી છું તેવું લખાયું છે. હકીકતમાં તેમ નથી.

(સણોસરા) —મનુભાઈ પંચોળી

સમજ પડે છે અને નથી પડતી

તમારું માસિક ખરેખર કલાસામયિકોમાં ઉત્તમ છે એના ઘણા અંકો પર એમ લખવામાં આવ્યું હોય છે કે 'આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક' અથવા 'આવતી કાલનાં નાગરિકોનું માસિક.' આનો અથ એ જ થાય ને, કે આ માસિક લગભગ ૧૪થી ૨૦-૨૫ વર્ષનાં ભાઈ બહેનો માટેનું છે. પછી ભલે તેને મોટેરાંઓ—આજનાં નાગરિકો—વાંચે આનો અર્થ એ પણ થાય કે આ માસિકમાં આવતી કાલનાં નાગરિકોનું યોગ્ય ઘડતર કરનારા લેખો આવે છે. જો એમ હોય તો એ બાબત હું તમારી સાથે પૂરેપૂરી સંમત થતી નથી.

મારો ખયાલ એવો છે કે આ માસિકમાંના બધા જ લેખો આવતી કાલનાં નાગરિકો માટે નથી આવતા; અથવા તો તેની ભાષા વધુ અઘરી લાગે છે. કોઈક કોઈકમાં તો અંગ્રેજીનું જ્ઞાન હોવું જરૂરી બની જાય છે. દા. ત. 'અંગ્રેજી સાહિત્યનું આચમન.' એ શ્રી મધુસૂદન પારેખની લેખમાળામાં આગળના લેખો વાચ્યા વગર રસ પડતો નથી. તેમાં અમને આવતી કાલનાં નાગરિકોને ખાસ વિશેષ રસ નથી પડતો. વળી 'પ્રાચીન સિક્કા'ના લેખક જાણીતા ઇતિહાસકાર ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી છે. તેમના આ 'પ્રાચીન સિક્કા' બાબતના લેખો ફક્ત ઇતિહાસકારોને જ સમજી શકાય એવા લાગે છે. અમને તો એમાં થોડીઘણી જ **સમજ પડે છે.** જો અમે આવતી કાલનાં નાગરિકો હોઈએ અને આ માસિક તેઓ માટેનું હોય તો એમને આ લેખોમાં વધુ સમજ પડવી જ જોઈએ. પણ એમ નથી બનતું તો તેનું કારણ શું ?

વળી 'વાચકો લખે છે' એ વિભાગમાં પણ મોટેરાંઓ જ બધી ચર્ચા કર્યા કરે છે—મોટે ભાગે ઇતિહાસ બાબતની જ. તો અમને તેમાં કંઈક વધુ સમજણ પડે, ભાગ લેવાની તક મળે એવું કાંઈક ન કરી શકાય ?

'કુમાર'માં વ્યક્તિ જીવન-પરિચય ખરેખર સારાં આવે છે. વાર્તાઓની ભાષા ગમે છે. 'કલાવાર્તા'માં વધુ તો નહિ પણ સારી એવી સમજણ પડે છે,

(મુંબાઈ-૬૬) —રૂપા સી. મહેતા (ઉ. વ. ૧૪)